
કુમાર

આવતી કાલનાં નાગરિકોનું માસિક


સંસ્થાપક · રવિશંકર રાવળ

જાન્યુઆરી ૧૯૪૬
૨૬૫



સરસ્વતી · (બ્રિટિશ મ્યૂઝિયમમાંનું ૧૦મી સદીનું ગુર્જર-રાજસ્થાની શિલ્પ) રેખાંકન : સરિતાબહેન નાણાવટી

તંત્રી
બચુભાઈ રાવત



ગોધન (ચિત્રકાર · સોમાલાલ શાહ) (કુમાર · જાન્યુઆરી ૧૯૪૬)



પ્રકાશન તા. ૧૯-૧-૧૯૪૬

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો


વિભાગો તથા પ્રકીર્ણ

ગ્રાહકોને

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે નિયમિત બહાર પડે છે. એટલે તે અરસામાં અંક ન મળે તો તરત એકાદ અઠવાડિયામાં તેની ફરિયાદ કરવી. બધા અંકો બે વખત ચેક કરીને ખૂબ તકેદારી-પૂર્વક પોસ્ટ કરવામાં આવે છે; છતાં અકસ્માતે ગુમ થએલા અંકોના ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે હમેશાં પ્રયત્ન કરીએ છીએ. પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઇ કરી આપવાનું કાયદેસરનું કશું બંધન અમારે માથે રહેતું નથી તેની ગ્રાહકોએ કૃપા કરી નોંધ લેવી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત, મુદ્રણ-પ્રકાશનસ્થાન કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક લવાજમ રૂ. ૬; પરદેશમાં રૂ. ૭-૮-૦ અથવા ૧૨ શિલિંગ છુટક નકલના દસ આના.

જાહેર ખબરના સોલ એજન્ટ : મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટિ બ્યૂરો, મહેતા બિલ્ડિંગ, મેડોઝ સ્ટ્રીટ, મુંબાઇ–૧; અમદાવાદમાં મૉડેલ ટૉકીઝ સામે, ગાંધીરોડ.



દેશદેશના જોડા : માણસના પોશાકની માફક જોડાએ પણ દેશદેશમાં અને યુગયુગમાં વિવિધ રૂપો ધારણ કર્યાં છે. એના વિવિધ ઘાટ જેમ દેશદેશનાં હવામાન તથા જરૂરિયાત પ્રમાણે રચાયા છે, તેમ તેની બનાવટનાં સાધનોની પણ તેના ઘાટ પર અસર થઈ છે. પછી તો માનવીએ પોતાની રસવૃત્તિ પ્રમાણે એને શણગાર્યા; અને રૂઢિના ચીલામાં પડતાં, પશ્ચિમી સ્ત્રીઓના ઊંચી એડીના, તથા ચીની સ્ત્રીઓના પગને કોચલું વાળતા સાંકડા ઘાટ પણ એના ઘડાયા. ઉપરનાં ચિત્રો પરથી જણાશે કે હિંદ વગેરે દેશો કરતાં ઠંડા મુલકોમાં જોડાની વિશેષ જરૂર હોવાથી ત્યાં જ તેના પ્રકારોનું વૈવિધ્ય વિકસ્યું છે; જ્યારે પૂર્વના દેશોમાં સામાન્ય જીવનમાં એની બહુ જરૂર ન હોવાથી તેના ઘાટમાં ઝાઝા ફેરફારો પણ થયા નથી. સૌથી ઉપલા ખૂણે બતાવેલા પુરાતન ઇજિપ્તના સૅન્ડલ અને છેક છેલ્લે બતાવેલા હિંદી ચંપલની વચ્ચે અજબ સામ્ય છે; પણ એ બેની વચ્ચેના ગાળામાં કેવી અદ્‌ભુત સૃષ્ટિ સરજાઈ ગઈ છે! (COURTESY : WORLD OF WONDER)

જલકમ્પ*

ખૂંતી ગઇ'તી હરણી મધરાતભોમે,
તારાની સૃષ્ટિ સરકી હતી શૂન્યતામાં;
પૃથ્વી અચેતન પડી હતી રાત્રિઅંકે,
ઓઢું'તું પ્હેરી નભ ધૂંધળી ધૂમ્રકંથા.
ઓચિંતી ત્યાં સળવળી વીજ શેષલો કે,
ડોલાયમાન થઇ દેહલીલા વિરાટ;
જંપી ગએલ જઠરાગ્નિ ધરિત્રી કેરો
જાગી ઊઠયો શતસહસ્ર ફણા પ્રસારી.

પાતાળ-પિંજરથી બંધનમુક્ત થૈને
વહ્નિ પ્રચંડ નીકળ્યો જલરાશિ વીંધી;
ફુત્કારથી થથરી થાંભલીઓ દિશાની,
જાણે પડ્યું ઊછળીને નભ ઉર્વી-અંકે.
સાથે અફાટ જલલોઢનું સૈન્ય લૈને
ત્યાં ઊછળ્યો જલધિ બંધન તોડીફોડી;
ગામો, જનો, પશુતણો પરિવાર સુદ્ધાં
દીધાં શમાવી જઠરે જલના અસુરે.
આળોટતી રજની કાજળને બિછાને,
જોઈ રહી પ્રકૃતિતાંડવ આર્દ્ર નેને.

ઈન્દુલાલ ગાંધી

* દોઢેક માસ પર સિંધમાં થએલો કરાળ જલકમ્પ

અમર મરજીવા

'ન મોત, બસ જીવવું :' પરમ સત્ય સૃષ્ટિ તણું
લહી અમર જીવવું. પડી જતાં જ ઊઠી જવું,
ધરી કદમ કૂદવું, લવ થવું નહીં આકળું.
ભલે અસત સત્યનો કપટસ્વાંગ પ્હેરી દમે,
ભલે સત દડી પડે અસત-એડીની આગળે,
પરંતુ દિલ ના ડગે,
ન ચિત્ત ફફડી ખડે;
અખૂટ ઉરધૈર્યથી ચપલ સ્થાપવું સ્થાણુને.

નહીં ઉદય અસ્તને? ઉદિત અસ્ત થાયે ન શું?
ન શું જગત જાગતું કુપિત ઘોર વેળા થકું?
પછી કરવું કાં ભલા પ્રણવતત્ત્વને દૂબળું?
હજો ઘનદળો ઘણાં, અધિક વજ્રપાતો હજો,
થજો શયન કંટકે, કદિક જાત ફાંસી જજો;
ન કિંતુ મરશે ઘડી,
હમેશ હસશે સહી; અમર ચેતને જીવવા
હશે મરજીવા બધા મરદ જિંદગી જીતતા.

દેશળજી પરમાર

આજીવન ગાયકો

ગાન અમે તો ગાશું
ભાઇ, ગાન અમે તો ગાશું.
હૈયે જ્યાં સુધી જંપ વળે નહિ ત્યાં સુધી ગાનને ગાશું : ગાન૦

આશ ગુલાબી ને ભાવ સિંદુરિયા મંગલ સૂરે ગાશું,
માંડવે ઝૂલતાં બે હૈયાંની વાંસળી મધુરી વાશું;
અમે તો ભાવસમુન્દર ન્હાશું:—ગાન૦

કોઇ સૂતાં હોય નિંદચોપાયે ફેરવી આડું પાસું,
પ્રાત સમે લઈ ભેરી ભુપાળી, જાગૃતિનાદે જાશું;
અમે તો તેજઝરણમાં ધાશું:—ગાન૦

શિશિર ઠરો, વાસંતી વહો નવરંગિત પુષ્પપુવારા,
ગ્રીષ્મ તપો લોચનિયાં લાખો, વર્ષા પ્રાણજીવારા;
અમે તો વ્હેશું અણખૂટ ધારા:—ગાન૦

પાનખરે ઉર હિમ ઢળે તો યે રેલશું સ્વરની ધારા,
પંથ પડેલાં જીર્ણ પર્ણની બાંધીને ઘૂઘરમાળા;
ભલેને આવે શ્વેત નિમાળા:—ગાન૦

રાત સઘન હો, વાટ વિજન હો, ન્હોયે સાંભળનારા,
મેઘલ સૂરે એકલ વર્ષશું છલવી જીવન-ક્યારા;
ભલેને ડારે વીજ ચમકારા:—ગાન૦

રતિલાલ છાયા

કયમ ના?...

ગાયાં ગાન વિમુગ્ધ તંદ્રિત મને ગંગાયમુના તણાં,
આરાધ્યાં જડ શૈલ, ખેતરવનો, સૌ સ્થાન સોહામણાં,
રાચ્યો સાગરફાળથી, ગગનના નક્ષત્રપુંજો થકી,
ને તાજે મુમતાજના નિરખ્યા મેં ન્યારી જ સૌન્દર્યશ્રી.
પત્થરમાટીય મેં સ્તવ્યાં, વતનના કાંટાય પ્યારા ગણ્યા,
ક્યાં કિંતુ જડતાવિમૂઢ હૃદયે સાચી જનારાધના?
શૈલો, સિંધુ, સરોવરો, તરુવરો, મેં યાં શિલાખોળિયાં
શું આ વ્યાકુળ દેશની દલિતની વસ્તુસ્થિતિ સ્પર્શતાં?

ઊભી આ અહીં આ જમાત સઘળી નિર્વાક નિસ્તેજની,
ભૂલાઇ ગતકાળના સ્તવનમાં, સૌન્દર્યતૃષ્ણા મહીં
ના જેને નિજની શિકાયત રહી, જે યંત્રવત્ જીવતી
ને શતકોની વ્યથા નિજાનન પરે સંચી વિલાઇ જતી,
મૃત્યુને સ્તવતી જતી જીવનનો અધિકાર ભૂલ્યે જતી,
એનાથી રહેતી અલિપ્ત કયમ ના ઊર્મિ જતી આથમી?

અશોક હર્ષ

હાથની વાત

સાવ સામાન્ય એ વાત છે. રોજના જીવનમાં આપણે સુરુચિ અને સંસ્કારિતાના નાના લાગતા, પણ એટલા જ મહત્ત્વના અંશનો ઘણે સ્થળે અભાવ જોઇએ છીએ. આપણાં વર્તન ને વાણીમાં અજાણપણે પણ એ પ્રવેશી જાય છે. છતાં કોઈ દિવસ તેનો આપણે ગંભીરપણે વિચાર કર્યો નથી, કારણકે આપણને એ મામૂલી વસ્તુ લાગે છે—સ્વાભાવિક અને કોઠે પડી ગયા જેવી લાગે છે.

જીવનને ફક્ત મહાન પ્રસંગો ને પરાક્રમોની જ ફૂટપટ્ટીથી માપવાની આપણને આદત પડી ગઇ છે એટલે આપણી નાગરિકતાને, આપણી ભદ્રતાને તથા આપણાં હૃદય ને મગજની સંસ્કારી સંસિદ્ધિઓને ચકાસતી હરહમેશની આવી નાનીનાની પળો પ્રત્યે આપણે બેદરકાર રહીએ છીએ. પરિણામે, જીવનના સમગ્ર દર્શનમાં આપણી આ ઊણપ, અપૂરપ—ને જરા આકરો શબ્દ વાપરીએ તો હીણપ—સાચી મહત્તાના પગથિયા પાસે પણ આપણને ટકવા નથી દેતી.

રોજ આંખ સામે આવી પડતા આવા પ્રસંગોની તો લાંબી યાદી બનાવી શકાય. કોઇને ત્યાં બેસવા જતાં હજુ તો વંદનવિધિ યે ન પતે, ગૃહમાલિક પોતે પણ આસનસ્થ ન થયા હોય, ત્યાં કોઈ ખુરશી પર ધબ દઇને બેસી જતાં આપણે અચકાતા નથી. વાતચિતમાં 'સાળો' ને 'યાર' તો ધ્રુવપદ સમા હાજર હોય! પડોશીનું છાપું કે પારકી ચોપડી તેની રજા કે ઈચ્છા વિના ખેંચી કે ઝડપી લેતાં રજમાત્ર ન અચકાઇએ. કોઈના નમસ્કારનો જવાબ જરા માથું હલાવીને આપી ચલાવી લઇએ. અજાણ્યા કે ભૂલા પડેલા માણસના માર્ગસૂચનના સવાલને અછડતો જવાબ આપી કે એ તરફ બેધ્યાન રહીને પતાવી દઇએ. અકસ્માત હડફેટમાં કોઇને ધક્કો મારી બેસીએ તો ક્ષમાયાચનાના બે શબ્દો કહેવાની યે આપણને ફુરસદ ન મળે. આપણી એકની સગવડ ખાતર અનેકની મુશ્કેલીઓ તરફ નિર્ભયપણે દુર્લક્ષ દઈ શકીએ...ઘરમાં, બહાર કે સમાજમાં ચાલી રહેલી આપણી આવી સંસ્કારવિહોણી કાર્યવાહીની યાદીને કેટલીક વધારવી?

જેને આપણે સાધારણ ગણી ઉવેખીએ છીએ એવી ઝીણીઝીણી બાબતોમાં આપણી સભ્યતાનું માપ અને આપણા અભ્યાસ ને આદર્શોનો સરવાળો રહ્યાં હોય છે એ આપણે નથી જાણતા. હા, વિનય અને વિવેકને નામે જીવનને કૃત્રિમ ન બનાવીએ, તેને સદ્વર્તનની છાપ મારી કોઈ ખોખામાં ન પૂરીએ; પણ આપણા હૃદયમાંથી જ એ એવી સ્વાભાવિક ને સાહજિક રીતે ઊગી નીકળે કે તે આપણા સંસર્ગમાં આવનાર સૌકોઇને ઉન્નતિકર જીવનની પ્રતીતિ કરાવી શકે.

આપણી સામાજિક પુનર્રચનામાં કે તેની અનેકવિધ પ્રગતિ ને પ્રવૃત્તિમાં બળ પૂરતી કોઈ ક્રાન્તદર્શી પ્રતિભા આપણને ન વરી હોય તો કાંઈ નહિ, પણ સમાજને એક ખૂણે, નાના કે મોટા વર્તુલમાં, એક શિષ્ટ માનવી તરીકે જીવવાનું તો આપણા હાથમાં જ છે, ને વગર જાહેરાતે કે પ્રચારે તેની અસર થવાની જ છે. સંત ફ્રાન્સિસના પેલા મૂક પ્રવચનની વાત તો જાણીતી છે. એક નગરમાં મૂંગામૂંગા ફરીને પાછા ફરતાં, પ્રવચન ન કરવા માટે પોતાના જુવાન સાથીએ કારણ પૂછતાં સંત ફ્રાન્સિસે કહ્યું. 'કેમ? લોકોએ આપણી ચાલ, આપણી વાતચિત, આપણી રીતભાત નિહાળ્યાં એ જ એક શ્રેષ્ઠ પ્રવચન નથી?'

આપણા માટે પણ એ જ માર્ગ છે: કશું ઉચ્ચારતાં પહેલાં આચરતાં શીખીએ.

—મ.

'ગઈ અષાડ સુદ આઠમે આ વિશાનાં છેંતાળીસ વર્ષ પૂરાં થયાં. હવે ચોપન બાકી રહ્યાં. એમાં આખા જગતને હિતકારક ને રાષ્ટ્રને પોષક એવું કાર્ય બને એવી પ્રાર્થના છે. આજ સુધીનો કાળ માત્ર રાષ્ટ્રીય સ્મૃતિ તૈયાર કરવામાં ગયો છે. હવે ભવિષ્યમાં કાર્ય, કાર્ય, કાર્ય થવું જોઇએ. નહિ તો વ્યર્થ! હજી ચાળીસ વર્ષ સતત મહેનત થવી જોઈએ. આરોગ્ય, સારી હવા, સારૂં પાણી, સારૂં મકાન, સારો શુદ્ધ ખોરાક, એ બધું મળી રહેશે તો એ પણ થશે. ઈશ્વરની અપાર કૃપા જોઇએ.'

અર્વાચીન મહારાષ્ટ્રના શ્રેષ્ઠ જ્યોતિર્ધરોમાંના એક, સ્વ. વિશ્વનાથ કાશીનાથ રાજવાડેએ પોતાના સુડતાળીસમા જન્મદિને લખેલી આ નોંધ પરથી એમના સ્વભાવ વિષે થોડો ખ્યાલ આવશે. જીવ્યા ત્યાં સુધી એમણે દૃષ્ટિ આગળ એક જ આદર્શ રાખ્યો: રાષ્ટ્રની સર્વાંગીણ ઉન્નતિ. અને એ આદર્શને સેવતાં એમને વિકટ કષ્ટો પડ્યાં, કપરી મુસીબતો વેઠવી પડી, મૃત્યુ સુધી દારિદ્રય જોડે ઝગડવું પડ્યું, ભિક્ષા પર નિર્વાહ સુદ્ધાં કરવો પડ્યો, છતાં પણ એ કશાથી યે ડગ્યા વગર પોતાનું અસિધારાવ્રત એમણે આખર સુધી ચલાવ્યું. મહારાષ્ટ્રમાં અમુક મહાન કાર્યો થઈ શકે છે, કારણ કે કાર્ય પાછળ જાતને નીચોવી નાખનારા અને દુનિયાએ જેને ગાંડામાં ગણેલા એવા ઝનૂની આદર્શવાદીઓ ત્યાં જન્મ્યા છે. રાજવાડેનું ચરિત્ર પણ એવા જ ઝનૂની આદર્શપૂજકોમાંના એકનું જ્વલંત દૃષ્ટાંત છે.

ઇ. ૧૮૬૪માં કોંકણમાં આવેલા નરસઈ નામના નાના ગામડામાં રાજવાડેનો જન્મ થયો. બાળપણમાં જ એમના પિતા ગુજરી જતાં એમના કાકાએ એમનો પ્રતિપાળ કર્યો. નાનપણમાં એ અત્યંત મસ્તીખોર—એટલે અલબત્ત તેજસ્વી—હતા. તરવામાં, ઝાડ પર ચડવામાં કે ભટકવામાં જ એમનો બધો સમય જતો. ટીખળ કરીને લોકોને ચીડવવામાં એમને અપાર રસ પડતો. બોલવામાં તો એ કોઈની શરમ રાખતા નહિ. એમના આ સ્વભાવમાં તો મોટા—પીઢ થયા પછી પણ બિલકુલ ફેર નહોતો પડ્યો, અને એ મહારાષ્ટ્રના 'દુર્વાસા' તરીકે ઓળખાતા. કોઇ વાર નિર્દોષ કે નબળાં માણસો એમનાં ટીખળ-તોફાનનો ભોગ બની જતા. એમનાં દાદી આંધળાં હતાં. એકવાર એનો હાથ ઝાલી રસ્તે દોરી જતા હતા, ત્યાં મશ્કરી સૂઝી આવી! હાથ છોડીને દૂર ઊભા રહી ગમ્મત જોવા લાગ્યા. ડોશીએ બૂમાબૂમ કરી મૂકી, પણ ભાઈ જવાબ જ શાના આપે? ઘેર પહોંચ્યા પછી, અલબત્ત, માર ખાવો પડ્યો એ વાત જુદી! ભાઈની જિજ્ઞાસા પણ ભારે. એક વખત કોઇનું સૂકવવા નાખેલું ભીનું ધોતિયું જોઈ મનમાં વિચાર આવ્યો કે ભીની વસ્તુને સળગાવી શકાય કે નહિ! શંકાનો જવાબ પ્રયોગ કરવાથી તાત્કાલિક મળે એમ હતું, એટલે દીવાસળી લઈ પ્રયોગ કર્યો! જ્ઞાન તો મેળવ્યું, પણ સાથેસાથે ધમકી અને માર પણ મેળવ્યાં! શરીર નાનપણથી જ સારૂં હતું. તેને વળી અખાડામાં મહેનત કરી સરીપેઠે કસે ચડાવ્યું હતું, એટલે પોતાની શક્તિનો અસાધારણ ફાંકો રાખતા. પંદરેક વર્ષની ઉંમરે એક વખત ફરવા ગયા હતા. ત્યાં સામેથી ત્રણ-ચાર અખાડાબાજ જુવાનો આવતા દેખાયા. એમને ચીડવી લડાઇનું બહાનું આપ્યું અને પછી એમને બધાને ધૂળમાં રોળ્યા ત્યારે જ એમના મનનું સમાધાન થયું! આમ, બાળપણ તો એમનું દાદાગીરીમાં જ ગયું.

પ્રાથમિક શાળામાં ત્રણ વર્ષ અને અંગ્રેજીમાં સાત વર્ષ ગાળી એ ૧૮૮૨માં મૅટ્રિક થયા. પ્રાથમિક શાળાનાં ત્રણમાંથી દોઢ વર્ષ તો મસ્તીમાં જ ગએલું. આપણી કેળવણીની પદ્ધતિ વિષે એમણે મોટપણે વ્યક્ત કરેલા વિચારો અહીં ટાંકીએ તો અસ્થાને નહિ ગણાય:

સંસ્કૃતિવિકાસપ્રવર્તક રાજવાડે

આપણે એમને મોટેભાગે ઇતિહાસાચાર્ય તરીકે જ ઓળખીએ છીએ; પણ મહારાષ્ટ્રની સર્વાંગી ઉન્નતિકાજે મથેલા એ અર્વાચીન જ્યોતિર્ધરે દેશના 'સ્વત્વસંરક્ષણ' માટે ભાષાશાસ્ત્ર, વ્યાકરણ, શબ્દકોશ અને ઇતિહાસશોધન એ બધાં જ ક્ષેત્રોમાં જે જ્વલંત અને ભગીરથ કાર્ય કર્યું છે એની માહિતી જ આપણને નથી. એનું ખરૂં મહત્ત્વ સમજાવવા માટે તો એમને માટે વપરાએલો 'સંસ્કૃતિવિકાસપ્રવર્તક' શબ્દ જ યોગ્ય છે.



'અત્યંત ઉચ્ચ દરજ્જાનું શિક્ષણ પામેલા, અને પૈસા મેળવવા પર દૃષ્ટિ ન રાખતાં રાષ્ટ્રનાં બાળકો ઉદાત્ત વિચારોવાળા, ઉદાત્ત કાર્યં કરવાની ઇચ્છા ધરાવનારા અને સ્વદેશ વિષે પ્રેમ રાખનારા નીપજે એવા એક જ હેતુથી અધ્યાપકનો વ્યવસાય આખી જિંદગી સુધી નમ્રતાથી કરનારા કેવળ એક જ ગુરુ મને સાંપડ્યા હોત તો એ ત્રણ વર્ષના અભ્યાસથી મારી પ્રગતિ મુંબાઇ વિદ્યાપીઠના સ્નાતક જેટલી સહેલાઇથી થઈ શકત એમ મારૂં માનવું છે. તે ઉપરાંત ધર્મ-નિષ્ઠા ને દેશપ્રીતિ જેવા નૈતિક ગુણોનો વિકાસ મારામાં કેટલો થઇ શકત એનો હું બરોબર અંદાજ કરી શકું છું. મારા જીવનના આઠમા વર્ષથી માંડી પચીસમા વર્ષ સુધીનાં સત્તર-અઢાર વર્ષ દેશ, ધર્મ, સ્વભાષા અને સ્વજન પ્રત્યેની અનાસ્થામાં વીત્યાં તે, જો કોઇ સારા ગુરુ મળ્યા હોત તો, એવી રીતે ચોક્કસ ન વીતત.'

મૅટ્રિક પછી ઉચ્ચ અભ્યાસ માટે તેઓ પૂનાની જાણીતી ડેક્કન કૉલેજમાં જોડાયા. કૉલેજ માટે કે અધ્યાપકવર્ગ માટે એમને બિલકુલ પ્રેમ ન હતો. ડેક્કન કૉલેજ જેમણે જોઈ છે અથવા જેઓ ત્યાં શીખ્યા છે એમને આ વાંચી કદાચ આશ્ચર્ય થશે. ચારે તરફ કુદરતનું રમ્ય સૌન્દર્ય દેખાય એવી જગ્યાએ કૉલેજ આવેલી છે. પણ રાજવાડેને ત્યાં સૌંદર્ય સિવાય બીજું યે ઘણું દેખાતું હતું ત્યાં જ પેશવા અને અંગ્રેજો વચ્ચે લડાઇ થઇ, પેશવા હાર્યા અને સ્વાતંત્ર્યનો અસ્ત થયો. રાજવાડેની કલ્પનાને ડગલે ને પગલે એ સ્વાતંત્ર્યના દિવસ યાદ આવતા, હાલની બૂરી અવસ્થા માટે દુ:ખ થતું, અને એની અવસ્થામાં પણ મોજ માણી રહેલા લોકોને જોઈ ગુસ્સો આવતો. અધ્યાપકો માટે પણ એમને ખાસ માન ન હતું. પરીક્ષામાં ઊંચા નંબરે પાસ થએલા એ બુદ્ધિશાળી લોકો—જેઓ સ્વદેશને માટે ઘણું કરી શકે—વિદ્યાર્જનનો પોતાનો વ્યવસાય છોડી, વિદ્યાર્થીઓને પરીક્ષાના કારખાનામાંથી પસાર થવામાં મદદ કરનાર વેઠિયાઓ જ માત્ર બની રહે છે એ એમનાથી જોવાતું ન હતું. આવા લોકો પાસેથી દેશના ઉદ્ધારની આશા જ કેમ રખાય એમ તેઓ અકળાઇને પૂછતા.

કૉલેજમાં સાધારણ વિદ્યાર્થી ગાળે છે એવું જીવન જીવવાનું એમને ગમ્યું નહિ, એટલે એ વર્ગમાં ભાગ્યે જ હાજર રહેતા. ઘણોખરો વખત એ ગ્રંથાલયમાં જ કાઢતા. એ વખતનો એમનો કાર્યક્રમ એમના જ શબ્દોમાં જોઈશું તો એ વાત સ્પષ્ટ થશે: 'પરોઢિયે બરોબર પાંચ વાગ્યે હું ઊઠતો ને અખાડામાં જઈ બે કલાક સરસ કસરત કરતો. દંડ, બેઠક, મગદલ, મલખંભ ને કુસ્તી—એવી દોઢ-બે હજાર મહેનત રોજ થતી. એટલામાં સાત વાગતા. ત્યાર પછી અઢી-ત્રણ શેર દૂધ પીતો ને અરધો-પોણો કલાક કૉલેજની આસપાસ ફરતો. આઠથી નવ સુધીનો વખત વર્તમાનપત્રો વાંચવામાં જતો. ત્યાર પછી એક કલાક નદીમાં તરતો. ત્યાંથી આવ્યા પછી ભોજન કરી રૂમ પર પાછો આવતો, ત્યાં બરોબર સાડા અગિયારનો ટકોરો થતો હોય.' પછી બીડી ફૂંકવામાં થોડો વખત જતો. ક્લાસમાં જવાનું હતું જ નહિ, એટલે ત્યાં તો ગાપચી જ મારતા, (મહારાષ્ટ્રની વિદ્યાર્થી ભાષામાં આ વાતને 'દાંડી મારવી' કે 'બુટ્ટી મારવી' કહે છે) પણ ગ્રંથાલયમાં વાચન આખો દિવસ ચાલતું. સાંજે નૌકાવિહાર થતો. પાંચસાત માઇલ હોડી ફેરવતા. જે લોકોએ હાથમાં હલેસાં લીધાં હશે એમને જ ખબર પડી શકશે કે આ કસરત કેટલી આકરી હોય છે. રાતના વાળુ કર્યા પછી દસ કે સાડા દસ સુધી મિત્રો સાથે ચર્ચા કરતા અને સાડા દસે બે ટેબલ જોડાજોડ મૂકી તે પર કાગળો પાથરી સૂઇ જતા, અને તરત જ ઊંઘ આવી જતી. આવતા ભવિષ્યમાં જે કાર્યં કરવાનું હતું તે માટે આ શારીરિક ને બૌદ્ધિક તૈયારી હતી.

કૉલેજકાળમાં એ વખતના જહાલ લેખક વિષ્ણુશાસ્ત્રી ચિપળુણકરના લેખોએ એમના પર ઘણી અસર કરી. સ્વદેશ, સ્વધર્મ અને સ્વભાષાની સેવા કરવાના કોડ એ લેખોએ એમના મનમાં જગાડ્યા. અંગ્રેજી ભાષા લોકોના મનમાં એ વખતે એવું સ્થાન મેળવી ચૂકી હતી કે ભણેલા લોકો બધે એ જ ભાષા યોજતા; પોતાના ખાનગી કાગળો કે ડાયરીઓ અંગ્રેજીમાં જ લખતા. રાજવાડેને પણ એ જ ટેવ પડી ગઈ. પણ સારા નસીબે ત્રણ પ્રભાવશાળી વ્યક્તિઓના કાર્યની એમના દિલ પર ધીરેધીરે ઊંડી અસર પડી ને તેઓ આ માનસિક ગુલામીમાંથી છૂટ્યા એ ત્રણ વ્યક્તિઓ તે વિષ્ણુશાસ્ત્રી ચિપળુણકર, પરશુરામપંત ગોડબોલે ને કાશીનાથપંત સાને. વિષ્ણુશાસ્ત્રીએ પોતાના લેખોમાં દેશની ખરાબ દશાનાં વર્ણન કરી મરાઠી ગદ્યની શક્તિનો લોકોને ખ્યાલ આપ્યો. ગોડબોલેએ જૂના મરાઠી કવિઓની કૃતિઓનો સંગ્રહ 'નવનીત' પ્રકટ કરીને જૂનાં કાવ્યોમાં લોકોને રસ લેતા કર્યા સાનેએ ઐતિહાસિક મહત્ત્વના કાગળો મેળવી એ છાપવા માંડ્યા અને ઇતિહાસ ઉકેલી બતાવવાની શરૂઆત કરી. આ ત્રણ બળવાન અસરો નીચે રાજવાડેનું માનસ ઘડાઈ ગયું. એમણે કૉલેજમાં કરેલા બહોળા વાચનનો ખ્યાલ આગળ જ આપેલી વિષયોની યાદી પરથી આવશે—યુરોપિયન ઇતિહાસ, અર્થશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, રાજનીતિશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, તર્કશાસ્ત્ર, પ્રાચીન ને અર્વાચીન માનસશાસ્ત્ર, મૂળ તેમજ ભાષાંતરિત ગ્રંથોનો અભ્યાસ, વનસ્પતિશાસ્ત્ર, ફારસી ને ફ્રેંચ ભાષાઓ! કૉલેજનાં પાઠ્યપુસ્તકોનો અભ્યાસ કરવાનો ન હોય તો કેટલી મઝા પડત' એમ તેઓ

હમેશાં કહેતા. કૉલેજમાં ભણતા ત્યારે નિર્વાહની ચિંતા રહ્યા કરતી જ હતી. થોડા દિવસ ટ્યૂશનો, પછી અભ્યાસ, ફરી પાછા ટ્યૂશનો એમ કરીકરીને ઈ. ૧૮૯૦માં એ બી. એ. થયા.

ગ્રૅજ્યુએટ થયા પહેલાં ૧૮૮૪માં એ પરણ્યા હતા, પણ ૧૮૯૩માં પત્નીનું મૃત્યુ થયું. પછી એમણે બીજી વાર લગ્ન કર્યું જ નહિ અને પરિવ્રાજક વૃત્તિથી જીવન ગાળવાની શરૂઆત કરી.

બી. એ. થયા પછી નિર્વાહ માટે શું કરવું એ પ્રશ્ન હતો જ. પોતાને પ્રિય એવો શિક્ષકનો વ્યવસાય એમણે સ્વીકાર્યો. વિદ્યાર્થીઓને સ્વભાષા માટે પ્રેમ રાખતાં એ ખાસ શીખવતા. પણ વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ શકે એવો એમનો સ્વભાવ ન હતો. છોકરાઓ એમનાથી ખૂબ જ બીતા. એમને પણ આખી જિંદગી નિશાળમાં કાઢવી નહતી, એટલે વહેલી તકે ત્યાંથી છૂટા થઇ એમણે જાહેર કાર્યમાં ઝંપલાવ્યું.

એમનું પહેલું સામાજિક કાર્ય એટલે 'ભાષાન્તર' માસિકનું પ્રકાશન. દરેક વિષયનું જ્ઞાન જનતાને મરાઠી માધ્યમ દ્વારા મળવું જ જોઇએ એવો એમનો આગ્રહ હતો. એટલે જે વિષયો પર મરાઠીમાં ગ્રંથ ન હતા એવા વિષયો પરના અધિકારી લેખકોના અંગ્રેજી ગ્રંથોના અનુવાદ એ માસિકમાં તેઓ આપતા. 'ભાષાન્તર' માસિકે મરાઠી સાહિત્યમાં કેટલા યે સારા ગ્રંથો ઉમેર્યા છે. એ માસિકમાં તેઓ એક ઠેકાણે માસિક કાઢવાનું કારણ સમજાવતાં લખે છે કે સ્વત્વરક્ષણ માટે 'ભાષાન્તર' શરૂ કર્યું છે. કોઈ પૂછશે, સ્વત્વરક્ષણ એટલે શું? જવાબ આપતાં રાજવાડે લખે છેઃ 'સ્વત્વ બહુ જ મિશ્રસ્વરૂપી હોય છે. એમાં દેશનો, ભાષાનો, ધર્મનો, આચારોનો, વિચારોનો, ગોત્રનો, આબોહવાનો, પૂર્વેતિહાસનો, સુધારાનો અને દોષોનો પણ સમાવેશ થાય છે.' આ માસિક ૩૭ મહિના ચાલ્યું. એ જ અરસામાં રાષ્ટ્રીય કેળવણીના પુરસ્કર્તા પ્રો. વિજાપુરકરે એવું જ એક માસિક શરૂ કર્યું. પોતાનું કાર્ય હવે બીજા કોઇ માથે લેવા તૈયાર છે એમ જોઇ રાજવાડેએ 'ભાષાન્તર' બંધ કર્યું અને ઇતિહાસના ક્ષેત્ર તરફ વળ્યા.

એ વખતે ગ્રાન્ટ ડફનો લખેલો મહારાષ્ટ્રનો ઇતિહાસ જાણીતો હતો. પણ ડફની દૃષ્ટિ શાસ્ત્રીય ઇતિહાસકારની ન હતી. એણે બધાં સાધનો તપાસ્યાં ન હતાં; તેમજ મરાઠી સત્તાનો નાશ થયા બાદ અંગ્રેજો જ ભારતમાં રાજ્ય કરવાના છે એમ જાણે પહેલાંથી એણે માની લીધું હોય એમ એ ઇતિહાસ જોતાં લાગે છે. અંગ્રેજોના આગમન પહેલાંનો સમય થોડાં પૃષ્ઠોમાં પતાવી દેવામાં આવ્યો છે ને અંગ્રેજી સમયનો ઇતિહાસ વિસ્તારથી લખવામાં આવ્યો છે. રાજવાડેને આ સ્થિતિ સુધારવી હતી. સાનેએ કેટલી યે બખરો (જૂના તવારીખી દસ્તાવેજો) છાપી હતી. રાજવાડેએ એ જ માર્ગને અનુસરવાનું નક્કી કર્યું. ઐતિહાસિક કાગળો જ્યાંથી મળે ત્યાંથી મેળવી એ પ્રકાશમાં લાવવાનો એમણે નિશ્ચય કર્યો, ને એ જ વખતે એક પ્રસંગ બન્યો તેથી એમને એ કાર્ય કરવામાં સારૂં ઉત્તેજન મળ્યું.

સતારા જિલ્લાના વાઈ ગામમાં રાજવાડેના એક વખતના વિદ્યાર્થી અને પછીના મિત્ર શ્રી આપટીકર તથા શ્રી પંડિત રહેતા હતા. ભાડાના જે મકાનમાં તેઓ રહેતા હતા તે પુરાણું હતું. એમાં ઘણા જૂના કાગળોનું દફતર હતું, જે એમનો ઘરધણી પસ્તીમાં વેચી નાખવા માગતો હતો. આ બે મિત્રોને રાજવાડેના પ્રયત્નો વિષે સારી માહિતી હતી, એટલે એમણે પેલું દફતર જોવા માગ્યું. જૂના કાગળો મોડી લિપિમાં લખેલા હોય છે એટલે વાંચવામાં ઘણી જ મુશ્કેલી પડે છે. સદ્ભાગ્યે આ મિત્રોના હાથમાં જે પહેલો કાગળ આવ્યો તે પાણીપતની છેલ્લી લડાઈમાં જઈ આવેલા ગોવિંદપંત બુંદેલેના હાથનો હતો! મિત્રોને ઘણો જ આનંદ થયો. મરાઠાઓ ૧૭૬૧માં હાર્યા એના કારણ પર આ કાગળોથી ઘણો પ્રકાશ પડી શકશે એમ એમને લાગ્યું. તે જ દિવસે પ્રો. કાથવટે વાઈ આવ્યા હતા. એમની પાસે જઈ મિત્રોએ વાત કરી. કાથવટેએ પણ રાજવાડેનું જ નામ સૂચવ્યું. તરત મિત્રોએ રાજવાડેને લખ્યું અને તેઓ પૂનાથી આવ્યા ને અભ્યાસ શરૂ કર્યો. અભ્યાસ એટલે પહેલાં કાગળોનું વર્ગીકરણ. ઐતિહાસિક મહત્ત્વના ન હોય તે બાજુ પર મૂકી, કામના કાગળો તારવી કાઢવાના. પછી તેને મોડીમાંથી બાળબોધમાં લખવાના; તે પછી તારીખવાર ગોઠવી એમનું સંપાદન કરવાનું. આ માટે સવારના પાંચ વાગ્યાથી રાતના અગિયાર સુધી કામ ચાલતું. આમ બે મહિના અભ્યાસ ચાલ્યો. મુદ્રણાલય માટેની નકલ તૈયાર થઈ અને છાપખાનામાં ગઈ. છાપવાનું કામ શરૂ થયું ત્યાં બીજી આફત આવી. છાપખાનાને આગ લાગી અને ગ્રંથની હસ્તલિખિત પ્રત બળી ગઈ! ફરી પાછું મોડી પરથી નાગરીમાં લિપ્યંતર કરવું પડ્યું. અંતે ૧૮૯૮માં એનો પહેલો ખંડ બહાર પડ્યો. અને એની પ્રસ્તાવનાએ ઇતિહાસસંશોધનના શાસ્ત્રનો પાયો નાખ્યો. એ વિસ્તૃત પ્રસ્તાવનામાં સાધનોની ટીકા, ચિકિત્સા, ઇતિહાસશાસ્ત્ર એટલે શું, ડફનાં વૈગુણ્યો એવા વિષયો છે. પાણીપતમાં મરાઠાઓ હાર્યા એનું કારણ ગોવિંદપંત બુંદેલેની ફિતુરી હતું એમ રાજવાડેએ પહેલી વાર બતાવી એ પ્રકરણ ખુલ્લું પાડ્યું. ભવિષ્યમાં એમણે આવા બીજા એકવીસ ગ્રંથ પ્રકટ કર્યા, જેની કુલ પૃષ્ઠસંખ્યાનો સરવાળો ૫૨૮૫ થાય છે!

ઇતિહાસસંશોધનનું કારણ અને મહત્ત્વ સમજાવતાં રાજવાડે લખે છેઃ 'દેશી રાજ્યોના અધિપતિઓ નિદ્રામાં પડ્યા છે, જાગીરદારો ઘોરે છે અને ઇનામદારો ઊંઘ કાઢે છે એ જાગે ત્યાં સુધી જાગ્રત થએલા મધ્યમ વર્ગના આપણા લોકોએ રાષ્ટ્રના પિતૃઓનું (ઐતિહાસિક મહાપુરુષોનું) સ્મરણ જીવતું રાખવું જોઇએ. આપણું સામર્થ્ય બહુ થોડું છે, છતાં પણ આ પુણ્યકર્મ માટે તે ખરચી નાખવું જોઇએ.' અને તેજસ્વી કૃતનિશ્ચયતાથી એમણે એ કર્યું પણ ખરૂં.

કોઈ રખે માની લે કે ઐતિહાસિક મહત્ત્વના આવા બધા જૂના કાગળો મેળવી છાપવાનું કામ સહેલું હોય છે. રાજવાડેએ એ કાર્યનું જે વર્ણન કર્યું છે એનો ટૂંક સાર જોઇએ. અમુક ઘરમાં ઐતિહાસિક કાગળો છે એની ખબર મળે અને એ માણસને આપણે ઓળખતા ન હોઇએ તો પહેલાં તો એ વિચાર ગોઠવવો પડે કે એની પાસે જવું શી રીતે? એકલા જઇએ તો તો પત્તો જ ન ખાય. એટલે કોઈ ઓળખીતાને ત્યાં જઈ એને મસ્કો મારવો પડે. એ ખુશ થાય તો પેલા ઉપર પરિચયપત્ર લખી આપે, અથવા દેશપ્રેમી હોય તો સાથે આવે. જેને ત્યાં કાગળો હોય તેને ત્યાં જઇએ એટલે જવાબ મળે કાલે આવજો. બીજે દિવસે જઇએ ત્યારે સાહેબ બહાર ગયા હોય કે કામમાં હોય; ત્રીજે દહાડે નોકર બહાર ગયો હોય ને ચોથે દહાડે છોકરૂં માંદું હોય. એમ રોજ એકએક બહાનું સાંભળવાનું મળે. ગુસ્સે તો થવાય નહિ; નહિ તો કાગળ જોવા મેળવવાની આશા જ ગુમાવી બેસવી પડે! નફ્ફટની માફક આમ મહિનો–દોઢ મહિનો ધક્કા ખાઇએ ત્યારે પેલો જરા પીગળવા માંડે. આખરે દૂરથી કાગળોનું દર્શન થાય! અભરાઈ પર પોટલું ધૂળ ખાતું હોય ધૂળ પણ એટલી બધી કે નોકર પણ પોટલું નીચે ઉતારવાની ના પાડે, એટલે આપણે જ એ નીચે ઉતારીને ધૂળ ખંખેરી નાખવી પડે કાગળો ઘેર તો લઈ જવાય જ નહિ. સંશોધક પ્રામાણિક છે એમ કોણ માની શકે?! એટલે ત્યાં જ બેસી–મહિનાઓ સુધી–અભ્યાસ કરવો પડે. (અનુસંધાન પૃ. ૧૦)મે

[૭] બ્રહ્મા અને તેના પરિવાર દેવતા

મૂર્તિશાસ્ત્ર-પરિચય



ત્રિદેવોના સંયુક્ત સ્વરૂપ પછી હવે તેમના દરેકના સ્વતંત્ર સ્વરૂપનો વિચાર કરીએ; અને ત્રિદેવોમાં બ્રહ્મા પહેલા એટલે બ્રહ્માથી શરૂ કરીએ. બ્રહ્માની મૂર્તિ તેમનાં ચાર મસ્તકથી તરત ઓળખાઈ આવે છે. એથી તે 'ચતુરાનન' પણ કહેવાય છે. વળી સામાન્યરીતે બ્રહ્માને દાઢી હોય છે એટલે એ રીતે પણ તે સહેલાઇથી ઓળખી શકાય છે. બ્રહ્માનું સામાન્ય સ્વરૂપ નીચે પ્રમાણે છે :

(૧) મસ્તક : ચાર અને તેમના પર જટામુકુટ; ચહેરા પર દાઢી. (૨) હાથ ચાર. એક હાથમાં સ્રુવ (શરવો, ચમચો); એકમાં અક્ષમાલા; ત્રીજામાં પુસ્તક અને ચોથામાં કમન્ડલુ (લોટી). જુદાજુદા શિલ્પગ્રંથોમાં દેવોનાહાથમાંના આયુધો વિષે મતભેદ જોવામાં આવે છે, એટલે પ્રસ્તુત લેખમાળામાં દર્શાવેલા આયુધો, મૂર્તિઓનાનમૂનાઓમાં જે સામાન્ય રીતે મળી આવે છે તે મુજબના વર્ણવવામાં આવ્યા છે. (૩) આસન : કમલાસન (પદ્માસન) (૪) વાહન : હંસ. (૫) બ્રહ્માને બે પત્ની છે; સાવિત્રી ને સરસ્વતી જે મૂર્તિઓમાં બ્રહ્મા સપત્નીકહોય છે તેમાં તેની ડાબી બાજુ સાવિત્રી ને જમણી બાજુ સરસ્વતી બેઠેલી હોય છે.

બ્રહ્માનાં મુખ્યત્વે ચાર સ્વરૂપો છે: પ્રજાપતિ બ્રહ્મા, વિશ્વકર્મા, લોકપાલ અને ધર્મ. એમાંથી પ્રારંભના બેની મૂર્તિઓ મળી આવે છે. આ બે સ્વરૂપો નીચે પ્રમાણે છે: (૧) પ્રજાપતિ બ્રહ્મા–સામાન્ય સ્વરૂપ ઉપરના વર્ણન પ્રમાણે જ. ફેર માત્ર એટલો કે તેઓ બેના બદલે માત્ર એક જ પત્ની સાવિત્રી (વામાંગમાં) સાથે બેઠા હોય છે. (૨) વિશ્વકર્મા–મસ્તક ત્રણ, હાથ દસ ને તેમાંના એકમાં માનદંડ (કારીગરો જેનાથી માપે છે તે ગજ), અને વાહન હાથી.

બ્રહ્માના પરિવારદેવતા

બ્રહ્માના પરિવાર દેવોમાં તેની પત્નીઓ સાવિત્રી અને સરસ્વતી એ બે જ છે. તેમનું વર્ણન અને જુદાંજુદાં સ્વરૂપો નીચે પ્રમાણે છે:

(૧) સાવિત્રીનું બીજું નામ બ્રહ્માણી કે બ્રાહ્મી છે. તેની ગણત્રી સપ્તમાતૃકાઓ–સાત માતાઓ–(બ્રાહ્મી, માહેશ્વરી, કૌમારી, વૈષ્ણવી, વારાહી, માહેન્દ્રી, ને ચામુન્ડા)માં પણ થાય છે. તેને સામાન્ય સ્વરૂપમાં ચાર મસ્તક અને ચાર હાથ હોય છે, જેમાં દરેકમાં અનુક્રમે અક્ષસૂત્ર, પુસ્તક, કમળ, અને કમંડલુ એ આયુધો ધારણ કરેલાં હોય છે. એનું સ્થાન બ્રહ્માના વામાંગમાં હોઇ એ બ્રહ્માની મુખ્ય પત્ની છે.

(૨) સરસ્વતીનાં, વાગીશ્વરી અને શારદા એવાં બે સ્વરૂપો છે. તેનું સ્થાન બ્રહ્માની જમણી બાજુએ છે. તેને એક મસ્તક ને તેના પર કરન્દ મુકુટ, ને બે (તથા કવચિત ચાર) હાથ હોય છે. જ્યારે બે હાથ હોય ત્યારે તેમાં પુસ્તક અને વીણા હોય છે; ચાર હાથ હોય ત્યારે વધારાના બે હાથોમાં અંકુશ અને અક્ષમાળા હોય છે. તેનું વાહન હંસ (કે મોર) છે. તેનાં બંને સ્વરૂપોનું વર્ણન નીચે પ્રમાણે છે:

'વાગીશ્વરી'–આ સ્વરૂપમાં તેને હિંદુ અને બૌદ્ધ તાંત્રિકો પૂજે છે. તેને ત્રણ નેત્ર અને ચાર હાથ હોય છે. હાથમાં દંડ, પુસ્તક, અક્ષમાળા અને કમંડલુ હોય છે, અને મસ્તક પર કરંદમુકુટ હોય છે. આ વાગીશ્વરીનાં પાછાં બે પેટાસ્વરૂપો પણ છે: (૧) ધનુવાગીશ્વરી, જેમાં સ્વરૂપ તો ઉપર પ્રમાણે, પણ મસ્તક ઉપર કરંદના બદલે જટામુકુટ હોય છે; અને (૨) સૌભાગ્ય વાગીશ્વરી, જેમાં સ્વરૂપ મૂળ પ્રમાણે જ પણ સુંદર વધારે.

'શારદા' સ્વરૂપે સરસ્વતી ૬૪ કલાઓની અધિષ્ઠાત્રી તરીકે પૂજાય છે. તેને પાંચ માથાં ને દસ હાથ હોય છે. મહીસૂર રાજ્યના શૃંગેરીમઠમાં તે આ સ્વરૂપે પૂજાય છે.

બ્રહ્માની ઉપાસના વિષ્ણુ અને શિવના જેટલી પ્રચલિત નથી. હાલ આખા હિંદમાં બ્રહ્મા સ્વતંત્ર રૂપે પૂજાતા હોય એવાં બે મુખ્ય મંદિરો છે: એક અજમેર પાસે પુષ્કરમાં ને બીજું ગુજરાતમાં ઈડર રાજ્યના ખેડબ્રહ્મા ગામે. પણ પુરાતનકાળમાં બ્રહ્માની પૂજા હાલ કરતાં કંઇક વિશેષ પ્રમાણમાં થતી હશે. આમ બ્રહ્માની ઉપાસના સ્વતંત્ર રૂપે બહુ પ્રચાર પામી જણાતી નથી, છતાં હિંદના બીજા ભાગો કરતાં ગુજરાતમાં એની પૂજા આગળ વધી ગઈ હતી. આ રીતના સ્વતંત્ર રૂપ સિવાય બ્રહ્માનું સ્થાન શિવમંદિરોમાં ઉત્તર દિશા તરફના ગોખમાં પણ હોય છે, અને એ પ્રકારની ઘણી મૂર્તિઓ મળી આવે છે.

ગુજરાતમાંની બ્રહ્માની મૂર્તિઓ

બ્રહ્માની ગુજરાતમાં જૂનામાં જૂની મૂર્તિ વેરાવળથી થોડેક પૂર્વમાં દરિયાકાંઠે આવેલા કડવાડમાંના લગભગ છઠ્ઠા કે સાતમા સૈકામાં બંધાએલા વરાહ મંદિરમાં એક ગોખમાં આવેલી છે. એની વિશેષતા એ છે કે એ દેવને દાઢી નથી. ઇડર સંસ્થાનના ખેડબ્રહ્માવાળી બ્રહ્માની મૂર્તિ પણ બહુ પ્રાચીન લેખાય છે,—કેટલી પ્રાચીન તે હજી નક્કી થવું બાકી છે. મોઢેરાના ૧૧મા સૈકાના સૂર્યમંદિરમાં પણ એક ગોખમાં બ્રહ્માની સુંદર પ્રતિમા છે. આ પછીની મૂર્તિ પાટણ પાસે કસરા ગામના પ્રાચીન મંદિરમાં આવેલી છે. દેલમાળના ૧૨મા સૈકાના મંદિરમાં બ્રહ્માની એક ઘણી સુંદર પ્રતિમા છે. તેમાં બ્રહ્માની બંને બાજુ તેનાં પત્નીઓ સાવિત્રી અને સરસ્વતી બેઠેલાં છે. રાજકોટના વૉટસન મ્યૂઝિયમમાં પણ કોઈ અજ્ઞાત સ્થળેથી મળી આવેલી બ્રહ્માની એક સુંદર પ્રતિમા છે. આ ઉપરાંત વડનગરના પ્રાચીન કીર્તિસ્તંભના ઉપરના ભાગમાં બ્રહ્માની એક પ્રતિમા છે. વડનગરના સાંએલા તળાવ પરથી પણ બ્રહ્માની સાવિત્રી સાથેની મૂર્તિ મળી આવી છે. પાટણ અને સિદ્ધપુરનાં કેટલાંક મંદિરોમાં પણ બ્રહ્માની પ્રતિમાઓ છે. આ ઉપરાંત ઉત્તર ગુજરાતમાં બ્રહ્માની જ્યાંત્યાં રખડતી પ્રાચીન મૂર્તિઓ તો અનેક મળી આવે છે, જે પ્રાચીન કાળમાં આ પ્રદેશમાં તેની મોટા પ્રમાણમાં ઉપાસના થતી હોવાની સાક્ષી પૂરે છે. ઉત્તર ગુજરાતથી જેમજેમ સાબરમતીનો કાંઠો વટાવી દક્ષિણ તરફ આગળ વધીએ છીએ તેમતેમ બ્રહ્માની પ્રાચીન મૂર્તિઓના નમૂનાઓનું પ્રમાણ ઓછું થતું જાય છે. ખંભાત પાસેના નગરાના અવશેષો અને મધ્ય ગુજરાતમાંથી મળી આવેલા થોડાક નમૂનાઓ પરથી લાગે છે કે મહીની દક્ષિણે બ્રહ્માની પૂજા ખાસ થતી નહિ હોય. નર્મદા ને તાપીના પ્રદેશ વચ્ચેની મારી શોધખોળોમાં બ્રહ્માની એક પણ પ્રતિમા હજુ મારી નજરે ચડી નથી. તેમજ એની દક્ષિણના વિસ્તારોમાંથી પણ બ્રહ્માની મૂર્તિઓ મળેલી હોવાનું હજી જાણવામાં નથી; સિવાય કે મુંબાઈ નજી સોપારામાંથી દેલમાળના જેવી જ સુંદર એક બ્રહ્માની પ્રતિમા મળી આવી છે. **અમૃતલાલ વ. પંડયા**

મીંડાં ૦૦

ક્રિકેટના સ્કોરનાં
. . અને ખેલદિલીની ભાવનાનાં

સુરેશ હતો તો સેકન્ડ ઇલેવનનો કૅપ્ટન. પરન્તુ જ્યારથી એણે મૅચમાં દિનેશની ફર્સ્ટ ઇલેવન પર પોતાની ટીમને વિજય અપાવ્યો ત્યારથી બધા ખેલાડીઓમાં તે માનીતો થઇ પડ્યો હતો અને તેથી જ નવી ટર્મ શરૂ થતાંવેંત તેને ફર્સ્ટ ઇલેવનમાં લઈ લેવામાં આવ્યો.

એટલે બીજી ટર્મ આખી સુરેશ અને દિનેશ વચ્ચેની હરીફાઇમાં જ પસાર થઈ. પણ એમના બંનેના રેકર્ડ વચ્ચે ભાગ્યે જ ફેર હતો. તેથી બીજી ટર્મની આખરમાં તો કેટલાક એમ પણ માનવા લાગ્યા હતા કે કદાચ સુરેશ દિનેશને પણ ટપી જઈ પોતે 'કૅપ્ટનશિપ' ઝડપી લેશે. અને આ કાંઈ રમનારાઓના જ ખ્યાલ માત્ર નહોતા. ખુદ દિનેશને પણ હવે એમ લાગવા માંડ્યું હતું.

દિનેશ અમારી શાળામાં આવ્યો ત્યારનો ટીમનો કૅપ્ટન હતો. હવે તો તેને માત્ર બે જ ટર્મ પૂરી કરવી બાકી હતી એટલે સ્વાભાવિકરીતે જ એને પોતાની આખી કારકીર્દિ દરમ્યાન અતૂટ 'કૅપ્ટનશિપ'નો રેકર્ડ રાખી જવાની ઉમેદ હતી. અને તેથી હવે છેલ્લેછેલ્લાંમાં આ નવા હરીફને ઊભો થતો જોઇ એને કોઈવાર અકળામણ થઈ આવતી. છતાં એ ખરો 'સ્પોર્ટ'—ખેલદિલ—હતો. એ મનને મનાવી લેતો: 'એમાં શું? એ તો તાકાતની વાત છે'ને! મારા કરતાં એ વધુ શક્તિશાળી નીવડે તો ભલે એ કૅપ્ટન બનતો; મારે તો 'સ્પોર્ટ' જ રહેવું જોઇએ.' અને તેથી બંનેની હરીફાઈ એ કદિ દ્વેષનું સ્વરૂપ લીધું નહોતું.

બીજી ટર્મ પૂરી થઈ. બંનેનો રેકર્ડ સરખો જ ઊતર્યો. એક પણ રન કે બોલિંગની મેઈડનનો ફેર નહિ. એથી નવી ટર્મનો કૅપ્ટન કોણ થાય તે વિષે બધા ખેલાડીઓ તર્કવિતર્ક કરતા થઈ ગયા.

કોઇ કહેતું, 'દિનેશે હવે ખસી જવું જોઈએ. આટઆટલાં વર્ષો થયાં એ કૅપ્ટન છે, છતાં એક જ ટર્મમાં એના રેકર્ડને આવીને આંબી જનાર સુરેશ વધુ લાયકાતવાળો ગણાવો જોઇએ.' ત્યારે બીજા જવાબ આપતા, 'એમ બેચાર દિવસ થયાં ચાલ્યા આવનારનો તાત્કાલિક ચમકારો જોઈ કૅપ્ટન કેમ બનાવાય? એનામાં વધુ તાકાત હોય તો



નેવર માઇન્ડ સુરેશ; ઈટ્સ અ ગેઇમ ઑવ ચાન્સિઝ

તે રેકર્ડ ટપી કેમ જતો નથી? બાકી જો બંનેના રેકર્ડ સરખા જ હોય તો નિયમ પ્રમાણે દિનેશના 'સીનિયૉરિટી' જોવાવી જોઈએ.'

અને એ જ ખરૂં હતું. નિયમને આધારે દિનેશ જ નવી ટર્મમાં કૅપ્ટન થયો. ટર્મની શરૂઆતથી જ ફરી રસાકસી શરૂ થઈ. એકાદ વાર સુરેશનો રેકર્ડ વધી જતો તો બીજી વાર દિનેશ અચૂક પોતાના રેકર્ડની ખોટ પૂરી કરી જ લેતો. હવે તો દિનેશ પણ બહુ જ કાળજીથી રમતો. એને પણ હવે આ અને પછાની બીજી, એમ બે ટર્મ સાચવી લેવાની તાલાવેલી હતી.

અભિપ્રાયોમાં બે પક્ષ પડી ગયા હતા, છતાં કોઈએ ખેલદિલી ગુમાવી ન હતી. સુરેશ અને દિનેશ પણ ગાઢ મિત્રો જ રહ્યા હતા. જ્યાં જુઓ ત્યાં બંનેની જોડી સાથે જ ફરતી હોય. ક્રિકેટ સિવાયની બીજી પ્રવૃત્તિઓમાં પણ એ બન્ને સરખા ઉત્સાહથી ભાગ લેતા. ડીબેઈટિંગ સોસાઍટીમાં દિનેશ હમેશાં સુરેશને જ પક્ષે રહેતો, અને કોઇ પણ નવા કાર્યક્રમ માટે જો દિનેશ પ્રિન્સિપાલ પાસે દરખાસ્ત લઇને જતો તો સુરેશ તેના ટેકેદાર તરીકે હમેશાં તેની સાથે જ જતો.

એવામાં મહારાજા ક્રિકેટ ક્લબે અમારી સાથે મૅચ માગી. અમારી ટીમ પહેલા દાવમાં જીતમાં હતી. જો બીજા દાવમાં સારો સ્કોર થાય તો વિકેટો બાકી રાખી સામી પાર્ટીને દાવમાં ઉતારવાની વેતરણમાં દિનેશ હતો. દાવ લેવામાં ગાંધી 'ટચુક' હતો. એ 'સ્ટેડી બૅટ્સમૅન' હતો. દડાને કદી જોરથી ફટકો મારતો જ નહિ ને 'ટચુક ટચુક' કરતો બૅટમાં ચોંટી રહીને સામાને પજવી નાખતો. આથી કોઈ ઉતાવળિયા સાથીદારને ટકાવવા દિનેશ એનો સફળતાથી ઉપયોગ કરતો. દિનેશે એ જ બાજી વિચારી, ખેલાડીઓનો ક્રમ ફેરવી સુરેશને તેની જોડમાં જવા કહ્યું.

સુરેશ ગયો તો ખરો, પણ બળબળતો. રડતો જાય તે મૂઆના જ ખબર લાવે! અને કોણ જાણે કેમ, ગાંધી પણ 'ટચુક' લગાવીને રન લેવા દોડ્યો. સુરેશનું બૅટ હજી તો દડાનો સંપર્ક પણ મેળવવા ભાગ્યશાળી નહોતું થયું, અને એ રન લેતાં જ 'આઉટ' થયો અને જેવો ગયો હતો તેવો જ પાછો આવ્યો.

ભૂલ ગાંધીની હતી. એના જેવા 'સ્ટેડી બૅટસમૅને' કદિ રન કરવા ઉતાવળ કરવી ન જોઈએ. પણ આ બનાવથી સુરેશમાં ઈર્ષ્યાની ગ્રાંથ પેદા થઇ. મારા નામ સામે મીંડું! નક્કી આ દિનેશની યોજનાબદ્ધ અદેખાઇ જ હતી. એણે પોતાની 'કૅપ્ટનશિપ' ટકાવવા જ મને ઇરાદાપૂર્વક 'ટચુક' સામે ભેળવડાવ્યો. આવા વિચારે તે ધૂંધવાઇ ઊઠ્યો.

જેવો તે ગ્રાઉન્ડ બહાર આવ્યો કે તરત જ દિનેશ તેને સામો તેડવા જઇ આશ્વાસન આપવા લાગ્યો: 'નેવર માઇન્ડ સુરેશ; ઈટ્સ એ ગેઈમ ઑવ ચાન્સિઝ.'

પણ સુરેશે તો તેના સામું યે ન જોયું. ધુરકિયું કરી, મોં ફેરવી તેણે હૉસ્ટેલ તરફ ચાલતી પકડી. એ પાછો ફીલ્ડ ઉપર રમત જોવા પણ ન આવ્યો. થએલા અકસ્માત માટે દિનેશને પણ મનમાં શોચ તો થયો, પણ એ શું કરી શકે?

આ પછી સુરેશની આંખનું ઝેર ઓછું થયું જ નહિ. એ દિનેશ સાથે ઓછું બોલતો,—ભાગ્યે જ અને ન છૂટકે; પણ જેમજેમ એનામાં ઝેર વધતું ગયું તેમતેમ એની સ્થિતિ કફોડી થતી ગઇ. જ્યારેજ્યારે

એ બૅટ હાથમાં પકડી દાવ લેવાની તૈયારી કરતો ત્યારેત્યારે એની નજર દિનેશ ઉપર પડતી, અને લાગલો જ એના મનમાં એ વિચાર આવી જ જતો: 'આણે જ મારો રેકર્ડ ભૂંસવા માંડ્યો છે.' આથી બીજામાં બેફામપણે એ બૅટ ચલાવતો અને ઉત્તરોત્તર તેનાથી છબરડા વળતા જતા. જાણે કમનસીબ તેની પાછળ જ પડ્યું હતું. એ ઘડોઘડ કોઇને કોઈ રીતે આઉટ થઈ જ જતો અને આમ એના રેકર્ડમાં પણ, પેલા દુર્ભાગી મીંડા પછી મીંડાંઓની પરંપરા ચાલી.

એ હવે આગળનો સુરેશ પણ રહ્યો નહોતો. એના સ્વભાવમાં રહેલું મુક્ત હાસ્ય ઊડી ગયું, એના ચહેરા ઉપર કરડી રેખાઓ અંકાઇ, અને જાણે એ નહિ પણ એનું પ્રેત માત્ર વાસનાપ્રેર્યું 'ફીલ્ડ' ઉપર આવી પાછું ચાલ્યું જતું હોય તેમ લાગતું.

બીજી બાજુથી દિનેશની સ્થિતિ પણ કફોડી બન્યે જતી હતી. સુરેશને આમ ગેરસમજનો માર્યો પોતાની સામે ધૂંધવાતો અને ઉત્તરોત્તર રેકર્ડ ગુમાવતો જતો જોઈ. સુરેશની એ પડતી જતી કારકિર્દિ માટે, ભલે નિર્દોષ હોવા છતાં, પોતે જ જવાબદાર હોય તેમ મનમાં ને મનમાં એને ભોંઠાપણું લાગતું. એકબે વાર એણે સુરેશને સમજાવવા પ્રયાસ કરી જોયો; પણ સુરેશ તો મોં ફેરવી ચાલ્યો જ જતો. આથી દિનેશ પણ વધુ ને વધુ શરમીંદો બની જતો.

આ બધી મનોવ્યથાનું પરિણામ એને માટે પણ ખતરનાક નીવડ્યું એકવાર એ દાવમાં ગયો અને તેનાથી સુરેશ સામે બીતાં બીતાં જોવાઈ ગયું. સુરેશ તો તેના તરફ કરડી આંખે જોતો જ હતો. બસ, થઈ રહ્યું. દિનેશ ધ્રુજી ઊઠ્યો. અને તે જ વખતે તે પહેલે દડે જ 'આઉટ' થયો. ત્યારથી એ જ્યારેજ્યારે દાવ ઉપર જતો ત્યારે તેનાથી સુરેશ તરફ જોવાયા વગર રહેવાતું જ નહિ. અને પછી તો એ પણ પોતાનો રેકર્ડ ગુમાવવા માંડ્યો.

અમે બધા વિચારમાં પડી ગયા હતા. આ બંનેને થયું છે શું? પાર્ટીના સારામાં સારા બે ખેલાડીઓ મોટાં મીંડાં બન્યે જતા હતા. અને આ ટર્મને અંતે તો આખા પ્રાન્તની હાઇસ્કૂલો વચ્ચેની 'શીલ્ડ મૅચ' રમાવાની હતી. જ્યારથી દિનેશ આવ્યો ત્યારથી 'શીલ્ડ' અમારે ત્યાં જ હતી, એટલે તેને હવે ટકાવી રાખ્યે જ છૂટકો હતો. આ બંને મીંડાં જો પાછા રાગે ન ચડે તો અમારે માટે 'શીલ્ડ' સાચવવી ભારે પડે તેમ હતી. અમારાં મોં વીલાં પડવા માંડ્યાં.

શીલ્ડ મૅચના 'રાઉન્ડ્ઝ' નક્કી થઇ ગયા. અમારે શ્રીપુરની ટીમ સાથે રમવાનું હતું. એમાં અમારી ખરી કસોટી હતી. શ્રીપુરની ટીમ ઘણી વખત તો છેલ્લા રાઉન્ડ સુધી ટકતી.

શીલ્ડ મૅચનું નક્કી થયું તે સાંજે જ દિનેશે કૅપ્ટન તરીકે રાજીનામું આપી દીધું અને ટીમનો કૅપ્ટન સુરેશ બને એવો પ્રસ્તાવ મૂક્યો. સુરેશને એ પ્રસ્તાવ ગમ્યો નહિ. એ ધૂંધવાઈ ઊઠ્યો ને એણે પણ રાજીનામું મૂકી દીધું.

'સુરેશ! દિનેશ! તમને તે આ થયું છે શું?' મેં પૂછ્યું.

બંનેમાંથી કોઈએ જવાબ આપ્યો નહિ. મૂંગામૂંગા ને બંને ચાલ્યા ગયા. મારી સ્થિતિ કફોડી થઇ ગઇ, કેમકે તેમના પછી ત્રીજો હું જ હતો એટલે કૅપ્ટનશિપ' મારે માથે આવી પડી. અને આ સ્થિતિમાં એ ખરે જ કાંટાળો તાજ હતો.

પછી તો દિનેશે પ્રૅક્ટિસમાં પણ હાજરી આપવી બંધ કરી. સુરેશે પણ પેટમાં સખત દુ:ખાવો હોવાનું બહાનું કાઢી સિકરૂમનો કબજો લીધો. આ બંનેને પાછા પાટે ચડાવવા એ મારી સામે મોટો કોયડો હતો. કોઇ ઉપાય સૂઝતો ન હતો. મૅચનો મુકરર દિવસ પણ આવી પહોંચ્યો. આ બંનેની જોડી તો રમવાની સ ફ ના પાડી બેઠી હતી. પણ મેં બંનેને રીઝર્વમાં તો ગોઠવી જ રાખ્યા.



બધું ગળી જા, દિનેશ !

બપોરે મૅચ શરૂ થઈ અમે ટૉસ જીત્યા ને દાવમાં પહેલા ગયા. કમનસીબજાણે અમારી પાછળ જ પડેલું હતું. પહેલો દાવ લગભગ નિષ્ફળ જેવો ગયો. બહુ જ ઓછા રન નોંધાવી અમે દાવ આપવા ઊતર્યા. સામી પાર્ટીનો એકેએક ખેલાડી અમારો દમ કાઢતો હતો. એમને હરાવવાનું કામ અમારે માટે લગભગ અશક્ય બની ગયું. પહેલા જ દાવમાં એમનો સ્કોર અમારા કરતાં ઉત્તરોત્તર વધતો જતો હતો.

લંચની રીસેસ પડી. સામાવાળા કૅપ્ટને બીજા દાવમાં પણ અમે પહેલા ઊતરીએ એવો પ્રસ્તાવ મૂક્યો. અમને વિકેટોનો માર મારવો સહેલો પડે એ એમનો ઇરાદો હતો.

હું તરત જ દિનેશ પાસે દોડી ગયો. મારી આંખમાં આવતાં આંસુ હું પરાણે રોકી રહ્યો હતો. 'દિનેશ, ગમે તેમ કરી આ સંભાળી લે! તારા વગર ટીમની આબરૂ પર પાણી ફરી વળશે. હું આ બોજો નહિ ખેંચી શકું. ગમે તેમ કર' મેં ગળગળા સાદે કહ્યું.

'જો સુરેશ રમવા ઊતરે તો જ હું ઊતરૂં. મારી સ્થિતિ તું નથી સમજતો? હું રમતમાં ઊતરી સારો સ્કૉર કરી લઉં એટલે સ્વાભાવિકરીતે જ એનો મારા પરનો આક્ષેપ વધુ દૃઢ થાય કે આ બધામાં મારૂં જ તરકટ મૂળથી હતું. એ મારાથી સહન કેમ થાય? શું તું નથી જાણતો કે હું તદ્દન નિર્દોષ છું?'


'પણ દિનેશ, તું જરા નમતું મૂકી માફી માગી ન લે?'

'શાની માફી? મારો કયો દોષ?'

'દોષ—વગરદોષનો વિચાર ન કર. તું સીનિયર છો; એને ખેલદિલીથી પટાવી લેવાની તારી ફરજ ગણુ.'

'એટલા જ માટે તો મેં કૅપ્ટનશિપ છોડી. તોય એણે એ સ્વીકારી નહિ ને ઉલટું બીજાને મોંએ કહ્યું કે દિનેશની ધર્માદા આપેલી કૅપ્ટનશિપ મારે ન જોઇએ. બોલ, તું જ કહે, આનો ઉપાય શો?'

'એ બધું ગળી જા, દિનેશ; આજે તો ટીમનું ને હાઇસ્કૂલનું નાક જવા બેઠું છે. એ સાચવવું આજે તારે જ હાથ છે. તું જો માના જા તો પછી એને હું મનાવી લઇશ.'



કૂપમંડૂપ ('ચકોર'ની કટાક્ષકથા)-૫: 'બાવો નાચે તેમ ઓટલો નાચે' એમ સિંહના વાદે શિકાર કરવા જતાં કૂપમંડૂપની દશા
(જેવી દશા આજે મોટા સામ્રાજ્યવાદની ચાલે ચાલવા જતાં જમાનામાં ટકેલી અને હિંદમાં દેશી રજવાડાંની થાય છે.)

'ભલે,' થોડીવાર શાન્ત રહી કૃતનિશ્ચય થઈ એ બોલ્યો: 'રમીશ. સુરેશ કહેશે તો હું માફી પણ માગીશ . . . પણ, કઈ ભૂલ બદલ મારે એની માફી માગવી ? ખેર, ગમે તે માટે હું માફી માગવા તૈયાર છું. જા એને સમજાવ.'

હું સીધો સિકરૂમમાં દોડ્યો. વાઈસકૅપ્ટન ધીરેન ત્યાં આગળથી જ પહોંચી ગયો હતો. એણે સુરેશને સમજાવવામાં બાકી રાખ્યું હોય તેમ લાગ્યું નહિ. સુરેશ બોલતો હતો: 'એણે જ મારી સામે ટચુકને ભેખડાવી મારો રેકર્ડ તોડવા પ્રયત્ન કર્યો. આવી ઈર્ષાને હું સહન કરૂં ? અને એણે કૅપ્ટનશિપ છોડી એ તો જાણે મારા પર ઘમંડી જ કરતો હોય એટલા માટે છોડી છે. મારે ને ટીમને હવે શું?'

મને આ અદેખા મિત્ર ઉપર ઘણો જ ક્રોધ આવ્યો. મારાથી બોલાઇ ગયું, 'સુરેશ ! આ "તું" બોલે છે ? દિનેશ તારા જેવો અદેખો નથી. એના મનની ખરી સ્થિતિ તું જાણે છે ? અને હું પૂછું છું, એને બદલે તું જ કૅપ્ટન હોય અને સારા પ્લેઅરને ટકાવવાની જરૂર હોય તો તું તેની સામે ટચુકને ન રાખે ?'

'એ હશે, પણ એને રન ન કરવાની સૂચના યે આપવી જોઇએ ને?'

'એવી સૂચના ન આપી હોય તો યે તે મુદ્દલ દોષપાત્ર નથી. છતાં જો એ ખુલાસો કરે અને ટચુક પણ કબૂલ કરે કે એ પોતાની જ ભૂલ હતી તો તો તું દિનેશને માફ કરે ને ? આજે તો ટીમની ને શાળાની આબરૂ જવા બેઠી છે. એવે વખતે તમે અંગત કારણે અતડા રહો એ તમને શોભે છે ? તને શું શાળાના ગૌરવનું અભિમાન નથી ?'

સુરેશની અક્કડાઈ ઢીલી પડતી લાગી. એ જરા જરા નરમ પડી બોલ્યો, 'દિનેશ રમે છે ? એ ન રમતો હોય ને હું રમું તો મેં જ આ બધું તરકટ કરી છેવટની તકે લાભ ઊઠાવ્યો કહેવાય. જો એ રમે તો હું રમું.'

'અરે, તું જો રમવા તૈયાર હોય તો દિનેશ તો રમવા તૈયાર જ છે. અને તું કહેતો હો તો એ તો બીચારો તારી માફી માગવા પણ તૈયાર છે. એના દિલને તું હજી નથી પિછાની શક્યો. તારે માટે એનો બિચારાનો જીવ બળીબળીને રાખ થયો છે.'

ત્યાં તો દિનેશ જ, અમને વાર લાગી જાણી સિકરૂમ તરફ આવતો જણાયો. તેને આવતો જોઈ સુરેશનું બધું વહેમવાદળ ધુમ્મસની માફક ઊડી ગયું અને એની આંખો ચમકી ઊઠી.

એટલામાં મહેન્દ્ર દોડતોદોડતો આવ્યો, 'અરે, ચાલો ચાલો ! મહેતા બ્રધર્સને બંનેને લૅવેટરીમાં જતાં મધમાખીઓ વળગી છે અને બંનેનાં મોં તથા હાથ તોડી ખાધાં છે ! તેમને માટે દવા વગેરેની વ્યવસ્થા તો ચાલે છે, પણ એમનાં મોં સૂજી ગયાં છે અને હવે રીસેસ આડી બે જ મિનિટ છે.'

અમે સમજી ગયા આ બંને ભાઇઓ નવા જ આવેલા હતા, છતાં પોતાની મમતાથી એમણે સૌને વશ કરી લીધા હતા રીઝર્વમાં રહેલા દિનેશ-સુરેશને રમવા ઊતરવા ફરજ પાડવા એમણે પોતાની રીતે નવો અખતરો અજમાવ્યો હતો. શાળાની નોક રાખવા શું શું થઈ રહ્યું છે એ જોઇ અમારા બધાની આંખમાં પાણી આવી ગયાં.

અમે ફીલ્ડ ઉપર ગયા. બંને મોટાં મીંડાંને મેં ઓપનિંગમાં જ ધકેલી દીધા. બંને આનંદમાં આવી ગયા હતા. અને ખરે જ, સામાવાળી ટીમ એમને પિચ ઉપરથી ખસેડી શકે તેમ નહોતી. તેમણે પણ જાણે, જેટલા દિવસ મીંડાં વાળ્યાં તેટલા બધા દિવસનો બદલો વાળવો હોય તેવો ઉપાડો લીધો હતો. એમના 'ચોક્કા' અને 'છક્કા' ઉપરાઉપર વાગતા જતા હતા અને પ્રેક્ષકવર્ગમાંથી કીકિયારીઓ ઉપર કીકિયારીઓ ઊઠતી હતી. (સૂચિત) પી. શ. ભારદ્વાજ

રાજવાડે

(અનુસંધાન પૃ. ૫ થી)

આ બધું કર્યા પછી પણ કાગળો છાપવાની રજા મળે એમ તો ન જ કહેવાય. એથી કુટુંબનાં રહસ્યો બહાર પડી જશે એમ કોઈને લાગ્યું તો ખેલ ખલાસ! કેટલી યે વાર તો ઉધઈ લાગી હોય એવા કાગળ હાથમાં આવે, એટલે એમાંના કેટલા યે શબ્દો તો ગુમ જ થઈ ગયા હોય; કાગળો એકબીજાને ચોંટી ગયા હોય ત્યારે તો અભ્યાસકની શી દશા થાય છે તે અનુભવી જ જાણે!

મેણવલી ગામમાં એક મહત્ત્વનું દફતર હતું. મહામુશીબતે તપાસવાની રજા મેળવી. એમાં નાના ફડણીસ, આનંદીબાઈ એવા એવા લોકોના કાગળો હતા. રોજ અઢાર કલાકની મહેનત કરી અભ્યાસ કરવાનું કામ શરૂ થયું. લેખક પ્રમાણે કાગળોનું વર્ગીકરણ થયું. કાગળોની નકલ કરવાની શરૂઆત થઈ. એક દિવસ કોણ જાણે શું થયું કે કાગળોવાળાને લાગ્યું કે સંશોધકને ઉત્તેજન ન આપવું જોઇએ. એટલે કહે કે તમે મારો એક નકશો ચોર્યો છે. અબઘડી ઘરમાંથી બહાર નીકળો! કેટલી આસ્થાથી, પ્રેમથી કામ કર્યું હતું નાના ફડણીસના આ દફતર પર! પણ પરિણામ—? આપણા લોકોનો આ ઈતિહાસપ્રેમ!

અને ઈતિહાસસંશોધકનું કામ શું કાગળો મેળવ્યે જ પતી જાય છે? ના,ના, એને તો ઘણું જોવાનું હોય છે. દફતરો, પોથીઓ ને પુસ્તકો, તામ્રપટો અને સિક્કાઓ, શિલાલેખો અને પુરાતન ઈમારતો—આ બધું જોવાય ત્યારે ઇતિહાસ લખાય. રાજવાડે આ બધો જ શ્રમ ઉઠાવતા. ગ્વાલિયરથી તંજાવર પ્રવાસ કર્યો. કાબુલમાં કાગળો મળશે એવી ખબર મળી એટલે ત્યાં ગયા. જરૂર હોય ત્યારે પગપાળા જ પ્રવાસ કરે. પછી ભલે વરસાદ હોય, તાપ કે ટાઢ! જેણે ફિતૂરી થઇ સંભાજીનાં પત્ની યેસુબાઇ અને પુત્રને પકડાવ્યાં એ સૂર્યાજી પિસાળના કાગળો એમને મહામહેનતે મળ્યા, પણ એવી શરતે કે સૂર્યાજી વિષે એક પણ કડવો શબ્દ ન લખવો! સૂર્યાજીના વંશજો પૂર્વજની આબરૂને વિષે આટલા સાવચેત હતા, એટલે એ કાગળો પ્રકટ ન જ થઈ શકયા! એક વખત સંશોધન ખાતર કુલાબાની દીવાદાંડી પરથી ખાંદેરી-ઉંદેરીના ટાપુ જોવા ગયા. માર્ગદર્શક મુસલમાન હતો. હિંદુમુસલમાનોમાં એ જ વખતે રમખાણ ફાટી નીકળ્યું હતું. રાતનો સમય હતો. મુસલમાન માર્ગદર્શક આ બ્રાહ્મણને એકલા છોડી છૂ થઇ ગયો. ભરતી આવી. રાજવાડે તણાઈ જાત, પણ તરતાં આવડતું હતું એટલે થોડીવાર નભાવી લીધું. વખતસર બે કોળીઓ આવી ચડ્યા એટલે બચી ગયા, નહિ તો સંશોધન ત્યાં જ પૂરૂં થાત! એક વાર એક માણસને ઘેર કાગળો હતા, પણ એ આપતો ન હતો. સમજાવી જોયું. ચાલ્યું નહિ ત્યારે દુર્વાસા ચીડાયા: 'યાદ રાખજે તારી વિધવા પાસેથી લઇ જઈશ!' એટલે એમ કે મારી હતાશાના શાપથી તું મરી જઈશ અને તારા મૃત્યુ પછી કાગળો પસ્તીમાં વેચાઈ જશે, ત્યારે મને મળશે જ; એના કરતાં આજે જ આપી દેતો હોય તો આપને!

રાષ્ટ્ર ખાતર આ બધું એ કરતા. ઠેરઠેર રખડતા; સવારથી મોડી રાત સુધી અવિરત પરિશ્રમ કરતા. પણ આજીવિકાનું શું? પેટ તો એનું ભાડું માગે જ ને? પરંતુ એના વાખા હતા. વસ્તીગણતરીના પત્રકમાં પોતાનો ધંધો 'ભિખારી' (મેન્ડિકન્ટ) એવો લખાવ્યો હતો! વધારે કહેવાની જરૂર નથી. કહેવાય છે કે એક રામદાસી સાધુએ પોતાને મળતી ભિક્ષામાંથી બાર વર્ષ સુધી એમનું ખર્ચ નિભાવ્યું હતું.

ઇતિહાસનું આ અગત્યનું સંશોધનકાર્ય સતત ચાલ્યા જ કરે એ હેતુથી મહારાષ્ટ્રમાં એમણે એક અજોડ સંસ્થા સ્થાપી: પૂનાનું 'ભારત ઇતિહાસ સંશોધક મંડળ.' એ અનન્ય સંસ્થા અથવા એનું કાર્ય જેમણે જોયું હશે તેમને એને વિષે વધુ કહેવાની જરૂર નથી.

ઇતિહાસંશોધનમાં જ સ્વદેશ પ્રત્યેનું કર્તવ્ય પૂરૂં થાય છે એમ રાજવાડે માનતા ન હતા. એમને બીજું પણ ઘણું કામ કરવું હતું. મૂળ તો એમને સ્વભાષાનું ખૂબ અભિમાન હતું, એટલે બધું મરાઠીમાં જ લખતા. 'હું તો બધું મરાઠીમાં જ લખવાનો. મારા ગ્રંથો વાંચવાની જેને જરૂર હોય અને મરાઠી ન આવડતું હોય તે શીખી લે.' એવો એમનો સંકલ્પ હતો. અને ખરેખર, રાજવાડેનું કાર્ય સમજવા અને તપાસવા કેટલા યે અ-મહારાષ્ટ્રીઓ (ભારતીય તેમજ યુરોપના) મરાઠી શીખ્યા છે. ભાષાશાસ્ત્રી તરીકે તો એમણે એટલું મહાન કાર્ય કર્યું છે કે એના પર યથાર્થ ટીકા કે વિવેચન કરી શકે એવા બે જ વિદ્વાનો મહારાષ્ટ્રમાં પેદા થયા છે: ચિંતામણરાવ વૈદ્ય અને ડૉ. કેતકર. ડૉ. કેતકરે લખ્યું છે: 'રાજવાડેની અનેક કામગીરીઓમાંની સૌથી શ્રેષ્ઠ કઈ એ નક્કી કરી રાજવાડેનું વર્ણન કરવાનું હોય તો એમને 'ભાષાશાસ્ત્રજ્ઞ' તરીકે ઓળખવા પડશે, અને એમને મહાન વૈયાકરણોમાં ગણવા પડશે. હેમચંદ્ર અને વરરુચિના પ્રયત્નો રાજવાડેના પ્રયત્ન આગળ કાંઇ જ નથી. ઇતિહાસાચાર્ય અથવા ઇતિહાસસંશોધક તરીકે એમને ઓળખાવવામાં આપણે આપણા અજ્ઞાનનું જ પ્રદર્શન કરીશું. હું માનું છું ત્યાં સુધી એમના બૌદ્ધિક કાર્યના ગુરુલઘુત્વનો ક્રમ આમ છે: સૌ પહેલા તો એ ભાષાશાસ્ત્રી; પછી વૈયાકરણી; તે પછી શબ્દસંગ્રાહક અને છેલ્લા ઇતિહાસસંશોધક.' એમની બધી કામગીરીનું સ્વરૂપ શાસ્ત્રીય હોવાથી એનું સ્પષ્ટીકરણ કર્યા વિના જ એમનાં લખાણોનાં થોડાં નામ આપું છું. 'તિઙન્તવિચાર', 'સુબન્તવિચાર', 'જ્ઞાનેશ્વરની મરાઠી ભાષાનું વ્યાકરણ', 'સંસ્કૃત ભાષાનો ઉકેલ', 'ધાતુકોશ' (૩૦,૦૦૦ મરાઠી ધાતુઓનો સંગ્રહ; સમગ્ર હિંદુસ્તાનમાં એના જેવો ગ્રંથ ભાગ્યે જ બીજો હશે.) આ ઉપરાંત તેઓ ભાષાશાસ્ત્રનો જે ઇતિહાસ લખવા માગતા હતા એની તો રૂપરેખા જ જોઇને આપણી આંખો અંજાઈ જાય છે. તે સિવાય એમણે ઘણાં લોકગીતો મેળવી છપાવ્યાં. કામ્રૂપ ગએલા ત્યાં મહાનુભાવ પંથનું સાહિત્ય અંધારામાં પડયું હતું એ એમણે જોયું. સાંકેતિક લિપિમાં (કોડમાં) એ લખાયું હોવાથી કોઈ વાંચી શકતું ન હતું. રાજવાડેએ તનતોડ મહેનત કરીએ સંકેત ઉકેલ્યો ને મરાઠીના પ્રાચીન સાહિત્યમાંઅસંખ્ય ગ્રંથોનો ઉમેરો કર્યો. તેઓ રસાયનશાસ્ત્રમાં પણ પ્રયોગો કરતા હતા. ૨૭મી ડિસેમ્બર ૧૯૨૬ને દિવસે એમનું મૃત્યુ ન થયું હોત તો કોણ જાણે એ કેટલું કાર્ય કરત! પણ દેશનું એટલું કમનસીબ! ડૉ. કેતકરે એમને 'સંસ્કૃતિવિકાસપ્રવર્તક' તરીકે ઓળખાવ્યા છે એ જ શબ્દમાં એમનું બધું—અને ખરેખરૂં મહત્ત્વ આવી શકે છે.

રાજવાડેના સ્વભાવ વિષે વધારે લખવાનું હોય નહિ. એમની દેશભક્તિ એટલી જ્વલંત હતી કે તેઓ દરરોજ સંધ્યા કરતી વખતે પિતૃઓનું તર્પણ કરવાનું હોય છે ત્યારે શિવાજી, રામદાસ ને મોટા માધવરાવ પેશવા—એ ત્રણનું તર્પણ કરતા! અસહકારમાં એમને એટલો બધો વિશ્વાસ હતો કે એ કોઇપણ દિવસ સમાધાનમાં માનતા જ નહિ. એમનું વ્યસન એક જ—'સ્વત્વરક્ષણ.' નાનપણથી જ દુર્વાસા કે જમદગ્નિ જેવો સ્વભાવ હોવાથી લોકો એમનાથી દૂર જ ભાગતા. સ્વચ્છતા વિષે એમને ખાસ આગ્રહ હતો. હાથે જ પોતાનાં કપડાં ધોતા, હાથે જ રાંધતા અને સંન્યાસીને એ જ શોભે ને? એક વખત મિત્રોમાં હરીફાઇ ચાલી—કોણ વધારે ફળો ખાઈ શકે છે! રાજવાડેએ ૧૫૦ કેળાં ને છ રૂપિયાની લીલી દ્રાક્ષ એક જ બેઠકમાં પૂરી કરી! આ પરથી એમના આગ્રહી સ્વભાવ વિષે ખ્યાલ આવશે.

વસન્ત જોષી

સ્વર્ગસ્થ કવિવર નાનાલાલ

[એમના જીવનના વિધવિધ સમયની લાક્ષણિક છબિમાળા માટે જુઓ પાછલા પૂંઠામાં]



'અહો ! મહાકાલની વાસુકીફણા !
હા ! સર્વભક્ષી યમકેરી યન્ત્રણા !
તથાપિ મૃત્યુ રસનાં નથી—નથી;
સૌંદર્ય ને સ્નેહ અજીત મૃત્યુથી.'

આ જીવન જેણે ગાન ભરીભરીને હૃદયની અવિરત વસંતને ગાઈ અને રસરૂપ આત્માની અમર કલાનાં પ્રફુલ્લ રૂપરંગ ખીલવ્યાં, જેણે નિર્જીવ ઇતિહાસને નિર્ગળી કાંઢી વતનનાં ભવ્ય મહિમાસ્તોત્રો અને પ્રેમભક્તિનાં મહાસૂત્રો ઉચ્ચાર્યાં, જેણે ગુર્જરી ગિરાને અવનવા અલંકારોથી વિભૂષિત કરી તેની આત્મકલાને ઓજસ્વતી બનાવી અને સાન્તમાં અનંતનો ને ક્ષરમાં અક્ષરનો અલખ જગાવ્યો, એ ગુજરાતનો અનન્ય રસરાજવી અને કવિકુલદીપક આજે શતદલપદ્મમાં પોઢી ગયો છે. ગુજરાતમાં નવયુગનું પહેલું વૈતાલિક ગાનાર કવિ દલપતરામના સવાયા કવિપુત્ર નાનાલાલનું ગઈ તા. ૯મી જાન્યુઆરી ને બુધવારના રોજ રાત્રે ૧૧-૩૫ વાગ્યે અમદાવાદમાં અવસાન થયું.

એમનો જન્મ સંવત ૧૯૩૩ના ચૈત્ર સુદ એકમ (ગૂડીપડવો) ને શુક્રવાર તા. ૧૬મી માર્ચ ૧૮૭૭ના રોજ અમદાવાદમાં શ્રીમાળી બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. અર્વાચીન ગુજરાતના એક મુખ્ય વિધાયક ને નામાંકિત કવિ દલપતરામના એ ચોથા પુત્ર.

ઊગતી વયે ખૂબ તોફાનમસ્તી કરતા 'નાના ભાઇ'ને અમદાવાદમાં પ્રાથમિક ને માધ્યમિક શિક્ષણ પૂરું થતાંમાં પિતા દલપતરામે મોરબી પ્રો. કાશીરામ દવે પાસે મોકલ્યા; ને એ સચ્ચીલવંતા સંસ્કારમૂર્તિ અધ્યાપકના સહવાસે આ મસ્ત કિશોરની પ્રકટ થવા મથતી શક્તિઓને યોગ્ય વહેણ આપ્યું.

ઈ. ૧૮૯૩માં મૅટ્રિક થઈ ૧૮૯૫ સુધી મુંબાઈના એલ્ફિન્સ્ટન કૉલેજમાં, ૧૮૯૬માં અમદાવાદમાં ગુજરાત કૉલેજમાં, અને પછી પૂનાની ડેક્કન કૉલેજમાં અભ્યાસ કરી, ૧૮૯૯માં તેઓ તર્કશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનનો ઐચ્છિક વિષય લઈ સેકન્ડ ક્લાસ બી.એ. થયા અને ૧૯૦૧માં ઇતિહાસ, અર્થશાસ્ત્ર અને રાજકારણના વિષયો સાથે એમ.એ. થયા. પહેલી એલએલ. બી. પછી અભ્યાસ બંધ કરી એમણે ૧૯૦૨માં ૮૦ રૂપિયાના પગારે સાદરાની રૅકૉટ કૉલેજમાં હેડમાસ્તરની જગ્યા લીધી. દરમ્યાન ૧૮૯૮માં પિતા દલપતરામનું મૃત્યુ થયું હતું અને કવિની નવી ડોલનશૈલીનું પ્રથમ કાવ્ય 'વસંતોત્સવ' ઈ. ૧૮૯૯થી 'જ્ઞાનસુધા' માસિકમાં ક્રમશઃ પ્રકટ થવા માંડ્યું હતું.

એ કાવ્યના સર્વથા નાવીન્યગુણે સાહિત્યસૃષ્ટિમાં મોટાં આશ્ચર્ય ને પ્રત્યાઘાત ઉત્પન્ન કર્યા. પોતાની કવિતાને 'છંદનાં ઝાંઝર સાંકડાં પડ્યાં' એટલે ગુર્જરીને 'ડોલનશૈલી'ની આ નવી કર્ણમંજરીથી કવિએ વિભૂષિત કરી છે અને બહુધા એમનાં બધાં નાટકો ને થોડાં લાંબાં કાવ્યો આ શૈલીમાં લખાયાં છે.

સાદરામાં બે વર્ષ ગાળી ઇ. ૧૯૦૪માં તેઓ રાજકોટની રાજકુમાર કૉલેજમાં ૧૫૦ રૂપિયાના પગારે પ્રોફેસર તરીકે ગયા ને ૧૯૧૩ સુધી એ પદ પર રહ્યા. ત્યાં એમના શિક્ષણકૌશલથી પ્રસન્ન થઈ રાજકોટનરેશ સ્વ. લાખાજીરાજે સરકાર પાસેથી એમની નોકરી ઉછીના માગી એમને રાજકોટ સંસ્થાનના સર ન્યાયાધીશ નીમ્યા.

૧૯૧૬માં તેઓ રાજકુમાર કૉલેજના વાઈસ પ્રિન્સિપાલ તરીકે એજન્સીની નોકરીમાં પાછા ફર્યા અને ૧૯૧૯માં એજન્સીના કેળવણીખાતાના એજ્યુકેશનલ ઑફિસર નીમાયા. પરંતુ બે જ વર્ષ બાદ ઇ. ૧૯૨૧માં કવિના જીવનમાં મોટું પરિવર્તન આવ્યું.

દક્ષિણ આફ્રિકાનો સત્યાગ્રહ સફળ કરીને દેશ આવેલા ગાંધીજીએ હિંદના રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. એ 'ગુજરાતના તપસ્વી'ને કવિએ આકંઠ બિરદાવ્યા હતા અને એમના સાપ્તાહિક 'નવજીવન'માં ગુજરાતીઓને 'પ્રજાશરીરનો ઘસારો' સમજાવી 'નવપલ્લવતા'નો સંદેશ દીધો હતો. રાષ્ટ્રોત્થાનના એ નવચોઘડિયે 'શકુનની ઘડીઓ' ગાઇ કવિએ ઘેરો શંખનાદ ફૂંક્યો અને ૧૯૨૧ના રાષ્ટ્રજુવાળમાં સરકારી નોકરીને તિલાંજલિ આપી કવિ અમદાવાદ આવ્યા.

પણ અહીં, દેશના દુર્ભાગ્યે, ઊર્મિવશ કવિની જીવનનાવ પ્રત્યાઘાતના ખડક સાથે અથડાઇ, અને અમુક સંજોગોથી કવિહૃદયને લાગેલા ક્ષોભે એવા તો ગાઢ પૂર્વગ્રહનું રૂપ લીધું કે તે ઘડીથી કવિએ રાષ્ટ્રના વર્તમાન યુગપ્રવાહમાંથી રૂસણું લઇ સાહિત્યજીવનનો ક્ષેત્રસંન્યાસ લીધો. શરૂમાં એમને ઘણો જ કપરો કાળ પણ ગાળવો પડ્યો, પરંતુ એથી લેશમાત્ર ધ્યેયચ્યૂત ન થતાં, કોઇ રજવાડાની, ખાનગી કે સરકારી નોકરી ફરી એમણે ન લીધી તે ન જ લીધી, અને જીવનના અંત લગી આદર્શ સાહિત્યસેવીનું તપોમય બ્રાહ્મણજીવન એ જીવી રહ્યા.

સાહિત્યજીવનની દૃષ્ટિએ આમ સ્વધર્મરત બનેલા કવિએ એ આખી પચ્ચાસીમાં ગુજરાતને ગદ્યપદ્યની સમૃદ્ધિથી ભરી દીધું છે; છતાં પૂર્વગ્રહના ગ્રંથીને કારણે જો તેઓ જીવનસંપર્કથી અળગા ન રહ્યા હોત તો ગુજરાતના એ મહાકવિ જગતકવિ બન્યા હોત એવી પ્રખર શક્તિના એ સ્વામી હતા. પોતાના છેલ્લા ભાષણમાં એમણે એ ગ્રંથીનિર્દેશતો આત્મનિરીક્ષણનો બોલ ઉચ્ચાર્યો છે કે 'માનાપમાનને જીત્યાં હોત તો સાધુપેરે પૂજાતો હોત.'

અને તો યે ગુજરાતે તો એમના પ્રત્યેના આદર ને પૂજ્યભાવમાં કદિ ઊણપ આવવા દીધી નથી. ઇ. ૧૯૨૮-૨૯-૩૦માં ગુજરાતે એમનો સુવર્ણજન્મોત્સવ જે ઉમળકાથી ઊજવ્યો તેવો કોઇ જીવંત સાહિત્યકારનો ઉજવાયો જાણ્યો નથી.

જીવનનો છેલ્લો દાયકો કવિ દેહનાં દર્દો સાથે લડતા રહ્યા, છતાં એમની સરસ્વતીપૂજા તો જીવનના અંત સુધી અખંડિત રહી. આયુષ્યનાં વર્ષોથી યે અદકી સંખ્યાનાં ગ્રંથરત્નો આપતી એમની સર્જનપ્રતિભાએ સાહિત્યનાં સર્વ ક્ષેત્રોમાં પોતાનાં તેજ પાથર્યાં છે.

કલ્પનાનાં ઊંચાં શિખરો આંબતી અને તેજભરી પાંખોએ વિહરતી એમની કવિતા અમરયૌવના દિવ્ય સુંદરી છે; અને શબ્દના કંકરમાં રસળતું એમનું ગદ્યઝરણું, આરોહ-અવરોહના ખળખળ ધ્વનિથી ગાજતું ને

(અનુસંધાન આગળ પાન ૧૬મે)

જીવનદ્રષ્ટા કાકાસાહેબ

"મારી ને કૉંગ્રેસની ઉમર સરખી છે. કૉંગ્રેસની પ્રગતિ એ મારા જીવનનું દર્શન. પણ ગાંધીજી આવ્યા ત્યાં લગી કૉંગ્રેસ પ્રત્યે મને જરા યે નિષ્ઠા ન હતી. ૧૮૫૭ને અંતે ઘણા માણસો નાસિપાસ થઈને સંન્યાસી થઈ ગયા એ હતપ્રભ દશા મેં જોઈ હતી . . . . મૂળ તો હું ક્રાન્તિકારી હતો. ક્રાન્તિકાર તરીકેનાં મારાં એ પરાક્રમો કહું તો 'સ્મરણયાત્રા' આગળ ચાલે. પણ મેં જોયું કે ક્રાન્તિ સસ્તી ચીજ નથી. ક્રાન્તિની તૈયારી માટે કેળવણીની જરૂર છે એમ મેં જોયું; ને ત્યારે હું કેળવણીકાર થયો. પછી તો કેળવણીની સેવા કરતાંકરતાં હું સાહિત્ય સુધી આવ્યો. વચ્ચે પત્રકાર પણ થયો. આજે પ્રચારક થયો છું. પણ મૂળે તો જેવો હતો તેવો (ક્રાન્તિકાર) જ છું. પ્રસંગ આવ્યે જ એ ક્રાન્તિને બહાર કાઢવી એટલો સંયમ હું જાળવું છું. બાકી, હું ક્રાન્તિકાર હતો, છું ને એમ જ મરવાનો છું."



અમદાવાદમાં ષષ્ઠિપૂર્તિ પ્રસંગે કાકાસાહેબ (ફોટો · નરેન્દ્ર રાવળ)

ક્રાન્તદર્શી સાહિત્યકાર, રાષ્ટ્રીય કેળવણીના આચાર્ય ને આર્ષ જીવનના દ્રષ્ટા કાકાસાહેબ કાલેલકરે ગયા (ડિસેમ્બર) માસની પહેલી તારીખે સાઠ વર્ષ પૂરાં કર્યાં તે નિમિત્તે ગુજરાત સાહિત્ય સભાએ હમણાં એમનો ષષ્ઠિપૂર્તિ સમારંભ ઊજવ્યો, એ પ્રસંગે પોતાને એમણે જે રીતે ઓળખાવ્યા તેનું અવતરણ આ ઉપર આપ્યું છે. આ શુભ પ્રસંગમાં 'કુમાર' પોતાનો ફાળો આનંદ, આદર ને કૃતજ્ઞભાવે નોંધાવે છે. 'કુમાર'ના વાચકોને કાકાસાહેબનો પરિચય નવો આપવાપણું ન હોય; કેમકે, કુમારજીવનની ઘડતરકથાની આપવીતી આલેખતા ગુજરાની સાહિત્યના અનન્ય સર્જન—એમની 'સ્મરણયાત્રા'—ના પ્રથમ આસ્વાદનું સદ્ભાગ્ય 'કુમાર'ના વાચકોને જ મળ્યું છે; અને તે ઉપરાંત પણ પ્રવાસ ને જીવનદર્શનના અનેક રસભર લેખો દ્વારા એ આજન્મ કેળવણીકાર પાસેથી દીક્ષામંત્ર પણ એમને મળ્યા છે. આ પ્રસંગે એમને દીર્ઘ અને ઇષ્ટતમ આયુષ્ય ઈચ્છી, 'શિક્ષણ અને સાહિત્ય'માં શ્રી મગનભાઈ દેસાઇએ કરાવેલા એમના જીવનદર્શનમાંથી થોડો ભાગ તારવીને અત્રે ઉતારીએ છીએ.

'ઈ. ૧૮૮૫ના ડિસેમ્બરમ (૧લી તારીખે) કૉંગ્રેસની જોડે કાકાસાહેબ જન્મ્યા, અને આ સદીના પહેલા દસકામાં પૂનામાં તેમનું માનસ-ઘડતર થયું. પૂના પોતાના વિદ્યા-વ્યાસંગને માટે તો આજે ય જાણીતું છે; પરંતુ એ દસકામાં તે ગોખલે અને ટિળકની કર્મભૂમિ હતું. બંગભંગના જહાલ દિવસો એ હતા. સ્વદેશી રાષ્ટ્રવાદનો ઉદયકાળ એ હતો. કાકા એ રંગે પૂરા રંગાયા; અને એ રંગ એવો પાકો છે કે આજ સુધી વિકસતી રહેલી રાષ્ટ્રની લડતના તાપથી પણ એ ઉપટયો નથી, બલ્કે ખીલ્યો છે. કાકા જો મૂળે સાક્ષર કે સાહિત્યકાર જ હોત તો કયારના એ એમાંથી પરવારી ગયા હોત. પરંતુ એમની મૂળ પ્રેરણા શિક્ષણ દ્વારા રાષ્ટ્રસેવા હોવાથી જ આજ સુધી એમાં એ અડીખમ ઊભા છે.

અને એમનો આ રાષ્ટ્રપ્રેમ એક ધર્મ જેવો એમના જીવનમાં જડાએલો છે. જીવનમાં ધાર્મિકતાની નિષ્ઠાનો વારસો એમને એમનાં માતપિતા પાસેથી મળ્યો લાગે છે. એની ગળથૂથી એમને શ્રી અરવિંદબાબુના રાષ્ટ્રવાદી અધ્યાત્મમાંથી મળી હોય; કદાચ લાલાજી અને ખાસ કરીને લોકમાન્યનાં વિદ્યાનિષ્ઠ સ્વદેશપ્રેમ અને સંસ્કૃતિભક્તિ તથા કર્મયોગે એનો દેહ ઘડ્યો હોય; કદાચ રવીન્દ્રનાથની કાવ્યશક્તિએ એમાં મધુરતા આપી હોય; અને એવા કયાકયા પ્રવાહો એ ધર્મદૃષ્ટિના નિર્માણમાં મળ્યા હશે એ રસિક અભ્યાસ ગણાય; પણ અહીં તો એટલું જ બસ છે કે કાકાની ભાવનાસૃષ્ટિમાં રાષ્ટ્ર એક દેવતા બનેલો છે અને એમની આ ભાવના આર્ય સંસ્કૃતિના પાયા પર ઊભી છે. કાકાનું મુખ્ય ચિંતનમનન આર્ય વિદ્યાઓનું છે, ને એ દ્વારા એમણે અર્વાચીનને નિહાળવા, જાણવા ને નિરૂપવા પ્રયત્ન કર્યો છે.

રાષ્ટ્રીય શિક્ષણની સેવામાં એ, સનાતની અને આર્યસમાજી બંને ગુરુકુલો જોઈ આવ્યા છે; સાધુઓના સમાગમમાં ફરીને આપણા એ ફરતા લોકશિક્ષકોને એમણે જોયા છે; રામકૃષ્ણ મિશન અને ત્યાંનો નવા ઢબે યોજાએલો સેવાપરાયણ સંન્યાસ પણ એમણે જોયો છે; તે શાંતિનિકેતન પણ ગયા, પણ કાવ્ય અને કલાના એ ધામે કાકાના રાષ્ટ્રપ્રેમી કલાત્માને પૂરા ખેંચી ન લીધા. પરંતુ ત્યાં એમને ૧૯૧૫માં ગાંધીજી મળ્યા, અને એમનામાં એમને ઘર જડયું. કારણ, ગાંધીજીમાં આપણો રાષ્ટ્રધર્મ, તેના આર્યધર્મના પાયાથી માંડીને બધા મજલાઓને જ્ઞાનપૂર્વક આવરી લઈને મૂર્તિમંત થયા છે. કાકાના પ્રવાસી જીવે અંતે એમાં પોતાની ખોળનું વસ્તુ જોયું.

ગુજરાતમાં ગાંધીજીએ આદરેલા યુગકાર્યમાં અને તેના નવસર્જનમાં કાકાએ અગ્રગણ્ય ભાગ ભજવ્યો છે, અને 'અક્ષરદેહે' તેની ભાષામાં એ અંકાઈ ચૂકયો છે હાઇસ્કૂલના આરંભથી માંડીને એમ. એ. સુધી આજ કાકા વંચાય છે એવી વિવિધ ને વિપુલ સામગ્રી એમણે ગુજરાતને ચરણે ધરી છે. ગુજરાતને કાકાની આ ભેટ ધન્ય કરે છે. તેના સાહિત્યના ઇતિહાસમાં એ વડે કાકા અમર સ્થાન પામ્યા છે. એને કાળ પણ ન હણી શકે. રાષ્ટ્રદેવની આરાધનાનું એ સાહિત્ય આપવાને માટે ગુજરાત એમનું હમેશનું ઋણી રહેશે. ભારત ને ભારતીની સેવામાં કાકાસાહેબ ઘણું જીવો.'

હિંદમાં વિજ્ઞાન

હિંદમાં પાશ્ચાત્ય વિજ્ઞાનના પ્રવેશ અને વિકાસની સિલસિલાબંધ સમાલોચના

લેખક · ડૉ. કાન્તિલાલ છ. પંડ્યા

જ્યારે વિજ્ઞાનની, વિજ્ઞાનની શોધોની તથા તે શોધોમાંથી નીકળેલાં અસંખ્ય વ્યાવહારિક ને વિચારાત્મક અનેક લાગણીફળોની પ્રગતિ જોઇએ છીએ ત્યારે આપણને–હિંદવાસીઓને–બીજાઓની સાથે એક એ લાગણી પણ થાય છે કે અત્યારે જે દેશો વિજ્ઞાનનાં જન્મભૂમિ સમાન ક્ષેત્રો છે તે દેશો જ્યારે તદ્દન જંગલી અને અજ્ઞાન હતા તે વેળાએ આપણા દેશમાં સંસ્કાર, સંપત્તિ, કળાકૌશલ્ય, વિજ્ઞાન વગેરેની લગભગ અપૂર્વ ખીલવણી હતી. પણ, વિજ્ઞાનના આરંભમાં હિન્દ ચીન વગેરેનો ગમે તેટલો ફાળો હતો એમ આપણે માનતા હોઇએ,–અને બીજા દેશના વિદ્વાનો પણ કેટલેક અંશે તેમ માનવા લાગ્યા છે—તો પણ આપણે એ વાતો કબૂલ કરવી પડે છે, શોકથી ને શરમથી કબૂલ કરવી પડે છે: એક તો એ કે વિજ્ઞાનના આરંભનો જૂનો ઇતિહાસ લગભગ અલભ્ય છે અને તેને મેળવી સજીવન કરવાના તથા સમજાવવાના પ્રયત્નો આપણે બહુ જૂજ કર્યા છે; પણ આ કામ આપણે નહિ કરીએ તો કોણ કરશે ? બીજી વાત એ છે કે પાછલી હકીકત ગમે તે હોય, પણ વર્તમાન વિજ્ઞાનની પ્રગતિમાં હિંદીઓનો હિસ્સો, એકંદરે, સ્વલ્પ છે. આપણે ત્યાં છેલ્લાં વીસેક વર્ષમાં જ જાણે કાંઈક શરૂઆત થઇ છે એમ કહી શકાય, અને તે પણ બેત્રણ ક્ષેત્રોમાં જ. એટલે એકંદરે વર્તમાન વિજ્ઞાનમાં હિંદનું સ્થાન બહુ પાછળનું છે. આ છેલ્લી લડાઇએ એટલું સ્પષ્ટ કર્યું છે કે વિજ્ઞાનના યુદ્ધ સંબંધી વ્યાવહારિક પ્રયોગોમાં હિંદીઓએ અને હિંદે બહુ મોટો ફાળો આપ્યો છે; એટલે જો શાંતિ-સમયમાં ય આવા પ્રયત્નો ને સંગઠન ચાલુ રહે તો ભવિષ્યને માટે બહુ સારી આશા રાખી શકીએ.

એક બંગાળી વિદ્વાન બ્રજેન્દ્રનાથ શીલે એક ઉત્તમ પુસ્તક આ વિષયમાં અર્પણ કર્યું છે: 'The Positive Sciences of the Hindus'. એવું જ બીજું પુસ્તક આચાર્ય પ્રફુલ્લચન્દ્ર રાયે 'પ્રાચીન હિંદુઓનું રસાયન' કરીને બે ભાગમાં અંગ્રેજીમાં પ્રકટ કર્યું છે. પરંતુ આ બંને ગ્રંથો આજના જમાનામાં જાણે દટાઈ જ ગયા છે: લાયબ્રેરીઓમાં પણ તે બહુ સુલભ નથી, અને આજના ભણેલાઓ કે ન ભણેલાઓની વાતમાં આ ગ્રંથો ભાગ્યે જ દેખાવ દે છે. આચાર્ય રાયના અંગ્રેજી ગ્રંથનો ટૂંકો ગુજરાતી સાર ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીએ ત્રીસેક વર્ષ પર, રા. પર્જન્યરાય મેઢની કલમથી લખેલો, પ્રકટ કર્યો હતો; પરંતુ એ પણ ગુજરાતમાં ધ્યાન ખેંચી શક્યો નથી.

ગુજરાતી સાહિત્યમાં વૈદક ઉપર જ જરાતરા ધ્યાન, ઇતિહાસની દૃષ્ટિએ, ગયું હોય એમ લાગે છે, અને વૈદ્યકશાસ્ત્રના ઇતિહાસ ઉપર હિંદની દૃષ્ટિથી કાંઈક લખાયું છે. પરંતુ વિજ્ઞાનનો ઇતિહાસ, મૌલિક રીતે, ગઈ કાલ–આજ–આવતી કાલ એ ત્રણેની ઉપર દૃષ્ટિ રાખીને, તેમજ કેવળ યુરોપથી કે દેશાભિમાનથી અંજાયા વિના એશિયા ખંડમાંના વિજ્ઞાનના જન્મનો અભ્યાસ કરીને, લખવાનો તો હજી બાકી જ છે. અંગ્રેજી ભાષામાં યૂરોપીય દૃષ્ટિથી લખાએલા વિજ્ઞાનના ઇતિહાસો, કેટલાક તો ઘણી વિદ્વત્તાથી યુક્ત, મોજૂદ છે. તેવામાંના કોઇનો અનુવાદ કે અવતાર પણ હજી થયો નથી. એનું મુખ્ય કારણ એ જ છે કે હજી આ વિષય તરફ, તેનો અભ્યાસ કરવા તરફ પણ, આપણું ધ્યાન ગયું નથી.

અત્યારે તો એક જ શુભ ચિહ્ન છે. તે એ કે વિજ્ઞાનનો અભ્યાસ જેમ કૉલેજો, યુનિવર્સિટીઓ ને અન્ય સંસ્થાઓમાં વધવા લાગ્યો છે, તેમ આ મહાભારત વિગ્રહને પરિણામે હિંદી સરકારનું પણ ધ્યાન, મોડું મોડું–અતિ મોડું પણ–આ વિષય તરફ દોરાયું છે, અને વિજ્ઞાનના અભ્યાસની પ્રગતિ કરવા એ સરકારના પ્રયાસો પણ ધીરેધીરે મૂર્તિમંત થવા લાગ્યા છે દિલ્હીનું 'ડિપાર્ટમેન્ટ ઑવ સાયન્ટિફિક ઍન્ડ ઈન્ડસ્ટ્રીઅલ રીચર્સ' નામનું ખાતું એ એનું એક ઉદાહરણ છે; અને હવે સર અરદેશીર દલાલને હાથે વધુ સંસ્થાઓની સ્થાપના થવાનાં પગલાં પણ લેવાયાં છે. હિંદમાં વૈજ્ઞાનિક નોબેલ પારિતોષિક મેળવનાર માત્ર એક જ છે, ને F.R.S. થનારા હવે દસથી વધુ છે, એ પણ એક નાનું છતાં શુભ ચિહ્ન જ ગણી શકાય.

આવી સ્થિતિમાં, હિંદમાં પાશ્ચાત્ય વિજ્ઞાનના પ્રવેશનો ને ખીલવણીનો આરંભ કેવી રીતે થયો તે ઉપર પ્રકાશ પાડનાર કેટલીક હકીકત અંગ્રેજી 'નેચર' પત્રના એક અગ્રલેખમાં આવી છે [૧] તેમાંની કેટલીક માહિતી આ વિષયના અનુસંધાનમાં ઐતિહાસિક તેમજ વૈજ્ઞાનિક રીતે રસ પડે તેવી ને ઉપયોગી છે.

હિંદની આધુનિક વૈજ્ઞાનિક પ્રગતિ બે જુદાજુદા કોણથી લગભગ સમાન્તર, આગળ વધી છે. એક કોણ સરકારની પ્રવૃત્તિનો ને બીજો બીનસરકારી પ્રવૃત્તિનો. જોકે ઘણી પ્રવૃત્તિઓમાં બંનેનો સહકાર પણ છે. આ બંને કોણોની પ્રવૃત્તિઓ ૧૮મી સદીની આખરમાં શરૂ થઇ હતી ને બંનેનો જન્મ કલકત્તામાં થયો હતો; કારણ કે કલકત્તા ઈસ્ટ ઇન્ડિયા કંપનીની હિંદી રાજધાની હતી, ને ઇ. ૧૮૫૮ પછી હિંદી સરકારની રાજધાની હતી, જે છેક ઈ. ૧૯૧૧ના ડિસેમ્બરમાં પાટનગર ન્યૂ દિલ્હી થયું ત્યાં લગી રહેલી.

સરકારી વૈજ્ઞાનિક પ્રવૃત્તિનો આરંભ કેટલીક તદ્દન નવી નિમણૂકોથી થયો. શિવપુરના[૨] વનસ્પતિ-ઉદ્યાનોના સુપરિન્ટેન્ડેન્ટ[૩]ની નિમણૂક સન ૧૭૮૮માં થઈ કલકત્તાની ટંકશાળમાં રાસાયનિક પરીક્ષાનો વડો[૪] ૧૭૯૨માં નિમાયો. સરકારી ભૂશાસ્ત્રી[૫] સન ૧૮૧૮માં નિમાયો; સન ૧૮૦૦માં ત્રિકોણમિતિના 'સર્વે'[૬]નું ખાતું સ્થપાયું અને સન ૧૭૯૨થી ૧૮૨૪ લગીમાં ખગોલ તથા હવામાનના અવલોકનની કેટલીક વેધશાળાઓ[૭] સ્થપાઇ. આ પ્રમાણે વનસ્પતિશાસ્ત્ર ધાતુશાસ્ત્ર, ભૂશાસ્ત્ર, ત્રિકોણમિતિ, ખગોળ ને હવામાન વગેરેનાં અભ્યાસ ને અવલોકનની શરૂઆત તે શાસ્ત્રોના અંગ્રેજ વિદ્વાનોએ હિંદમાં શરૂ કરી. ધીરેધીરે તે સર્વને પરિણામે અર્વાચીન સંશોધનનાં નવાં ખાતાંઓ હિંદમાં સ્થપાયાં જે આજ પણ વિકસિત ને મોજૂદ છે ૧૮૫૧માં ભૂશાસ્ત્રીય સમાલોચનાનું,[૮] ૧૮૭૫માં હવામાનની સમાલોચનાનું,[૯] ૧૮૭૮માં હિંદની સમાલોચનાનું[૧૦] અને ૧૮૭૯માં વનસ્પતિશાસ્ત્રવિષયક સમાલોચનાનું[૧૧] એમ આજે

---

૧ 'Nature,' May 5, 1945, ૨ Sibpur, ૩ Superintendent of the Botanical Gardens, ૪ Assay-Master, ૫ Geologist, ૬ Trigonometrical Survey, ૭ Astronomical and Meteorological Observatories ૮ Geological Survey, ૯ Meteorological Survey, ૧૦ Survey of India, ૧૧ Botanical Survey, ૧૨ Applied Sciences, ૧૩ Research

સંસિદ્ધ થએલાં ખાતાંઓ જન્મ્યાં. એમની પાછળ, ૧૯મી સદીની આખરમાં ને ૨૦મી સદીમાં, વ્યવહારોપયોગી વિજ્ઞાનના[૧૨] અભ્યાસને માટે સંશોધન-સંસ્થાઓ[૧૩] ધીરેધીરે નીકળવા લાગી. ઉદાહરણ તરીકે ખેતી સંબંધી શોધખોળોને માટે ૧૮૮૫થી ૧૯૦૩ લગીમાં કેટલીક સંસ્થાઓ ઊઘડી; ગાય, ભેંસ, ઘોડા વગેરે જનાવરો સંબંધી અભ્યાસ (શાલીહોત્ર)ને માટે[૧૪] ૧૮૯૦થી ૧૯૨૫ લગીમાં સ્થપાઈ; વન-વગડા સંબંધી[૧૫] ૧૯૦૬માં; વૈદ્યકશાસ્ત્ર સંબંધી પણ ૧૯૦૬માં અને સાર્વજનિક આરોગ્ય[૧૬] સંબંધી તો છેક ૧૯૩૪માં. આમ એક કે વધુ સંસ્થાઓ હિંદમાં સ્થપાઈ ને દરેકને અંગે વધતાઓછા અંશમાં અભ્યાસ, અવલોકન ને શોધખોળો સંસિદ્ધ થવા લાગ્યાં.

તદ્દન સરકારી આ સંસ્થાઓની સાથે બીજી એક પ્રવૃત્તિ પણ શરૂ થઈ, જેમાં બીનસરકારી અંશો ધીરેધીરે વધતા ગયા. તે પ્રવૃત્તિમાં વિજ્ઞાનના ઉપરાંત બીજા ઘણા અંશો પણ હતા; કારણ કે તે પ્રવૃત્તિ યુનિવર્સિટીઓની સ્થાપનાની હતી. સન ૧૮૫૭માં હિન્દના ત્રણ ખૂણામાં, મુંબાઈ, કલકત્તા ને મદ્રાસમાં ત્રણ યુનિવર્સિટીઓ સ્થપાઈ, બળવાના વર્ષમાં જ. ચોથે ખૂણે લાહોરમાં ૧૮૮૨માં સ્થપાઈ અને મધ્યમાં અલ્લાહાબાદની યુનિવર્સિટી ત્રીસ વર્ષ પછી સન ૧૮૮૭માં સ્થપાઈ. તે પછી ૨૦મી સદીમાં બીજી ઘણી યુનિવર્સિટીઓ આમાંથી નીકળી છે: ઢાકા, કાશી, અલીગઢ, નાગપુર, મૈસૂર, હૈદરાબાદ, લખનૌ, આગ્રા, ત્રાવણકોર, પટણા વગેરે. તે ઉપરાંત કર્વેની સ્ત્રીઓની યુનિવર્સિટી થઇ છે. અને ઓરિસ્સા, સિંધ, પૂના, રાજપૂતાના, આંધ્ર, ગુજરાત વગેરેની યુનિવર્સિટીઓ વિષે વિચારણા તથા પ્રયાસો ચાલે છે.

આ ઉપરાંત લગભગ એવી જ પદવીની એક મોટી વિજ્ઞાન-સંસ્થા બૅંગલોરમાં 'ઇન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑવ સાયન્સ'ના નામથી ૧૯૧૧થી ચાલુ થઈ છે. મુખ્યત્વે તાતાની ઉદાર સખાવતને આભારી એ સંસ્થાને હિંદી, મદ્રાસી ને મૈસુરી સરકારોનો પણ સારો ટેકો છે.

આ સંસ્થાઓમાં વિજ્ઞાનની ઘણી શાખાઓના ખાસ શિક્ષણની સવડ છે: કેટલેક સ્થળે વધારે ઉંચી તાલીમની ને શોધખોળની વ્યવસ્થા પણ છે. સામાન્ય વિજ્ઞાનની શાખાઓ ઉપરાંત વ્યવહારિક વિજ્ઞાનની તાલીમ—જેવી કે ખેતી, વૈદક, એન્જીનીઅરિંગ, રાસાયનિક ઉદ્યોગો વગેરે—ની ગોઠવણ પણ કોઇકોઇ યુનિવર્સિટીમાં સારી છે.

બીનસરકારી પ્રવૃત્તિઓના પ્રવાહની શરૂઆત પણ ૧૭૮૪થી થઈ તે વખતે સર વિલ્યમ જોન્સ જેવા નામાંકિત ભાષાવિદે અને સંસ્કૃતના વિદ્વાને 'એશિયાટિક સોસાએટી'નો[૧૭] પાયો મૂકયો. એ સોસાએટી હવે 'રૉયલ એશિયાટિક સોસાએટી ઑવ બેંગાલ'ના નામથી મશહૂર છે. આ સોસાએટીની પ્રવૃત્તિમાંથી હિંદની ઘણીખરી બીનસરકારી ને કેટલીક સરકારી પ્રવૃત્તિઓ પણ ઉદય પામી છે. તે ઉપરાંત સાહિત્ય, ઇતિહાસ, પુરાતત્ત્વ,[૧૮] ભાષાશાસ્ત્ર[૧૯] વગેરેમાં ઘણું કામ થયું છે તે તો જુદું. વળી સન ૧૮૬૬થી કલકત્તાનું હિંદી સંગ્રહસ્થાન[૨૦] આરંભ પામ્યું છે તેનો આધાર ને જન્મ પણ શરૂઆતમાં આ એશિયાટિક સોસાએટીના સંગ્રહોમાંથી જ થયો છે. સરકારી હિંદી પ્રાણીશાસ્ત્રની સમાલોચનાનું ખાતું,[૨૧] જે સન ૧૯૧૬માં ઊઘડયું, તે આ સંગ્રહસ્થાનના પ્રાણીશાસ્ત્રના વિભાગમાંથી જ અવતરેલું છે. તે જ પ્રમાણે આજ ઘણી ખ્યાતિ પામેલી 'ઇન્ડિયન સાયન્સ કૉંગ્રેસ એસોસીએશન' (અખિલ હિંદ વિજ્ઞાન પરિષદ)ની માતા પણ આ જ એશિયાટિક સોસાએટી છે, કારણ કે એણે જ આ વિજ્ઞાન પરિષદની પહેલી બેઠક સન ૧૯૧૪માં મેળવી તે જ ન્યાયે વિજ્ઞાનપરિષદમાંથી ૧૯૩૫માં જન્મેલી 'નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ઑવ સાયન્સિસ ઑવ ઇન્ડિયા'ની આ સોસાએટી માતામહી થઈ છે.

આ રૉયલ એશિયાટિક સોસાએટી ઉપરાંત બીજી બે ઍકેડેમીઓ હિંદમાં છે જે પણ સમસ્ત હિંદની હોવાનો દાવો કરે છે: એક ૧૯૩૦માં અલ્લાહાબાદમાં ડૉ. મેઘનાદ શાહે સ્થાપેલી 'ધ નૅશનલ ઍકેડેમી ઑવ સાયન્સિસ', અને બીજી બૅંગલોરમાં પ્રોફેસર સર ચન્દ્રશેખર વ્યંકટરામને ઇ. ૧૯૩૪માં સ્થાપેલી 'ધી ઇન્ડિયન ઍકેડેમી ઑવ સાયન્સિસ' છે.

વિજ્ઞાનની પ્રવૃત્તિઓના વિકાસને પરિણામે, આ ઉપરાંત બીજી પણ સમસ્ત હિંદની વૈજ્ઞાનિક સભાઓ જન્મ પામી છે, જેઓ જુદા જુદા વિજ્ઞાનશાસ્ત્રને લગતી હોય છે. તેઓમાંની ઘણીખરીનો મુકામ કલકત્તામાં છે. દાખલા તરીકે ખાણો ને ભૂશાસ્ત્રની સભા બહુ વહેલી ૧૯૦૬માં સ્થપાઈ; ગણિતની ૧૯૦૭માં, એન્જિનીઅરિંગની ૧૯૨૧માં, વનસ્પતિની યે ૧૯૨૧માં, રસાયનની ૧૯૨૪માં અને ભૌતિકશાસ્ત્રની,[૨૨] ખેતીની—જમીનના શાસ્ત્રની[૨૩] શરીરશાસ્ત્રના[૨૪] તથા ઍન્ટોમૉલૉજીની ૧૯૩૪માં, પ્રાણીશાસ્ત્રની તે પછી. આ સંસ્થાઓનાં અલગઅલગ પત્રો દર માસે, યા બે ત્રણ કે છ મહીને, પ્રકટ થાય છે.

ઉપર નહિ ગણાવેલી એવી કેટલીક સંસ્થાઓ છે, જે દર વર્ષે કે બબ્બે વર્ષે પોતાનાં સંમેલનો અલગ કરે છે: જોકે મોટે ભાગે તેઓ ઇન્ડિયન સાયન્સ કૉંગ્રેસની વાર્ષિક બેઠકની સાથે જ પોતાની બેઠક રાખે છે. આમાંની કેટલીક નીચે પ્રમાણે છે: બૅંગલોરની સોસાએટી ઑવ બાયૉલૉજિકલ કેમિસ્ટ્સ, કાશીની સોસાએટી ઑવ ફાર્માસ્યુટિકલ કેમેસ્ટ્રી, સ્ટેટિસ્ટિકલ કૉન્ફરન્સ, મૅથમૅટિકલ કૉન્ફરન્સ, એન્જીનીઅરિંગ કૉન્ફરન્સ, દાક્તરોની કેટલીક જુદીજુદી પરિષદો, અર્થશાસ્ત્રની કૉન્ફરન્સ, અખિલ હિંદ પોષણ-વિષયક સભા,[૨૫] વિલાયતના રૉયલ ઇન્સ્ટીટ્યૂટ ઑવ કેમિસ્ટ્રીની હિંદી શાખા, રસાયનશાસ્ત્રીઓની હિંદી સંસ્થા,[૨૬] હિંદી ફિઝિયૉલૉજિકલ સોસાએટી, હિંદી શરીરશાસ્ત્રીઓની સંસ્થા,[૨૭] હિંદી મનોવિજ્ઞાનની સંસ્થા,[૨૮] અને હિંદી પ્રદર્શનો—સંગ્રહસ્થાનોની સભા.[૨૯] સાથે કલકત્તાની એક જૂની સંસ્થા, મહેન્દ્રલાલ સરકારે સ્થાપેલી, વિજ્ઞાનના ઉત્તેજનને માટે હિંદી સંસ્થા'નું નામ[૩૦] પણ ગણવું જોઇએ: જેમાં રામન ને કૃષ્ણન પ્રોફેસર તરીકે હતા.

આ સર્વ ઉપરથી વર્તમાનકાળમાં હિંદમાં વિજ્ઞાનનો જે અભ્યાસ થાય છે અને શોધખોળો વગેરેને માટે જે ભૂમિકા બંધાઇ ગઈ છે તેનો ખ્યાલ આવશે. આ પ્રગતિનાં ઘણાં કારણો છે: યુનિવર્સિટીઓની તથા સંશોધન-સંસ્થાઓની તાલીમ એ એક મોટું કારણ છે. વિદેશમાં પણ હવે વધુ ને વધુ હિંદીઓ જવા લાગ્યા છે. આખરે હિંદી સરકારે જ ભૂતકાળની ભૂલ સુધારી આ વર્ષ છસો ઉપર વિદ્યાર્થીઓને સ્કૉલરશિપ આપીને મોકલ્યા છે. ભવિષ્યને માટે હવે ઘણી વધારે આશા રાખી શકાય એમ છે.

Institutes, ૧૪ Veterenary, ૧૫ Forests, ૧૬ Public Health and Hygiene ૧૭ Asiatic Society, ૧૮ Archaeology, ૧૯ Philology, ૨૦ The Indian Museum ૨૧ The Zoological Survey of India, ૨૨ Physics, ૨૩ Soil Science, ૨૪ Physiology ૨૫ All India Nutrition Board, ૨૬ Institution of Chemists (India), ૨૭ Physiological Society of India, ૨૮ Indian Psychological Association, ૨૯ Indian Museum Association, ૩૦ Indian Association for the cultivation of Science.


સંસારનાં શહેરો

૫૩ જયપુર

અજમેરથી શરૂ થઇને પૂર્વ તરફ વિસ્તરેલા વિશાળ ને સપાટ રેતાળ પ્રદેશનો જ્યાં અંત આવે છે ત્યાં, ત્રણ બાજુએ કઠણ પથ્થરના પર્વતની ઘાટીઓથી વીંટળાઇને પડેલું આ શહેર, રાજપુતાનાના સૌથી મોટા (જયપુર) રાજ્યની રાજધાની અને હિંદુસ્તાનભરમાં સૌથી રમણીય નગર તરીકે ઓળખાય છે. ઔરંગઝેબના અંતિમ દિવસોમાં, મુઘલ સત્તાના અસ્તની શરૂઆત થતી હતી ત્યારે, જયપુરની રયાસતમાં થઈ ગએલા રાજાઓમાં શ્રેષ્ઠ ગણાએલા વીર, વિદ્વાન ને મુત્સદ્દી રાજા સવાઈ જયસિંહે વિદ્યાધર નામના એક જૈન પંડિતની સલાહ અનુસાર શિલ્પશાસ્ત્રના આધારે તેનું નિર્માણ કર્યું છે. પૂર્વથી પશ્ચિમે શહેર સોંસરા જતા ૧૧૧ ફૂટ પહોળા રાજમાર્ગ પર એકબીજાનેકાટખૂણે પડતા દોરીછંટ રસ્તા તથા ૫૫ ફૂટ પહોળી શેરીઓ અને ૨૮ ફૂટ પહોળી ગલીઓથી અંકિત રેખાબદ્ધ નગરરચનાવાળું આ શહેર, હિંદનાં સૌ શહેરોમાં અનોખું જ તરી આવે છે અને જોનારને ઘડીભર મુગ્ધ કરી દે છે. જાળીદાર ઝરૂખા, કમનીય થાંભલીઓવાળાં સુંદર છજાં ને મનોહર આકારરેખા આંકતી છત્રીઓથી મંડિત અહીંનાં રૂપસુંદર મકાનો, એકધારી લાવણ્યભરી રાજપુત સ્થાપત્યકલાથી ને એક જ રંગના ગુલાબી પત્થરથી બાંધેલાં હોવાથી આખા શહેરમાં એક મધુરી એકતાનતા વ્યાપી રહેલી જણાય છે. માટીનાં નાનાં ઘરો સુદ્ધાં ગુલાબી જ રંગેલાં હોય છે; અને આથી, આસમાની આકાશના વિશાળ ગુંબજ નીચે વિસ્તરેલું ફુલગુલાબી રંગનું આ શહેર જાણે સરોવરમાં પોયણું તરતું હોય એમ સોહે છે.

ઉદાર દિલનો રાજવી પોતાના અંતરમાં ઉચ્ચનીચ સૌને એકસરખી મમતાથી સમાવે તેમ, અહીંના વિશાળ રાજમાર્ગો, આધુનિક ઢબની વિદ્યુતવેગી મોટરોથી માંડીને ભારબરદારી ગધેડાં સુધીનાં સર્વ વાહનોને (ટાંકનીઊંટગાડીઓ, તેજી તોખાર નચવતા અસવારો દરબારના અને અમીરોના ગરવા ગજરાજો અને મામૂલી બળદગાડીઓ તથા ટાંગા એ સર્વને પોતાની છાતી પર સમાવતા વિસ્તરેલા છે, અને તેના પરઘૂમતી રંગશોખી રાજપૂત પ્રજાના વિવિધરંગી પોશાકો ને નિર્ભયપણે ચણતાં ફરતાં પારેવાં ને મોર સૂર્યપ્રકાશમાં જીવંત ભભક પ્રસારી રહે છે.

જયપુરનો રાજવંશ કછવાહા રાજપુતોનો છે. રામના બીજા પુત્ર કુશના વંશમાં ઊતરી આવેલા હોવાનો દાવો ધરાવતા આ રાજપુતો, પહેલાં અયોધ્યા અને પછી ગ્વાલિયર અને નરવરમાં રાજ્ય કરતા. ત્યાંથી અંબેરમાં ઊતરી આવી ત્યાંના મીના રાજપુતો સાથે લગ્નસંબંધથી જોડાયા ને પછી મુત્સદ્દીગીરી અને રાજરમતથી જયપુરની ગાદી હાથ કરી. મુઘલોને પહેલવહેલી પોતાની કન્યા આપનાર અકબરના મિત્ર રાજા ભગવાનદાસ અને તેના ભત્રીજા માનસિંહે મુઘલ સામ્રાજ્ય જમાવવામાં આપેલી વફાદારીભરી સેવાઓ તો ઇતિહાસ-અંકિત છે. મુઘલોના એવા બીજા વફાદાર મિત્ર અને મિરઝા રાજાની પદવીથી વિભૂષિત રાજા જયસિંહ (પહેલા)એ અંબેરનો મજબૂત એટલો જ સુંદર કિલ્લો બંધાવી પોતાના રાજ્યને નવું રૂપ આપ્યું. છતાં જયપુરના રાજાઓનો મુખ્ય સમય મુઘલ તહેનાતમાં જ વીતતો. પરંતુ ધર્મઝનૂની ઔરંગઝેબની નીતિથી આ વફાદાર રાજપૂતોનાં મન પણ ખાટાં થઈ ગયાં અને ઔરંગઝેબના મરણ બાદ રાજગાદી માટે ચાલેલી ભાઇઓભાઇની લડાઈમાંથી કોઈ પક્ષ ન લેતાં રાજા જયસિંહ બીજાએ (જે સવાઈ જયસિંહના નામે ઓળખાય છે) દિલ્હીના દરબારમાંથી ખસી જઇને પોતાના રાજ્ય તરફ વિશેષ મન પરોવ્યું, અને તેણે જ અંબેરને અનુસંધાને નવી રાજધાની જયપુર વસાવ્યું. પહેલા પરાક્રમી જયસિંહ કરતાં એ ખરેખર સવાયો હતો. તે જેવો મુત્સદ્દી અને વીર હતો તેવો જ વિદ્વાન હતો. જ્યોતિષ અને ખગોળશાસ્ત્રનો તો તે એટલો રસિયો હતો કે આકાશ-નિરીક્ષણ માટે પોતાના જયપુરમાં બંધાવેલી વિખ્યાત વેધશાળા જેવી બીજી ચાર વેધશાળાઓ તેણે હિંદમાં (ઉજ્જૈન, મથુરા, કાશી અને દિલ્હીમાં) બંધાવી હતી એણે પોતાના રાજ્યના વિસ્તાર અને સમૃદ્ધિ વધાર્યાં અને લક્ષ્મીની અમૂલ સમૃદ્ધિ ઉપરાંત તેના જેવાં જ અમૂલ, કલાકારીગરીના ઉચ્ચોચ્ચ નમૂના અને વિવિધ અલભ્ય વિદ્યાઓથી મંડિત ગ્રંથરત્નોનો પણ અણમોલ સંગ્રહ કર્યો, જે આજ પણ મોજૂદ છે, અને ખાસ વ્યવસ્થાથી પ્રવાસીઓ જોઈ શકે છે. શહેરની ઉત્તરે આવેલા નહારગઢ નામના પુરાણા મજબૂત કિલ્લામાં રાજ્યનો પ્રાચીન અઢળક ધનભંડાર સંઘરેલો કહેવાય છે અને તેની ખૂબ ખબરદારીપૂર્વક ખડી ચોકી રાખવામાં આવે છે. લોકવાયકા ચાલે છે કે ગાદીએ આવતો દરેક મહારાજા એના જીવનમાં માત્ર એક જ વખત આંખે પાટા બાંધીને ત્યાં જઈ શકે છે, ને એ ભંડારમાંથી પોતાની પસંદગીની એક જ વસ્તુ બહાર લાવી શકે છે.



રોનકદાર ઝરૂખા તથા રૂપકડી કમાનો ને છત્રીઓથી મંડિત જયપુરનો હવા–મહાલ

શહેરનો લગભગ સાતમો ભાગ રોકતા રાજમહેલ અને બગીચા એ શહેરનું મુખ્ય

આકર્ષણ છે, ને લોકોને સદા દર્શનીય, જાહેર રાજમાર્ગ પર પડતો તેનો 'હવા-મહાલ' તો બહુ જાણીતો છે. રોનકદાર ઝરૂખા, બારીક કોતરણીવાળી પડદીઓ અને રૂપકડી કમાનોવાળી બારીઓ તથા છત્રીઓથી મંડિત, એક ઉપર એક નવ માળ ધરાવતું શંકુ ઘાટનું આ સ્થાપત્યસર્જન 'અપ્રતિમ ને ભવ્ય સૌન્દર્યરાશિ' છે. આરપાર કોતરણીવાળી તેની સુંદર પડદીઓમાંથી વહેતી હવાની લહરો મહેલને શીતળતાથી ભરે છે; અને રાજમાર્ગ પર નીકળતી સવારીઓ, ઉત્સવો, મેળા આદિ દર્શનીય પ્રસંગોએ, પરદેનશીન રણવાસની વ્યક્તિઓને અદૃશ્ય રહીને લોકજીવન નીરખવાની એ સુંદર વ્યવસ્થા છે.

રાજમહેલોમાં મુખ્ય મહારાજાના આવાસ તરીકે વપરાતો ચન્દ્રમહાલ, આરસનો દીવાને ખાસ, અને મહેલના પ્રવેશદ્વારથી થોડે દૂર આવેલો ઇશ્વરી મિનાર ઊર્ફે 'સ્વર્ગશૂળ' નામનો અતિ ઊંચો મિનારો જોવાલાયક છે. મહારાજા સવાઇ જયસિંહે શોખથી બંધાવેલી વેધશાળા (જંત્ર)માં વિશાળ કદનાં, મજબૂત પથ્થરની બાંધણીનાં ને ઉપર લીસા રોગાન જેવી ચકચકિત છોથી રક્ષેલાં, ઘણીજ કાળજીપૂર્વક વેધ પાડેલાં રાશિચક્રો, ક્ષિતિજદર્શકો, લંબસ્તંભો, અંશગણકો વગેરે યંત્રો, જોનારને તાજુબીથી ભરી દે છે. પ્રાચીન ગ્રંથો ને કલાકૃતિઓના સંગ્રહમાંની અબુલફઝલે અનુવાદ કરેલા ફારસી મહાભારતની રૂપસુંદર ચિત્રિત હસ્તપ્રત, અને મહેલના શસ્ત્રાગારમાંની રાજા માનસિંહની ૬૦ રતલ વજનની તલવાર સૌથી વધુ ધ્યાન ખેંચે છે. આ ઉપરાંત મહારાજા કૉલેજ, કળાશાળા, આલ્બર્ટ હૉલ અને મ્યૂઝિયમ પણ જોવા જેવાં છે.

જયપુરની ખ્યાતિ માત્ર સુંદર શહેર તરીકે જ નથી. હિંદની પુરાણી હાથકારીગરીઓમાંની કેટલીક બારીક અને સુંદર કૌશલ્યવાળી કળાઓ પણ અહીં ખીલેલી છે. મીનાકારી, ધાતુની કોતરણીમાં સોનુંરૂપું ભરવાની કારીગરી, હાથીદાંતનું કોતરકામ, આરસકામ, કાપડનું રંગાટકામ, જરી ભરતકામ અને ઝવેરાત કાપવાનાં તથા પહેલ પાડવાના કામ માટે જયપુર મશહૂર છે. જયપુરનું મીનાકામ તેની પારદર્શકતા, રંગશુદ્ધિ ને મિલાવટ માટે અજોડ ગણાય છે. શહેરની ઉત્તરે આવેલા ડુંગરાળ ખડકોમાં ભૂસ્તરીય ફેરફારોને કારણે ઉદ્ભવેલી અસરોથી જે ખનીજ દ્રવ્યો અને પોચા રંગીન પત્થરો અહીં મળી આવે છે તે જયપુરની વિશિષ્ટતા છે. ને રાજપૂત કલમનાં અહીંના ચિત્રો માટેના રંગો અહીંના વિખ્યાત મીના અને ઝવેરાતકામ માટેની સઘળી સામગ્રી આ તળપદી પેદાશમાંથી જ નીપજે છે.

અહીંની જૂની ને રમણીય મનોહર રાજધાની અંબેરનો પરિચય જો સાથોસાથ ન કરીએ તો જયપુરનો પરિચય અધૂરો જ ગણાય. જયપુરથી આઠેક માઇલ દૂર આવેલી ડુંગરમાળના બધા જ પર્વતીય માર્ગોને રોકી લઇને, આગળના સપાટ પ્રદેશના રક્ષણની દીર્ઘ દૃષ્ટિથી બાંધેલો લશ્કરી મહત્ત્વનો એ પુરાણો કિલ્લો મજબૂત તેટલો જ સુંદર છે, અને ઘાટરાણીનું મરવું ઉપનામ પામેલો છે. આજે તો અવાવરૂ જેવો પડેલો એ ઉજ્જડ કિલ્લો રાજા માનસિંહે બંધાવવો શરૂ કરેલો; પણ મિરઝારાજા જયસિંહે (પહેલાએ) તેને સાંગોપાંગ સંપૂર્ણ કર્યો હિંદભરમાં તે માત્ર ગ્વાલિયરના માનમહાલયથી ઊતરતો ગણાય છે અને જાણે પર્વતના જ એક અંગ રૂપ ટેકરીમાંથી જ તે ઉદ્ભવ્યો હોય એવું તેનું સ્થાપત્યસર્જન છે. છેક છેવાડાની ઊંચી ટેકરી પર આવેલા રણવાસની અગાશી પરથી આખી રચનાનું સુંદર વિહંગદૃશ્ય નજરે પડે છે. ત્યાં એક બાજુએ મહેલની સીધી દીવાલ અને તેને અનુસંધાને ટેકરીની સીધી કરાડનું સેંકડો ફીટનું ભયાનક ઊંડાણ છે, ને બીજી તરફ, ઉપરથી છેક નીચે સુધી ક્રમશઃ આવી રહેલી ટેકરીઓ પરની કિલ્લેબંધી વિસ્તરેલી જણાય છે. છેક નીચાણમાં, મહેલ તથા ચોમેરની ટેકરીઓનું પ્રતિબિંબ આલેખતું એક મનોહર સરોવર પથરાએલું છે, જેની વચ્ચોવચ એક લંબચોરસ ઉચ્ચ પ્રદેશ પર મુગલ ઢબનો રૂપકડો બાગ રચેલો છે. મુખ્ય મહેલની આરસની દીવાલોના મથાળાનો ભાગ અને છતો રંગબેરંગી જડિતકામથી ભભૂકી રહેલી છે. એ મહેલમાંની કારીગરી દિલ્હી ને આગ્રાના મુઘલ રાજમહેલોને ટક્કર મારે તેવી હતી. કહેવાય છે કે અહીંની કારીગરી ને સમૃદ્ધિ મુઘલોના દીવાને ખાસથી પણ ચડિયાતી સાંભળીને ઔરંગઝેબે તે જોવા માટે એક ખાસ તપાસપંચ મોકલેલું ને જો અહીંનું કામ ખરેખર ચડિયાતું જણાય તો તેનો નાશ કરવાનું ખાનગી ફરમાન પણ તેમને સાથોસાથ આપેલું. પરંતુ મહારાજ જયસિંહને આ બાતમી અગાઉથી મળી ગઇ ને પંચ આવી પહોંચે તે પહેલાં તો તેમણે અહીંના રત્નજડિત સ્તંભો, કમાનો ને છતોને તાબડતોબ છોવડાવી સાદા બનાવડાવી નાખ્યા; અને વાતમાં કાંઈ માલ નથી એવો અભિપ્રાય લઈ તપાસપંચ પાછું ગયું.

જયપુરની આસપાસમાં જોવાલાયક સાંભરનું ખારા પાણીનું વિરાટ સરોવર, અને શહેરની પૂર્વે ચારેક માઈલ પર આવેલું 'ગળતા' નામનું સ્થાનક છે. જમીનમાંથી આપમેળે ફૂટતા એક કુદરતી ઝરણને ગંગાજીનું પાવિત્ર્ય અર્પીને છેક પાંચમી સદીથી એ 'ગળતા'ને હિંદુઓએ યાત્રાનું ધામ બનાવ્યું છે. ત્યાંનો માર્ગ પણ ઠીકઠીક મુશ્કેલ છે. ૩૫૦ ફીટની ઊંચાઇની એક કપરી ટેકરી પર અહીંના સૂર્યવંશી રાજપુતોના આરાધ્ય દેવ સૂર્યનું મંદિર છે; અને તે ટેકરીએ ચડયા બાદ પાછળની ખીણમાં એટલો જ કપરો ઢોળાવ ઊતર્યા બાદ ગળતા પહોંચાય છે.

સ્વર્ગસ્થ કવિવર નાનાલાલ

(અનુસંધાન પાછળના પૃષ્ઠ ૧૧થી)

પહાડી ઢબે ગંભીર ભાવનું આવાહન કરતું વહે છે. સાહિત્યના નૂતન પ્રકારો ખેડનાર કવિ ઉચ્ચ કોટિના ભાષાંતરકાર છે અને અજોડ ગદ્યપદ્યશૈલીના સ્વામી છે; છતાં સાહિત્યમાં એ જીવશે તે એમનાં મસ્ત ઊર્મિગીતોથી, એમની કાલવીંધતી ઇતિહાસદૃષ્ટિથી, એમની ભાવનાદેહે વિહરતી પાત્રસૃષ્ટિથી, એમની ચૈતન્યમયી ને લાવણ્યવતી ચિત્રણાથી ને કલાથી, કાલાતીત સત્યનાં એમનાં સૈદ્ધાન્તિક ને સૂત્રાત્મક મહાવાક્યોથી. ગુજરાતી સાહિત્યના આદિપુરુષ નરસિંહ પછી 'મહા' કહી શકાય એવાં બે જ નામો ઊગ્યાં છે: પ્રેમાનંદ અને નાનાલાલ. બીજા અનેક કવિનક્ષત્રો ગુજરાતી સાહિત્યાકાશમાં ઊગશે ને આથમશે, પણ નાનાલાલ તો ધ્રુવતારકસમા અનસ્ત તેજે પ્રકાશશે. ગુજરાતની કવિતાવેલનું એ અમર ફૂલ છે. ગુજરાતી ભાષા જીવશે ત્યાં સુધી નાનાલાલનું નામ અમર રહેશે.

આ લેખને મથાળે ઉતારેલી પંક્તિઓના ઉદ્ગાતા પોતે પણ એમણે ગાએલાં એવાં જ અમર રસ, સ્નેહ ને સૌંદર્યની પેરે મૃત્યુથી અજીત જ રહેશે. **દે. પ.**

સ્વચ્છતાનો પાઠ શીખવતાં શિક્ષકે પશુઓ ને પંખીઓને બચીઓ ભરવાથી તેમનો ચેપ લાગી જવાનો ભયંકર ભય સમજાવી પૂછયું: 'હવે કોઈ આનો દાખલો આપી શકશે?'

'જીહા સાહેબ.' એક છોકરે જવાબ આપ્યો, 'મારા કાકાને તેના વહાલા ગલુડિયાંને બચીઓ ભરવાની બહુ ટેવ હતી.'

'હં, પછી એનું પરિણામ ખરાબ જ આવ્યું ને?'

'હા સાહેબ, અને પછી તે મરી ગયું!'

રસદર્શન

પોતાને સૌન્દર્યલોકમાં પ્રવેશ કરાવનાર જીવન-પ્રસંગોનાં સંસ્મરણો ——— લેખક

[૨૧]

ડૉ. હરિપ્રસાદ પ્ર. દેસાઈ

મહીસૂર રાજ્યના બેલૂર ગામમાં વિખ્યાત ચન્નરાયના કેશવમંદિરની પાસે રાણીનું બીજું એક મંદિર છે. રામાનુજાચાર્યની પ્રેરણાથી એ બંને મંદિરો બંધાયાં હતાં છેક બારમી સદીમાં રામાનુજાચાર્યે અંત્યજો સુદ્ધાંને એ મંદિરોમાં આવવા રજા અપાવી હતી; પણ લોકમત વિરુદ્ધ હોવાથી રાજાને થોડા સમય બાદ પોતાનું મંદિર અંત્યજો માટે બંધ કરવું પડ્યું. પરંતુ રાણી મક્કમ રહી. એ કહે, 'રાજા તરીકે તમે ભલે લોકમતને નમતું આપો; પણ હું કંઈ રુઢિચુસ્ત લોકમતને તાબે થવા બંધાએલી નથી.'

રાણીની આ દૃઢતાને લીધે એ મંદિરને બ્રાહ્મણોએ ત્યજી દીધું અને રાણીના મંદિરમાંની વિષ્ણુની મૂર્તિ અપૂજ્ય રહી. વર્ષમાં એક વખત એ મંદિરનાં દર્શન હજી લગી સર્વે વર્ણને માટે ખુલ્લાં રાખવામાં આવે છે અને ત્યાં મોટો મેળો ભરાય છે.

એ વિષ્ણુમૂર્તિ અત્યંત સુંદર છે. સાત્ત્વિકતાથી એનું અંગેઅંગ અલંકૃત છે. પ્રાણીમાત્રના પાલન પોષણ અને વિકાસ કરનારા કરુણાસાગર પ્રેમની સાક્ષાત મૂર્તિ સમા એ પતિતપાવન શંખ, ચક્ર, ગદા અને પદ્મ સાથે ઊભા છે.

ગર્ભમંદિરના અંધારામાં, ઇલેક્ટ્રિક ટોર્ચનો પ્રકાશ નાખવા છતાં યે એ સર્વાંગસુંદર મૂર્તિ જ્યારે અમારાથી બરાબર જોવાઈ નહિ ત્યારે હું એને આખી ને આખી ઊંચકીને બહાર ચોકમાં લાવ્યો, અને પછી રવિશંકર રાવળે એની સંભાળપૂર્વક છબિ લીધી.

એ મૂર્તિ, જાવાના અવલોકિતેશ્વર અને કંબોડિયાના વિષ્ણુ, જે બન્ને આજે બર્લિનના કલાસંગ્રહમાં પહોંચી ગયા છે અને સ્વ. હૅવેલે જેમને સચિત્ર વર્ણવ્યા છે તેમનું સ્મરણ કરાવતી હતી. **पितासी लोकस्य चराचरस्य**માં વર્ણવ્યા પ્રમાણે ચરાચર લોકમાત્રના પિતા રૂપે પરમેશ્વરને સમજતાં આ મૂર્તિ બહુ જ મર્મસ્પર્શી અસર કરતી હતી.

એવી જ ભાવપૂર્ણ પણ ખંડેલા વિષ્ણુની પ્રાચીન મૂર્તિ ઉત્તર ગુજરાતમાંથી અમને મળી છે, જે હાલ સર ચિનુભાઈના સંગ્રહમાં છે. એ અપૂજ્ય છતાં આજે પણ દર્શન યોગ્ય છે. અને વધુ ગૌરવ તો એને જોઈને એટલા માટે થાય છે કે જે ભારતીય શિલ્પકળા સમસ્ત ભારતવર્ષમાં તેમજ ભારતની બહાર છેક જાવા-સુમાત્રા સુધી વિકાસ પામી અને પ્રસરી તેમાં ગુજરાત પણ કોઈ રીતે પાછળ નહોતું.

નિવૃત્તિનું વિષ્ણુનું બીજું સ્વરૂપ શેષશાયી નારાયણનું છે તેની તો રહસ્યમય ભવ્ય મૂર્તિઓ મહાબલિપુરમ્ મદુરા, વિષ્ણુકાંચી ને મથુરામાં જોઈને મેં ચક્ષુને સફળ કર્યાં છે.

હૃદયગુફા જેવા અભેદ્ય ઊંડા અંધકારમાં ભગવાન સૂતા છે. જ્ઞાન રૂપી દીપથી, શમ, દમ, શ્રદ્ધા, સમાધાન ઉપરતિ ને તિતિક્ષાથી શુદ્ધ થઈ એને જગાડવા પ્રયત્ન કરીએ તો એ અંતર્યામી ઊઠે ને આપણી પાસે નવાંનવાં સર્જન કરાવી આપણું ને જગતનું કલ્યાણ કરે.

પરંતુ ઘણી વાર, આ ભવ્ય મૂર્તિઓ જોઈને મને શોક થતો હતો કે હવે આવાં સૂચનો ને ઊંડા સંદેશ લાવી આપનાર શિલ્પીઓ વર્તમાનકાળમાં નથી રહ્યા. એવામાં ઓરિસ્સાના શ્રીધર મહાપાત્ર નામના એક યુવાન શિલ્પી મળ્યા, અને એમણે બીજી અનેક મૂર્તિઓ સાથે શેષશાયી નારાયણની લાલ માટીની એક અલૌકિક મૂર્તિ સર ચીનુભાઈને બનાવી આપી. એ મૂર્તિ પાસે આજે પણ જ્યારે-જ્યારે હું જાઉં છું ત્યારે ગંભીર બની ગયા વગર રહેવાતું નથી. (એ શિલ્પીનો તેમની કૃતિઓ સાથે સચિત્ર પરિચય 'કુમાર'માં અગાઉ આવી ગયો છે)

જબલપુરની ચોસઠ જોગણીઓ વિષે ગયા અંકમાં લખ્યું જ છે. પણ વિદ્યુત્વેગી શક્તિનું એક કોમળ અને સર્વાંગસુંદર એવું જે રૂપ મેં મહાબલિપુરમનાં ખંડેરોમાં જોયું હતું એની બરાબરી કરે એવી કાવ્યમય તો શક્તિની કોઈ મૂર્તિ મેં બીજે ક્યાંય જોઈ નથી.

વિશ્વવ્યાપી યુદ્ધોમાં અને અણુબૉમ્બમાં મહાકાલિ રૂપે શક્તિનું સંહારક સ્વરૂપ તો આપણે જોયું, પણ જગજ્જનનીનું સર્વશક્તિમાન, વેગીલું, કલ્યાણમય અંબિકાનું રૂપ તો એક મહાબલિપુરમમાં જ આજ ૧૫૦૦ વર્ષથી બિરાજે છે.

ખંભાતમાં હજી માત્ર છેલ્લાં ૧૦૦ વર્ષની અંદર બંધાએલા સ્વામીનારાયણના મંદિરમાંથી ગુજરાતના કોઈ પ્રભુપ્રેરિત શિલ્પીની ઘડેલી ગાયત્રીની મૂર્તિ મળી છે. હાવેલના ગ્રંથમાં આપેલી પ્રજ્ઞાપારમિતાની છબિ જેવી એ છે. ગાયત્રી એ પ્રેરણાનું રૂપ છે ને એવી પ્રેરણાનાં જો દરરોજ આપણે દર્શન કરીએ તો કોઈવાર સાચું પ્રેરક જીવન જીવવા ભાગ્યશાળી થવાય એવો મને વિશ્વાસ છે.

બ્રહ્માની મૂર્તિ જોવા તો હું ખેડબ્રહ્મા ગએલો; અને ખંભાત પાસેના નગરામાં પણ ગયો છું. પુષ્કરજીના વિખ્યાત મંદિરમાંના બ્રહ્મા મને બરાબર યાદ નથી, પણ ખેડબ્રહ્માના બ્રહ્માજી (પૂજારીએ એમને મારવાડી વસ્ત્રો પહેરાવ્યા હોવા છતાં) મને આખા માનવકુળના પિતામહ જેવા લાગ્યા છે. નગરાવાળા બ્રહ્માજી વૃદ્ધ, ભલા, પવિત્ર ને કુટુંબવત્સલ લાગ્યા છે.

જિનેશ્વરોને ભોંયરામાં ને સ્વચ્છ મંદિરોમાં બહુ જોયા છે. એમની આધ્યાત્મિકતા ને જિતેન્દ્રિયતા સદા મારા આદરને પાત્ર બન્યાં છે; પરંતુ એ સૌમાં જીવનભર કદિ ન ભુલાય એવી તો શ્રવણ બેલગોલામાંની ૬૦ ફીટ ઊંચી ગોમતેશ્વરની મૂર્તિ છે. એ વીર, કેવળજ્ઞાની ભરતબાહુબલીનું મહાન પરાક્રમી રૂપ છે.

નેપોલિયન કે શિવાજીની મૂર્તિઓ પ્રતિ મારૂં મસ્તક નમે છે; પણ આ બાહુબલીના જેવો, અંદરના તમામ શત્રુઓ ને ઇન્દ્રિયોનો વિજેતા તો બીજો જોયો નથી. કવિઓએ આ રૂપની સ્તુતિ કરતાં ગાયું છે કે: 'ભગવાન ગોમતેશ્વરના કૃપાકટાક્ષ જેના પર પડે છે તેના આશયો શુદ્ધ થઈ જાય છે!'

મદ્રાસ ઈલાકામાં અને સમસ્ત દક્ષિણ ભારતમાં કાર્તિકસ્વામીનું બહુ માન છે એમને ત્યાં સુબ્રહ્મણ્ય કહે છે. સાત સરિતાઓના સંગમ પર આવેલી પલ્લી નામની એક સુંદર પર્વતમાળા પર એમનું એક જૂનું યાત્રાનું ધામ છે. એ દેવ સરસ્વતી જેવા રસિક છે અને યુદ્ધમાં પણ આદર્શ વીર છે. એમનું વાહન મોર છે. સ્વ. રવીન્દ્રનાથ ટાગોરને જાપાનના સેનાધિપતિ મળ્યા ત્યારે એ કલાઓની વાત કરતા હતા. એમને જ્યારે પૂછવામાં આવ્યું કે લડાઈ માં રચ્યાપચ્યા રહેનાર તમારા જેવા, લલિત કળાઓમાં આટલો બધો રસ કેવી રીતે લઈ શકે? ત્યારે સેનાપતિએ કહ્યું, 'કે તમારા કાર્તિકેય કેમ લઈ શકે છે?' સ્વ. નર્મદાશંકરે પ્રેમ અને શૌર્યના જે ગુણો ગુજરાતને મેળવવા જીવન ભર આગ્રહ કર્યાં કર્યો હતો તે આવી જ હૃદયની રસવૃત્તિને તથા બાહુબળ તથા બુદ્ધિબળના આદર્શોને પહોંચવા માટે કહ્યું હતું.

અમદાવાદના સ્વામીનારાયણના મંદિરમાંના નર અને નારાયણ મને બહુ ગમે છે. બંને, જાણે કે ચોસઠ લાખ યોનિમાં ફરતા-ફરતા દુર્લભ માનવ રૂપે આવ્યા છે. અહીં એમણે શુદ્ધ પૂર્ણ રૂપ ખીલવ્યું છે. પરમ સખા રૂપે બંને એકબીજાની સાથેસાથે ઊભા છે. રજત સમું સ્વચ્છ ને પ્રકાશમાન એ બંનેનું સ્વરૂપ છે. નર કરતાં નારાયણ સહેજ મોટા છે; બાકી બંનેનાં મુખ એકસરખાં જ છે.

અર્જુનના સારથીની જેમ આપણો પણ સંસાર રૂપી રથ ચલાવતાં હું એમને ન ભૂલું તે માટે, મારા અભ્યાસખંડમાં અવનીન્દ્રનાથ ટાગોરની આલેખેલી અર્જુન અને શ્રી કૃષ્ણની એક નાનકડી છબિ મેં ટેબલ ઉપર જ મૂકી રાખી છે.

મૂર્તિઓમાં નર્તકીઓ, અપ્સરાઓ, લક્ષ્મી, સરસ્વતી, કુબેર, ઇન્દ્ર, વરુણ, અગ્નિ, હનુમાન, ગણપતિ, યમ વગેરે ઘણાં રૂપો જોયાં છે પણ એને વર્ણવતાં પાર આવે એમ નથી.

બેલૂરમાં મદનકાય નામે પથ્થરની એક પૂતળી છે. છે તો એ માત્ર પૂતળી, પણ એ અતિશય મોહક અને રૂપરૂપનો ભંડાર છે. એનાં વસ્ત્ર નીચે એક ચાબખી પેઠી છે. વસ્ત્ર કાઢી નાખીને નવસ્ત્રાં થયા વગર એ ચાબખી કાઢી શકાય એમ નથી; તેથી એ વસ્ત્ર ખંખેરતી ચાબખીને કાઢે છે. મારા બેલૂર જોઈ આવ્યા પછી તરત જ મહાત્મા ગાંધી ત્યાં ગયા હતા. એમણે પણ એ મૂર્તિ જોઇ છે. સાહિત્ય પરિષદના અમદાવાદમાં ભરાએલા બારમા અધિવેશનના પ્રમુખસ્થાનેથી બીજું તો એ કંઇ બહુ નહિ બોલી શકેલા, પણ સાહિત્યમાંના સાત્ત્વિક સૌન્દર્યને અનુલક્ષીને ઉદ્‌બોધતાં એમણે આ મૂર્તિનું વર્ણન કરી કહ્યું હતું કે જ્યાં સુધી એના શરીરમાં વાસના રૂપી ચાબખી હતી ત્યાં સુધી એનું સૂક્ષ્મ સૌન્દર્ય પૂરેપૂરૂં પ્રકાશમાં નહોતું આવ્યું; પણ જ્યારે એણે વાસનાનો ત્યાગ કર્યો ત્યારે જ એ પોતાના દૈવી નૈસર્ગિક સૌન્દર્યને પામી.

હળેબીડના તથા બીજાં મંદિરોમાં ભારત નાટ્યશાસ્ત્રની જુદીજુદી મુદ્રાઓ અને અભિનયો સાથેનાં દેવદેવીઓનાં નૃત્ય પુષ્કળ પ્રમાણમાં ઉતારેલાં છે. છેક નાનામાં નાનાં મંદિરોમાં યે નૃત્યોનાં શિલ્પો દેવની પૂજારૂપે કરેલાં છે. ઘણેખરે ઠેકાણે આનંદસમાધિનું, સમર્પણની લીનતાનું કે ભક્તિયોગનું સુખ એ દેહલતાઓ પર વ્યાપી રહ્યું છે.

મહીસુરના સોમનાથપુરમમાં તો આખાં રામાયણ અને મહાભારત સીનેમાચિત્રોની જેમ પરંપરામાં કોતરેલાં છે. એ જ પ્રકારે સાંચીમાં જાતકકથાઓ, ડભોઇમાં દેવ અને દાનવોનું સમુદ્રમંથન, મદુરામાં મીનાક્ષી ને સુન્દરેશ્વરનો લગ્નમહોત્સવ, દેલવાડામાં નેમીનાથ અને રાજેમતીના વિવાહપ્રસંગ, રામેશ્વરમાં સત્યયુગ ને કલિયુગની સ્ત્રીઓ પતિ સાથે કેવી રીતે વર્તે છે તે દર્શાવતા માર્મિક સામાજિક સંબંધો, શિષ્ટ સાહિત્ય, ઇતિહાસ, પુરાણ ને સમાજશાસ્ત્રનાં દૃશ્યો ઉપરાંત યુદ્ધો અને શિકારના પ્રસંગો, રથો હાથી અને ઘોડા, પશુપંખી અને વનસ્પતિ એમ સરજનહારની આખી રૂપસૃષ્ટિ ભરપટ્ટે શિલ્પમાં ઉતારવામાં આવી છે.

અરબી સમુદ્ર ને બંગાળાના ઉપસાગરને રામેશ્વરમાં રત્નાકર અને મહોદધિ કહેવામાં આવે છે. રામેશ્વરના મંદિરમાં પેસતાં જ પ્રવેશદ્વાર પાસે એ બંને સમુદ્રો ખલાસીના વેશે, હાથમાં હલેસાં સાથે અને માથે અણીદાર ઊંચા ટોપ પહેરેલા ઉઘાડે ડીલે હાથ જોડીને ઊભા છે. જાણે રામેશ્વર મહારાજને પૂછતા ન હોય કે આપની શી આજ્ઞા છે?

મોઢેરામાં વિશ્વામિત્ર ને મેનકાનો પ્રસંગ છે. એમાં ઉતારેલું મેનકાનું રૂપ અને વિશ્વામિત્રની હૃદયવ્યથા, રાજા રવિવર્માના એ પ્રસંગના ચિત્ર કરતાં તો ક્યાંયે ચડી જાય છે.

કવિતા સાહિત્ય કે મહાકાવ્યો વાંચવાથી અને નાટકસીનેમાથી જે નથી મળ્યું તે મને આ રાષ્ટ્રીય કલાસંગ્રહોમાંની શિલ્પસંપત્તિમાંથી મળ્યું છે. (ચાલુ)


કસોટી

બુદ્ધિને કસોટીએ ચડાવતા થોડા કસવાલો આ નીચે આપ્યા છે. તેના જવાબ પણ નીચે જ અવળા છાપેલા છે; પણ તે જોતાં પહેલાં આપમેળે પૂરો પ્રયત્ન તો કરી જ જોજો.

(૧) શ્રી કોઠારી, શ્રી નાયક, શ્રી પટેલ અને શ્રી કામદારમાંથી એક ગૃહસ્થ દરબારના કોઠારી છે, એક ગૃહસ્થ પોલીસના નાયક છે, એક ગૃહસ્થ ગામના મુખી પટેલ છે અને એક રાજ્યના કામદાર છે; છતાં એમાંનો એકે જણ પોતાની અટકમુજબનો હોદ્દો ધરાવતો નથી. શ્રી નાયક અને શ્રી પટેલ કોઠારી નથી; શ્રી કોઠારી અને શ્રી નાયક કામદાર નથી; શ્રી પટેલ અને શ્રી કામદાર નાયક નથી. તો પછી કોણ શું છે?

(૨) આ નીચે કેટલાક સમૂહો આપ્યા છે. બારીકીથી જોતાં જણાશે કે તે એક જ પ્રકારનાં છે, યા તેમાં એક પ્રકારનું સરખાપણું રહેલું છે,—માત્ર દરેકમાં એકએક અપવાદ છે તે અપવાદ શોધી કાઢો. (અ) કળશી, રતી, કોડી, નવટાંક, ખાંડી અધોળ; (બ) ૬૩૫૧૭, ૫૩૭૧૯, ૭૯૩૧૫, ૧૯૫૩૭, ૩૭૯૧૫, ૫૭૯૧૩; (ક) સ્વાદ, સ્પર્શ, વાણી, જ્ઞાન, ગંધ, શ્રવણ; (ડ) સ્પેન, સ્વીડન, સ્કૉટલંડ, સ્વીટ્ઝર્લૅંડ, સીરિયા, સ્કૅન્ડિનેવિયા.

(૩) નીચેની આકૃતિમાં દર્શાવેલી સાત લીટીઓમાં સૌથી લાંબી કઇ છે?



(૪) અનુ, મનુ અને ચીનુને મેં પહેલવહેલા જોયા ત્યારે તેમની ઉમરનું પ્રમાણ ૫:૨:૧નું હતું. આજે એમની ત્રણેની ઉમરનો સરવાળો મૂળ કરતાં ૬૦ વરસ વધી જાય છે અને તેમની ઉમરનું પ્રમાણ ૧૦:૭:૬ છે. તો તેમની અત્યારની ઉમર શી હશે?

(૫) અંગ્રેજોને 'વેપારીઓની પ્રજા' પહેલવહેલી કોણે કહી?

(૬) પાસિફિક, હિંદી અને આટલાંટિક એ ત્રણે મહાસાગરોમાં સૌથી મોટો કયો અને સૌથી ઊંડો કયો?

(૭) ત્રણ છગડા એવી રીતે ગોઠવો કે જેની કિંમત સાત થાય.

કસોટીના ઉત્તરો: (૧) શ્રી કોઠારી નાયક છે, શ્રી નાયક પટેલ છે, શ્રી પટેલ કામદાર છે અને શ્રી કામદાર કોઠારી છે. (૨)(અ) કોડી—એ જ માત્ર ગણત્રીવાચક છે, બીજાં બધાં વજન દર્શાવતાં પરિમાણો છે; (બ) ૧૯૫૩૭—બીજી બધી સંખ્યાઓમાં એકડો ચોથા નંબરે આવે છે, માત્ર આમાં જ પહેલો આવે છે; (ક) જ્ઞાન—બીજા બધા પાંચ ઇન્દ્રિયોના અનુભવો છે, જ્ઞાન કોઈ સ્થૂલ ઇન્દ્રિયનો અનુભવ નથી; (ડ) સ્કૅન્ડિનેવિયા—એ સમૂહરાજ્ય છે, બીજાં બધાં એક જ એકમ છે. (૩) બધી લીટીઓ એકસરખી છે. (૪) ૬૦, ૪૨, ૩૬. (૫) નેપોલિયને. (૬) પાસિફિક જ સૌથી મોટો મહાસાગર છે ને સૌથી ઊંડો પણ તે જ છે. તેનું વધુમાં વધુ ઊંડાણ ૫૯૦૨ ફૅધમ (૩૫,૪૧૨ ફીટ) ફિલિપાઇન્સ પાસે મિન્ડાનાઓ ટાપુ આગળ છે. (૭) ૬ ૬/૬.

આ પત્ર મેળવનાર · હરિપ્રસાદ આર. મહેતા, વિશ્વવત્સલ ઔષધાલય, હોળીચકલા, સાણંદ

Lieutenant Norman S. Horowitz
131-67, 233 Street, Laurelton, New York (U.S.A.)

પ્રિય મિત્ર હરિપ્રસાદ, ૨૫ ઑક્ટોબર ૧૯૪૫

તમને લાગશે કે હું તમને ભૂલી ગયો; અથવા તો આપણી મિત્રતા વિસારે પાડી. પણ તેમ મુદ્દલ નથી. ગયે વર્ષે તમને લખ્યા પછી જે બન્યું તે તમને જણાવીશ ત્યારે તમને સમજાશે કે કેમ ઢીલ થઈ.

મારા ગયા પત્ર પછી એટલા બધા બનાવો બન્યા છે કે શરૂઆત કેમ કરવી તેની યે મૂંઝવણ થાય છે. ગયા વર્ષે તમને લખ્યું ત્યારે જાપાન સામે હવાઈ યુદ્ધે ચડવાની તૈયારી સારૂ હું ટેક્સાસમાં તાલીમ લેતો હતો. આ વર્ષના માર્ચમાં અમારા કાફલાને અમારૂં પોતાનું નવું હવાઈ જહાજ 'બી. ૨૯' મળ્યું અને તેમાં અમે કૅલિફૉર્નિયાના કિનારેથી ઊડીને હવાઈના ટાપુઓ ગયા. ત્યાંથી માર્શલ દ્વીપસમૂહમાંના ક્વાજેલીન નામે નાના ટાપુ પર, અને ત્યાંથી મેરિયાના દ્વીપસમૂહના સાઈપન ટાપુ પર. અહીંથી ૧૩૦૦ માઈલ દૂર આવેલા જાપાની મહારાજ્યના વિનાશ કરવાનાં હવાઈ આક્રમણોમાં મદદ કરવા મને અહીં સાઈપન ખાતે મૂકવામાં આવ્યો.

જાપાન જવાના હુકમ મળવાથી હું જરા નિરાશ થયો કેમકે, મેં ગયા પત્રમાં જણાવ્યા પ્રમાણે, મને તો આશા હતી કે મને તમારા વિશાળ અને દિલચસ્પ દેશ તરફ મોકલશે. પણ કમનસીબે મારી ઇચ્છા અને લશ્કરી વિમાની દળની જરૂરિયાતનો મેળ ન બેઠો અને મારે એ કંટાળાભર્યા નિર્જન ટાપુ પર જવું પડ્યું. ૧૯મી એપ્રિલે અમે (અમારી બૉમ્બર ટુકડીએ) જાપાન સામેની હવાઈ કામગીરી શરૂ કરી. અમારૂં પહેલું પગરણ રાતના થયું, જેમાં ટોકિયો પરનો હુમલો પણ હતો. ત્યારથી તે યુદ્ધ બંધ થયું ત્યાં સુધીમાં અમે ૩૪ આક્રમણો કર્યાં, જેમાં અમે ટોકિયો, ઓસાકા, કોબે, યોકોહામા, યેવાટા અને બીજાં ઘણાં નાનાં શહેરો મળી એમનાં બધાં જ મુખ્ય મુખ્ય નગરો પર બૉમ્બ વરસાવ્યા. આમાંના ઘણા હુમલા કરતાં અગાઉ અમે પત્રિકાઓ ફેંકીને નાગરિકોને ચેતવણી આપતા કે આઠ દિવસમાં અમે તમારા શહેર ઉપર બૉમ્બમારો કરવાના છીએ, માટે તમારાં સ્ત્રીઓ, બાળકો અને યુદ્ધવેશ નહિ પહેરેલા બીજા તમારા શહેરીઓએ ખાલી કરી જવું. કારણકે અમે સ્ત્રીઓ અને બાળકોનો નહિ પણ જાપાની લશ્કર અને યુદ્ધઉદ્યોગોનો જ નાશ કરવાના હતા.

જાપાન સામેનાં આ બધાં આક્રમણોમાં અમે ફક્ત એક અપવાદ સિવાય પૂરા ભાગ્યવંત નીવડ્યા; કેમકે એ એક પ્રસંગ સિવાય જાપાની વિમાન-નાશક તોપો, સર્ચલાઇટો કે લડાયક વિમાન કોઈ જ અમને સ્પર્શ સુદ્ધાં કરી શકેલું નહિ. માત્ર યેવાટા પરના આક્રમણ વખતે એક જાપાની લડાયક વિમાને અમારા એક તોપચીને વીંધી લેવામાં સફળતા મેળવી. બધી પ્રાથમિક સારવાર તરત આપવા છતાં પણ તેને ઇસ્પિતાલે પહોંચાડતાં પહેલાં એ જુવાન ગુજરી ગયો.

જાપાનીઓના શરણે આવ્યા બાદ અમારાં વિમાનોમાં ખોરાક, વસ્ત્રો ને દાક્તરી સરંજામ ભરીભરીને અમે અમેરિકન, બ્રિટિશ તથા સાથી રાજ્યોના યુદ્ધકેદીઓ જ્યાં જ્યાં કેદ હતા તે બધી જાપાની છાવણીઓ પર પહોંચાડવા માંડ્યાં અને તે મુક્ત થયા ત્યાં સુધી અમે ઉપરથી એ બધું ફેંકતા. પ્રામાણિકપણે કહું તો અમારી દયાહીન યુદ્ધ-કારવાઈઓના કરતાં આ ઉદ્યમનાથી મને કેટલો યે અદકો આનંદ થયો. આ બધા સમય દરમિયાન તમારા તરફથી પત્ર ન હતો, કેમકે તમારા પત્રો મારા અમેરિકામાંના ટેક્સાસના સરનામે જતા હતા.

જે સવાઈ કિલ્લાઓમાં અમે યુદ્ધ-ઉદ્યમો કરેલાં તેમાં જ બેસીને અમે પાછા અમેરિકા જવા ૨૭ ઑક્ટોબરે જાપાન છોડ્યું એ વળતી મુસાફરી તો સૌથી સરળ હોવી જોઈતી હતી, પણ તેમ ન થયું. અમે સાન ફ્રાન્સિસ્કોથી માત્ર ૪૫૦ માઈલ દૂર રહ્યા ત્યાં અમારા વિમાનના એન્જિનમાં કાંઈક ખોટકો થયો ને એ કડકડતી ટાઢવાળી ને તોફાનભરી રાતમાં, પૅરૅશૂટ મારફતે પાસિફિકની છાતી પર અમારે પરાણે ઊતરવું પડ્યું. ત્યાં પણ હું નસીબદાર નીવડ્યો; કેમકે અમારામાંના પાંચ જણ તો ડૂબી ગયા; પણ હું બે કલાક પાણીમાં રહ્યા પછી એક વહાણે મને ઊંચકી લીધો. મારા આ બચાવમાં મારી પત્ની, માતા અને મિત્રોની પ્રાર્થના જ મદદરૂપ હશે.

દરિયામાંથી બહાર કાઢીને મને સાન ફ્રાન્સિસ્કોમાં ઇસ્પિતાલમાં લાવવામાં આવ્યો જ્યાં થોડા દિવસ હું માત્ર ઊંઘ, આરામ ને પોષણ લેતો પડી રહ્યો; કેમકે પૅરૅશૂટ કૂદકામાં મને ખાસ ઈજા થઈ ન હતી; માત્ર થોડો કચ્ચર થયો હતો. સાન ફ્રાન્સિસ્કોથી હું ટ્રેન રસ્તે ન્યૂ યૉર્કમાંના મારા (હાલના) ઘેર આવ્યો.

અહીં મારી પત્ની અને કુટુંબ વચ્ચે આવી રહેતાં મને જે સુખ થયું છે તેની કલ્પના તમને નહિ આવે. મારે એક પુત્ર તો છે જ, અને આ ફેબ્રુઆરીએ વળી મારી પત્નીએ મને એક પુત્રીરત્નની ભેટ આપી છે, જેનું નામ અમે વેન્ડી રૉશેલ પાડ્યું છે.

મારો પુત્ર પીટર બે વર્ષ અને બે માસનો થયો. તે સરસ બોલે છે. તેના પિતાના પાછા આવવાથી તેને એટલું બધું સુખ થયું છે કે ઘરમાં હું જ્યાં જાઉં ત્યાં મારી પાછળપાછળ ફરે છે, પોતાનાં રમકડાં મને બતાવે છે, મારી પાસે ચોપડીઓ વંચાવે છે ને પોતાની સાથે રમાડે છે. અને ખરૂં કહું તો મને પણ તેના પર ખૂબ હેત છે. વેન્ડી તો મજાની ગચ્ચા જેવી સુંદર છોકરી છે. તે આઠ મહીનાની થઈ છે ને આપમેળે બેસતાં ને ઊભા થતાં શીખી ગઈ છે. મને આશા છે કે થોડા વખતમાં તો તે બોલતી ને ચાલતી થઈ જશે.

બે દિવસ પર તમારૂં ૮મી જુલાઈનું કાર્ડ અને ૧૯મી જુલાઈનો પત્ર તથા તે સાથે મારી પત્ની હૅરીએટ પરનું મધુર ને વિચારવંત પોસ્ટકાર્ડ બધું અમને મળ્યું. હૅરીએટ તમારો પત્ર મળવાથી આનંદ અને ગર્વ અનુભવે છે અને તેનો જવાબ ટૂંકામાં લખશે, કેમકે બે તરવરિયાં બાળકોને કારણે તેને બહુ રોકાણ રહે છે એ તમે કલ્પી શકશો.

તમારા પત્રો મને પહોંચતાં આટલું મોડું થયું તેનું કારણ તો એ કે હિંદથી તે પહેલાં ટેક્સાસ ગયા, ત્યાંથી સાઇપન અને ત્યાંથી પાછા ન્યૂયૉર્કના મારા ઘરના સરનામે આવ્યા. આમ મને પહોંચવામાં તેને લગભગ પચીસેક હજાર માઇલની સફર કરવી પડી હશે!

તમે મને બે કાગળો લખ્યાનું જણાવો છો, પણ મને તો માત્ર એક જ ૧૯મીનો મળ્યો છે. એ કાગળ એકઝામીનરે ઉઘાડેલો, અને મને કહેતાં દિલગીરી થાય છે કે તમે મોકલેલી ઘણી વસ્તુઓ તેમાંથી કાઢી લીધી છે. તમે મોકલેલા ત્રણ ફોટોગ્રાફો અને ચાર સિક્કાઓ તેણે ગમે તે કારણે ખસેડી લીધાં છે. માત્ર તમારા માસિક 'કુમાર'માંનાં ચિત્રો મળ્યાં છે અને તે જોવામાં મને ખૂબ આનંદ મળ્યો.

મને નવાઇ લાગે છે કે બીજી વસ્તુઓ કેમ ખસેડી લેવામાં આવી. તમને મેં ગયા પત્રમાં ટપાલની ટિકિટો તથા સિક્કા મોકલેલા ને

મળ્યા? હવે તો યુદ્ધ પૂરૂં થયું છે એટલે કદાચ આપણા કાગળો અમલદારો તરફથી ખોલવામાં નહિ આવે અને તમે મને તમારા દેશના વધુ સિક્કા મોકલશો તો જપ્ત નહિ થાય. તમે મને જે પહેલો કાગળ લખેલો તેનું શું થયું તેની મને પણ નવાઈ થાય છે.

તમે જણાવેલી ચોપડીઓ મેળવવાનો હું યત્ન કરીશ. કેમકે હું જાણું છું કે તમને વૈદકમાં ઘણો રસ છે. પહેલી જ તક મળ્યે હું શહેરમાં ચોપડીઓના દુકાનમાં જઈ તેની ભાળ કાઢી મોકલીશ. બનતાં સુધી તો આ પત્ર તમને મળ્યા પછી તરત જ તે પણ આવી પહોંચશે.

તમારો પહેલો પત્ર મળ્યો જ નથી અને બીજા કાગળમાંથી સિક્કાઓ અને ફોટોગ્રાફો કાઢી લેવામાં આવ્યા છે એટલે તમે મને થોડા વધુ સિક્કા તથા તમારા અને તમારાં કુટુંબીજનોના ફોટોગ્રાફો મોકલશો. હિંદુસ્તાનનો મુખ્ય સિક્કો–રૂપાનો કે કાગળનો–મેળવવાનું મને બહુ મન છે. અલબત્ત, આવી વસ્તુઓનું ખર્ચ તમારે ભોગવવાનું આવે એમ હું નથી ઇચ્છતો; એટલે મને ગમતી કોઈ ચીજ જો તમને ત્યાં મળી આવે તો તે મોકલવા સાથે તેની કિંમત પણ મને અવશ્ય જણાવશો, જેથી તેના બદલામાં હું તમને અમેરિકન બનાવટની કોઇ ભેટ મોકલી શકું. આ કાગળ સાથે મારો, મારી પત્નીનો તથા પીટરનો ફોટોગ્રાફ બીડું છું. નાની પુત્રીનો એક ફોટો નથી; પણ આવતા પત્રમાં તેનો ફોટો પણ મોકલીશ

તમે મને મોકલેલા ચિત્રનું વર્ણન મને બહુ ગમ્યું. હિંદી કળા અમેરિકન કળા કરતાં તદ્દન જુદી છે; પણ તે સુંદર મધુર છે તે ઘણું-ઘણું કહી નાખતી લાગે છે અને તેનાં બધાં દશ્યોમાં શાન્તિ અને એકતાનતાનો સંદેશ છે. બધાં ચિત્રોમાં મને સરોવર તરફ જોતી સ્ત્રીનું ચિત્ર બહુ ગમ્યું એ ઝાડવાળું ચિત્ર પણ મે હક હતું.

તમે ઉલ્લેખેલા તમારા 'કુમાર' માસિકમાં મારો તમારા પરનો છેલ્લો કાગળ પ્રકટ થયો જણાય છે; કેમકે 'કુમાર'માં કામ કરતા ઠાકોરલાલ પી. બ્રહ્મભટ્ટ નામના એક તરુણનો પત્ર મને મળ્યો છે. હું તેના પત્રનો પણ જવાબ લખીશ હું જોઉં છું કે તમારૂં સરનામું ફરી ગયું છે. હજી તમે દવાખાનામાં જ કામ કરો છો? તમારી ડાકટરી પદવી તમને હવે મળી ગઈ? યુદ્ધ પૂરૂં થયું એટલે હું હવે ફરી કૉલેજમાં જવા ધારૂં છું હું કેમિકલ એન્જીનીઅરિંગનો અભ્યાસ કરીશ.

તમે પૂછો છો કે તમારા બે મહાન હિંદીઓ મહાત્મા ગાંધી અને રવીન્દ્રનાથ ટાગોરનાં નામ મેં સાંભળ્યાં છે કે નહિ. હા; બંનેનાં સાંભળ્યાં છે. તમારા કવિ રવીન્દ્રનાથ તો ગુજરી ગયા ને? અને તમારા મહા પુરુષ–મોહનદાસ કે. ગાંધીનું નામ તો કોણે ન સાંભળ્યું હોય?

વારુ, પ્રિય મિત્ર! મેં બહુ લખી નાખ્યું. મને ખાતરી છે કે આ પત્ર મળશે ત્યારે તમારી તબિયત બહાલ હશે. અને હું તમારા જવાબની રાહ અધીરાઇથી જોઇશ મેં લખ્યું તે પ્રમાણે તમે કહેલી ચોપડીઓની ભાળ મેળવવા હું જરૂર યત્ન કરીશ બીજું પણ કાંઈ જોઇએ તો જણાવશો અને તમને મોકલવા પ્રયત્ન કરીશ.

મારે માટેની તમારી કલ્યાણવાંછનાઓને માટે તમારો આભાર માનતો—

તમારો પ્રિય મિત્ર

નૉર્મન એસ. હૅરાવિટ્ઝ

નવા પત્રમિત્રો

આઝાદ હિંદ પેન ફ્રેન્ડ્ઝ કલબ, C/o ચન્દ્રકાન્ત હરજીવનદાસ સંઘવી, સંચા ગલી, મૂળજી જેઠા માર્કેટ, મુંબાઈ ૨ એ સરનામે લખવાથી એ સંસ્થા નવીન પરદેશી પત્રમિત્રો મેળવી આપશે તથા એકબીજાના શૉખમાં મદદ કરશે. આ ઉપરાત નીચે આપેલા નવાં સરનામાંમાં બે ઈંગ્લંડની કુમારીઓનાં છે.

(૧) (Miss) Noreen Broom, 27 Stokesley Crescent, Bellingham, C.O Durham, (England); (૨) (Miss) Enid Huges, 'Allendale', 179 Durham Road, Stockton on Tees, C.O. Durham (England); (૩) કુ શ્રી ધર્મેન્દ્રસિંહજી બી. રાણા, ચુડા હાઉસ, વિઠ્ઠલ પેલેસ, વઢવાણ કૅમ્પ; (૪) નઝરઅલી કાસમ C/o એન . અહમદ, પો. બૉ. ૩૨, મ્વાન્ઝા Mwanza T.T. (B.E. Africa); (૫) ચંદુલાલ જયાશંકર દફતરી, દુર્લભ ફાર્મસી, મોરબી (કાઠિયાવાડ); (૬) દેવેશ્વર પટેલ, C/o સુરેન્દ્રનાથ પુરુષોત્તમ પટેલ, પો. ચક્રધરપુર, જિ. સિંહભૂમ (બી. એન. રેલ્વે); (૭) પ્રતાપ શાહ, મગન પ્રભુનો માળો, ૫૨-૫૪ પાયધુની, મુંબાઇ–૨; (૮) સુલતાનઅલી એમ. નુરાની, સુલતાન કોર્ટ, દેવજીભાઇની વાડી, ભાવનગર; (૯) કમલ એન આચાર્ય, શાસ્ત્રીવાડા, કચ્છ માંડવી; (૧૦) જયેન્દ્ર એન. બુચ, શાસ્ત્રીવાડા, કચ્છ માંડવી; (૧૧) રસિકલાલ ડી. રેશમવાળા C/o પ્રભુદાસ ગંગાદાસ રેશમવાળા, રામપુરા રોડ, સુરત; (૧૨) જવાહર જી. ઝવેરી ૧૦૮ ઝવેરી બજાર, મુંબાઇ–૨; (૧૩) કાસમઅલી મહેરઅલી કુરજી, પો બૉ ૬૭, મૉમ્બાસા (બ્રિ. ઈ આ); (૧૪) અનંત મહેતા, લુહાર ચકલા, કચ્છ માંડવી; (૧૫) વિઠ્ઠલભાઇ પી. પટેલ, મોટી ખડકી, ઉત્તરસંડા (ખેડા).

નવાં પુસ્તકો

મૅટ્રિક આસપાસ રચા વાટા એટલે કે 'મૅટ્રિકની આસપાસના માર્ગો' એ નામનું એક ઉપયોગી નાનકડું પુસ્તક (મરાઠી ભાષામાં) જેમાં નિરનિરાળા અભ્યાસક્રમો. પરદેશના અભ્યાસક્રમો, મુલાકાતો, ધનાર્જનના માર્ગ વગેરેની માહિતી આપી છે. તેનાં નીચેનાં પ્રકરણોથી તેના અંતરંગનો ખ્યાલ આવશે: કોર્સ કેમ ઠરાવવો, નોકરી કરનારાં અને બીજાઓએ ધ્યાનમાં લેવા યોગ્ય વાતો, યુનિવર્સિટીનું શિક્ષણ, ધંધા અને કોર્સ ઠરાવવામાં શાળાઓએ શું કરવું જોઇએ; નિરનિરાળા અભ્યાક્રમો, યુદ્ધકાલીન અભ્યાસક્રમો, જુદાંજુદાં સ્થળોની સંસ્થાઓ, હિંદુસ્તાનમાંની કેટલીક સરકારી ખાતાંની પરીક્ષાઓ; દ્રવ્યપ્રાપ્તિના કેટલાક માર્ગ તથા ધંધા; મુલાકાતો લેખક—સ. અ. રાનડે, વિસનગર, પ્રાપ્તિસ્થાન—સમર્થ બુકડેપો, મુંબાઈ–૪ પૃ. ૭૫; કીમત રૂપિયા અઢી. **ઘર, શાળા ને શેરી:** જૂની અને નવી બંને પેઢીઓનું સારૂં નરસું તપાસીને લખેલાં, શિક્ષક આશ્રમને ઉપયોગી લખાણોનો સંગ્રહ; લેખક—ગિરીશભાઈ મ. ભટ્ટ પ્રકાશક—ઘરશાળા પ્રકાશન મંદિર, તખ્તેશ્વર પ્લૉટ ભાવનગર, ૦ ૬ ૦; **મૂગો સેવક:** ગાંધીજીને પ્રિય એવી 'સર ગિબી' નામની નવલકથાને આધારે તૈયાર કરેલી, એક મૂગા પણ સેવાભાવી છોકરાના પરાક્રમોની આ કથા, વાચનનો રસ આપવાની સાથે જીવનને સેવા તથા આત્મોન્નતિ તરફ પ્રેરે એવા અભિજાત કથા સાહિત્યનો ઉત્તમ નમૂનો છે. લેખક—ચન્દ્રશંકર પ્રાણશંકર શુક્લ, પ્રકાશક—એન એમ ઠક્કર ઍન્ડ કં. પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ–૨, ૨-૮-૦; **ગાંધીજીના સમાગમમાં:** ગાંધીજીના સમાગમમાં આવેલાં ગુજરાતનાં અનેક સ્ત્રીપુરુષોએ ગાંધીજીવનના જાતે જોએલા પ્રસંગોનાં વર્ણન આપતું પુસ્તક જેમાં એમનાં અનેક લોકોત્તર ને વિરલ ગુણોનું પ્રતિબિમ્બ પડે છે સંપાદક ચન્દ્રશંકર પ્રાણશંકર શુક્લ, સોલ એજન્ટ એન એમ. ઠક્કરની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ–૨, ૨ ૮ ૦.



મધપૂડો

નાનકડું શું વાદળ આખો સૂરજ ઢાંકી કાઢે,
વિષનું ટપકું માણસ જેવો માણસ પલમાં મારે !
મચ્છર કાન મહીં પેસી ખીજવી શકતો માતંગ !
અંગ મહીં એક જૂઠો અવયવ લજવે આખું અંગ !
પ્રેમતણું મા' જહાજ કરે અભિમાન-છછુંદર કાણું
ભરદરિયે એ ભૂલતું રસ્તો, ડૂબે ખર્ચ્યું નાણું !

—ગણપત ભાવસાર

હિંદી ક્રિકેટજગતનો જ્યોતિર્ધર : લેફ્ટેનન્ટ કર્નલ કોટ્ટારી કન્કૈયા નાયુડુ

'એ ઊંચો મદ્રાસી આપણા મશહૂર ખેલાડી ગ્રેસની પણ ઝમકભરી રમતને તથા તેના છક્કાઓને ઝાંખપ પમાડી તેનાથી ચાર ચાસણી ચડી ગયો છે. આવો અજબ ખેલાડી મેં આજ સુધી જોયો નથી. એ બૅટ ઉચકે છે કે બાઉન્ડ્રી જાય છે. ગમે તેવા ફાસ્ટ બૉલને પણ તે છક્કો બનાવી દે છે. ગૂગલી બૉલરોને પણ એ ત્રાહેત્રાહે પોકરાવી દે છે. એની હિંમત અજબ છે. એ રમતથી થાકતો નથી. ગમે તેવી નિરાશાજનક સ્થિતિમાં પણ એ મક્કમ રહી શકે છે અને પોતાની મરજી મુજબ વિશ્વાસથી રમી શકે છે. એ ભયંકર આક્રમણકારી બૅટ્સમૅન છે, ઉસ્તાદ બૉલર છે, ચપળ ફીલ્ડર છે અને કુશળ કૅપ્ટન છે.' કર્નલ નાયુડુની કમાલ રમતની પ્રશંસામાં એક ગોરા ગૃહસ્થે લખેલા આ શબ્દોમાં હિંદી ક્રિકેટજગતના એ જ્યોતિર્ધરનું ટૂંકું પણ તાદૃશ વર્ણન આવી જાય છે.

'સી. કે.'ના ટૂંકા પણ વહાલસોયા નામથી સમસ્ત હિંદની ક્રિકેટજનતામાં લાડીલો બનેલો આ મહાન ક્રિકેટર હિંદુસ્તાનભરમાં આજે સૌથી વધુ લોકપ્રિય છે. ગયા ઑક્ટોબરમાં એને પચાસ વર્ષ પૂરાં થયાં, છતાં એ ઊંચી, સશક્ત, ચપળ વ્યક્તિ આજે પણ એટલી જ તેજસ્વિતા ને ખુમારી ધરાવે છે; એનાં કાંડાનું કૌશલ, એની આંખની શક્તિ ને અગાંગની સ્ફૂર્તિ હજી એવી ને એવી જ છે.

એ રમતમાં ઊતરે છે કે 'ગેઈટ-મની'ની આવકમાં છોળ ઊડે છે; એ મેદાનમાં આવે છે ને તાળીઓના ગડગડાટ ગાજે છે. કવચિત એ ૨૦-૨૫ રનમાં ઊડી જાય છે તો પ્રેક્ષકો કચવાટથી બોલી ઊઠે છે કે 'નાયડુએ રમત બગાડી નાખી !' પરંતુ જ્યારે એની સદી ઝળકે છે, બાઉન્ડ્રીઓ ગાજે છે, છક્કાઓ ચગે છે, ત્યારે લોકોના હર્ષનો પાર રહેતો નથી. તાળીઓ અને કીકિયારીઓથી મેદાન ગાજી ઊઠે છે. એના ગળામાં હારના ઢગલા ઠલવાય છે; મિનિટોની મિનિટો સુધી એના માનમાં તાળીઓ, રૂમાલો ને કાગળો ફરકયા જ કરે છે. એની સેન્ચરી સમયે ફટાકડાની લૂમો પણ ફોડવામાં આવી છે.




હિંદી ક્રિકેટના ઇતિહાસમાં સર્વોચ્ચ કોટિના ક્રિકેટર તરીકે નામના કાઢનાર આ ખેલાડીનો જન્મ ઈ. ૧૮૯૫ના ઑક્ટોબરની ૩૧મી તારીખે નાગપુરમાં થએલો. એના પૂર્વજો મૂળ મદ્રાસના, પણ નાગપુર આવી રહેલા. એના પિતા ને કાકા કૅમ્બ્રિજમાં ભણતા ત્યારના જામ 'રણજી'ના પ્રશંસક બનેલા અને પોતાને પરંપરાગત પ્રાપ્ત થએલું ક્રિકેટખેલન એમણે પુત્રને વારસામાં આપ્યું. એ વારસાને ઉજાળી એણે આજે હિંદી ક્રિકેટજગતની બેતાજ બાદશાહી કબજે કરી છે.

છેક સાત વર્ષની નાની વયથી જ ક્રિકેટની રમતની દીક્ષા પામેલા એ કુમારને એ રમતની શાસ્ત્રીય તાલીમ આર. રાજન્ના જેવા ક્રિકેટપટુને હાથે નાગપુરમાં મળે-

આમાસ (જાન્યુઆરી)નું પંખી

[શ્રી 'વનેચર'ની લેખમાળા 'વનવગડાનાં વાસી'-માં આપણી જીવસૃષ્ટિનો પરિચય આવી ગયો હોવા છતાં આપણી નિકટવર્તી એ સૃષ્ટિ ફરીફરી પરિચય કરવા જેવી છે. અહીં માસેમાસ નજરે પડતાં પંખીઓનો ટૂંક પરિચય અપાયા કરશે.]

ચક્રવાક



મૂળ સ્પેઈન, અફઘાનિસ્તાન, હિમાલય વગેરે પ્રદેશનું વતની આ પંખી શિયાળો ગાળવા હિંદમાં આવે છે અને જાન્યુઆરીમાં અહીં જણાય છે. જોકે માત્ર રાત્રે જ ચરવા નીકળતું હોવાથી એને માટે ખાસ આગ્રહ રાખીને અવલોકન કરવા નીકળનારની જ નજરે એ પડે. પણ એનાં નરમાદાનાં જોડકાંમાંથી એકાદું યે ચરતાંચરતાં છૂટું પડી જાય કે બેની વચ્ચે કોઇ અંતરાય આવે કે તરત 'આઉં' 'આઉં' કરતાં બૂમાબૂમ કરી મૂકે છે. એટલે એમને શોધવાં મુશ્કેલ નથી. 'ચક્રવાક મિથુન' નામના કાવ્યથી ગુજરાતી સાહિત્યપ્રેમીઓને જાણીતા આ પંખીને લોકવાણીએ, વિરહવેદના ભોગવવાનો શાપ પામેલા કોઈ પૂર્વજન્મના પ્રેમોન્મત્ત યુગલરૂપે કલ્પીને એમની રાતવેળાની એ બૂમોને કાવ્યરૂપ આપ્યું છે.

ગળામાં ઘૂંટીને 'આઉં' 'આઉં' અવાજ કરતું હોવાથી એનું નામ 'ચક્રવાક' પડયું. ગ્રામલોકો એને ચકવો કહે છે. બતકના વર્ગનું આ પંખી હંસને મળતું આવતું હોવાથી કેટલાક દેશમાં એને 'હંસ' પણ કહે છે.

કેસરના રંગે ચળકતો નારંગી એનો રંગ અને પાંખમાં લીલો પટ્ટો. આંખોની કીકી ચકચકિત છીંકણી રંગની અને ચાંચ તથા પગ કાળા. મોટાં ટોળાંમાં ઊડીને પરદેશથી આવે છે અને સ્વચ્છ જલાશય આગળ વાસ કરે છે. દિવસે એક પગ ઊંચો રાખી માત્ર એક જ પગે શરીર ટેકવીને (એકપદી કરીને) ઊંઘે છે અને સાંજ પડતાં ચરવા નીકળે છે. આહારમાં એને બધું જ ખપે: જીવાત, માછલાં કે વનસ્પતિ.

લી, ને નાગપુરની 'હિસ્લોપ કૉલેજિયેટ હાઈસ્કૂલ'ના તથા તે પછી ત્યાંની કૉલેજના કૅપ્ટન થએલા. અભ્યાસ તરફ એમનું બહુ લક્ષ ન રહેતું. છતાં વર્ષ પૂરું થવા આવતાં એ આસાનીથી પરીક્ષા પસાર કરી દેતા.

ક્રિકેટ જગતમાં એમણે નામના કાઢી તે પહેલાં પણ એની કારકીર્દિ એક અઠંગ કૂદનાર તરીકે પંકાએલી હતી. યંગ મેન્સ ક્રિશ્ચિયન એસોસીએશનના સમાશ્રયે મુંબાઇમાં ગળેલી અખિલ હિંદ હરીફાઈમાં અંગદ કૂદકા અને હનુમાન કૂદકા (હાઈ જંપ અને લૉંગ જંપ) માટે એમણે પહેલાં ઇનામો લીધેલાં અને આજે પણ ઊંચું કૂદવામાં એ ભલભલા હરીફોની સામે ટક્કર ઝીલી શકે છે. આ ઉપરાંત હોકી ફુટબૉલ, અને પોલોના પણ એ અઠંગ ખેલાડી છે

ઈ. ૧૯૧૬માં હિંદી ક્રિકેટના મહિયર સમા મુંબાઇમાં, એકવીસ વરસની ઊગતી વયે એમણે ચતુરંગી મૅચમાં પ્રથમ દેખા દીધી અને એ પહેલી જ રમતમાં પોતાનો લાક્ષણિક છક્કો ફટકાર્યો. લાગલી જ લોકોને પ્રતીતિ થઈ કે હિંદી ક્રિકેટમાં કોઈ પાણીદાર વ્યક્તિએ પ્રવેશ કર્યો છે. અને ત્યારથી એની નામના અને લોકપ્રિયતા વધતાં ગયા. ચતુરંગી મૅચોમા ૧૦૦૦ રન પૂરા કરવામાં સૌ પહેલા એ જ હતા. એના છક્કાઓએ અનેક દડા ગુમ કર્યા છે. એક સમયે રમત પૂર બહારમાં ખીલેલી ને નાયડુ પણ એવી અજબરીતે ખીલેલા કે એની ઓવરબાઉન્ડ્રીએ મુંબાઈ જીમખાનાનું ઘડિયાળ તોડી પાડેલું !

ઈ. ૧૯૨૫ ૨૬માં હિંદમાં રમવા આવેલી એમ. સી. સી. ટીમ સામે માત્ર ૧૦૦ મિનિટમાં ૧૧ છક્કા અને ૧૩ ચોક્કા કકડાવી કાઢીને ૧૫૩ રનનો ઐતિહાસિક જુમલો એમણે નોંધાવ્યો ત્યારથી એમણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ-ઇતિહાસમાં પોતાના નામાક્ષરો અંકાવ્યા અને જગતભરના ઉચ્ચ કક્ષાના ખેલાડીઓમાં પંકાઇ ગયા. ૧૯૨૬માં એમણે પોતાની કારકીર્દિના વધુમાં વધુ—૨૫૬ રન કરેલા.

આ પછી તો ૧૯૩૨ અને ૧૯૩૩૩-૪માં ઈંગ્લંડ સામે ટેસ્ટ મૅચો રમવા ગએલી હિંદી ટીમની સરદારી એમણે લીધેલી અને હિંદી ટીમના ઇંગ્લંડના એ પ્રવાસ દરમ્યાન ભલભલા ખેલાડીઓ સામે છક્કાઓ મારીને અને છ વખત સદીઓ નોંધાવીને સારા યે ઇંગ્લંડને આશ્ચર્યથી ચોંકાવી દીધેલું, જેમાંની પાંચ સદીઓ તો ઇંગ્લંડની ફર્સ્ટ ક્લાસ કાઉન્ટીઓ સામે હતી. એની રમત જોઇને અંગ્રેજોએ એને 'ટેરર ઑવ ધ ફીલ્ડ' કહેલો. ૧૯૩૨ની સફરમાં સૌ પહેલાં ૧૦૦૦ રન નોંધાવનાર અને ૧૯૩૩-૩૪માં ૧૮૪૨ રનનો સૌથી મોટો જુમલો નોંધાવનાર પણ એ જ હતા. એમની ભવ્ય અને કીર્તિકર ફટકાબાજીથી ઇંગ્લંડના વિવેચકોએ એમને હિંદના બ્રૅડમૅન, હૅમંડ અને વૂલી કહીને પ્રશંસ્યા છે. પરંતુ એમનું વ્યક્તિત્વ તો એ બહુમાનને પણ ઓળંગી જાય એવું છે. બ્રૅડમૅન માત્ર ક્રિકેટના નિયમોના પાલન સાથે અચ્છું રમી જાય છે; પરંતુ સી. કે. ક્રિકેટના નિયમોની મર્યાદામાં રહેતા છતાં જે સ્વૈરવિહારીની મુક્તતાથી રમતને કલામય અને પ્રાણવાન બનાવી મૂકે છે તે ચૈતન્ય બ્રૅડમૅનમાં નથી.

એની આ શક્તિ અને સફળતાનું ખરું રહસ્ય છે એનો આત્મવિશ્વાસ. એ પોતાની લાક્ષણિક ઢબે દડા પર ભયાનક હુમલો કરે છે. જે વિશ્વાસથી એ બૅટ ઉચકે છે અને ફટકો મારે છે તેવી રમત બીજો કોઈ ખેલાડી આજે કરી શકતો નથી. પોતાના વિદ્યાર્થીઓને પણ એનો દીક્ષામંત્ર એ જ છે: 'બૅટ સીધા રખ્ખો; ડરો મત; જોર સે ફટકા લગાઓ !' ફટકાબાજી એને પ્રિય છે અને તેને હિંદી ક્રિકેટની ખૂબી માને છે, છતાં જરૂર પડયે એ સ્થિર ચીકણી રમત પણ રમી શકે છે. વખત જોઇને દાવ લેનાર એ કુશળ ખેલાડી છે. એમણે જેમ વીસ મિનિટ જેટલા ટૂંકા ગાળામાં ૯૨ રનનો ઝડપી જુમલો કર્યો છે, તેમ એક વખત ઇંગ્લંડમાં એક રમતમાં વખત વીતાવવાની જરૂર પડી ત્યારે દોઢસો મિનિટ—અઢી કલાક—સુધી બૅટને ચોંટી રહી એટલા લંબાણ ગાળામાં માત્ર ૩૭ રન પણ કરેલા.

એમની બૅટિંગની કુશળતા સર્વતોમુખી છે. 'ઑફ' અને 'ઑન' બંને તરફનું ડ્રાઇવિંગ તે કુશળતાથી કરે છે, એટલું જ નહિ પરંતુ લલચામણા દડાઓની સામે સારી પેઠે 'એડવાન્સ' થઇ એને અદ્ધરોઅદ્ધર ઉપાડી લઈ બાઉન્ડ બહાર ફેંકી દેવાની એમની આવડત અજોડ છે. પોતાની ઊંચાઇનો એ સારો લાભ ઉઠાવી જાણે છે અને ઊંચા કુદકા મારી દડાને ફટકારવાની પદ્ધતિ તો એમની જ ગણાય છે. ફાસ્ટ બૉલરોને તો એ એટલા જ 'હાર્ડ ડ્રાઈવ'થી જવાબ આપે છે, અને ગમે તેવા 'ગુગલી' 'લેગ બ્રેક' કે 'ટૉપ સ્પિનર' બૉલરોને પણ એ થકવી નાખે છે. બ્રેક સામેના પોતાના ફટકાઓથી તો એ જગતભરમાં સૌથી શ્રેષ્ઠ 'બ્રેક હિટર' ગણાય છે. બૉલ કેવી ચાલ ચાલશે તેની એ રાહ જોતા નથી; એ તો બૉલ પાસે પોતાનું ધાર્યું કરાવે છે.

એમની આ ઉચ્ચકક્ષાની બૅટિંગ ઉપરાંત એ કુશળ બૉલર પણ છે. 'મીડિયમ-સ્લો' ઢબની એમની બૉલિંગે ઇંગ્લંડમાં લેસ્ટરશાયર સામે ૨૧ રનમાં સારામાં સારી પાંચ વિકેટો ઉપાડી લઇને સનસનાટી ફેલાવી મૂકેલી પણ એક વખત પોલોની રમતમાં ઘોડા પરથી પડી જતાં એમના કાંડાનું હાડકું ઊતરી ગએલું, ત્યારથી એમનાથી બૉલિંગ બહુ નથી થતી જોકે બૅટિંગના ફટકામાં એમને વાંધો આવતો નથી.

ફીલ્ડિંગમાં પણ એ શ્રેષ્ઠ ફીલ્ડર છે એટલું જ નહિ, પણ કુશળતાપૂર્વક વ્યૂહરચના કરે છે અને તેમાં અઘરામાં અઘરી ફીલ્ડિંગ પોતે લે છે. 'સ્લિપ' અને 'મિડઑફ'ની ફીલ્ડિંગ એ પોતાની જ કહેવડાવે છે. આંખ, શારીરિક ચપળતા, હિંમત અને ક્રિકેટની સમજનો સુમેળ હોય તે જ ક્રિકેટર આ જગ્યાએ ફીલ્ડિંગ કરી શકે છે.

'બૅટસમેન,' 'બૉલર,' 'ફીલ્ડર,' 'કૅપ્ટન,' એવો આ સી. કે. આપણો સૌથી લોકલાડીલો ક્રિકેટખેલાડી છે. એની કીર્તિકથાઓ આપણા દેશના ક્રિકેટરસિકોને કંઠે છે, એની નામના અજોડ છે, એનું ક્રિકેટવ્યક્તિત્વ અને આકર્ષણ અદ્‌ભુત છે. ગઈ એક પચ્ચીસીથી નાયુડુનું નામ પ્રત્યેક હિંદી છોકરાની જીભે રમી રહ્યું છે. પ્રત્યેક છોકરો નાયુડુ થવાની મહેચ્છા સેવે છે, દરેક ક્રિકેટ શોખી માબાપ પોતાનો છોકરો નાયુડુ થાય એવો અભિલાષ ધરાવે છે.


જેવા એ મહાન ખેલાડી છે તેવા જ સુજન અને સંસ્કારી સદ્‌ગૃહસ્થ એ છે. એ લોકપ્રિય વક્તા છે. ક્રિકેટ વિષે સારું લખી પણ જાણે છે. સાદો પોશાક અને સાદો ખોરાક એમને પ્રિય છે. આવા મહાન ખેલાડી હોવા છતાં એ ધંધાર્થી ખેલાડી નથી. હોલ્કરરાજના લશ્કરમાં એ લફ્ટેનન્ટ કર્નલનો હોદ્દો ધરાવે છે. રમતમાં પણ એ લશ્કરી યોદ્ધા સમા છે. છેલ્લો દડો ફેંકાઇ ન જાય ત્યાં સુધી એ રમતના પરિણામનો નિર્ણય બાંધી બેસતા નથી. રમતની પકડ હાથમાંથી જવા દેતા નથી કે ઢીલી થવા દેતા નથી. તેમજ કૅપ્ટન તરીકે પણ એવો જ જુસ્સો સૌમાં પ્રકટાવવાની એમનામાં શક્તિ છે. ક્રિકેટ પરનું એમનું સામર્થ્ય અને સ્વામિત્વ અજોડ છે.

જગના કયા ક્ષેત્રમાં મોટા માનવી ટીકાથી પર છે ? ક્રિકેટજગતના આ પરાક્રમી પુરુષે પણ પોતાના ત્રણ દાયકાના ક્રિકેટજીવનમાં ટીકા અને નિંદા સહન કર્યાં છે. એમના પર એકાંતિક ને અસહકારી હોવાના આરોપ મુકાયા છે. ૧૯૩૭માં ચોક્કસ સમૂહે એમનું અપમાન પણ કરેલું. પરંતુ એમની આપભોગની ખેલદિલી અને નમ્રતા અજબ છે. પોતાનાથી નીચી કક્ષાના લોકો પાસે એમણે બીલકુલ સંકોચ વગર નેટ-પ્રૅકટિસની પરીક્ષાઓ આપી છે અને હિંદી ક્રિકેટના હિત માટેની

એગની યશગાથા તો એમના આ શબ્દો જ પોકારી રહે છે કે 'હિંદી ક્રિકેટનું હિત સધાતું હોય તો હું રમતના મેદાન પરા રોલ ફેરવવા પણ તૈયાર છું.' (સંકલિત)

ઈન્ફ્રારેડ કિરણો

સૂર્યનો પ્રકાશ સાત રંગોનો બનેલો છે તે તો સૌને વિદિત છે ત્રિપાર્શ્વ (ત્રણ પાસાવાળા) કાચમાંથી સૂર્યનાં કિરણ પસાર થાય તો સાત રંગોનો(Vibgyor—જાંગવાલીપીનારા—એટલેકે જાંબલી, ગળીનો, વાદળી, પીળો, નારંગી ને રાતો એ સાત શબ્દોના પહેલા અક્ષરો—નો) વર્ણપટ—સ્પેક્ટ્રમ આપણી નજરે પડે છે. પણ આ વર્ણપટના રાતા રંગની તરત જ નીચે એક મોટો અદૃશ્ય વર્ણપટ આવેલો હોય છે તેની સામાન્ય જનતાને જાણ નથી. આ વર્ણપટના કિરણસમૂહની તરંગલંબાઈ (વેઇવ લેંગ્થ) લાંબી હોવાથી તે આપણી નજરે પડતો નથી હોતો. તેનું નામ ઈન્ફ્રારેડ કિરણો.



કોઈપણ પ્રકાશ કે ગરમીમાંથી જે કિરણો નીકળે છે તેનો મોટો ભાગ ઈન્ફ્રારેડ કિરણોનો હોય છે. સૂર્યના પ્રકાશનો લગભગ ૫૦ ટકા ભાગ—એટલેકે આપણને ઘેરી રહેલા પ્રકાશનો મોટો જથ્થો ઇન્ફ્રારેડ કિરણોનો હોય છે. બીજી રીતે કહીએ તો આપણે એ કિરણોના મહાસાગરમાં જ વસીએ છીએ. પૃથ્વી પર 'જીવન' પણ આ કિરણોના પ્રતાપે જ પાંગર્યું હોવું જોઇએ. પ્રયોગોથી સાબિત થયું છે કે વનસ્પતિ-સૃષ્ટિ તો તેના વગર જીવી જ ન શકે. એટલે તેનાથી ઉચ્ચ શ્રેણીના જીવોના વાર્ધક્ય ને જીવનટકાવ અર્થે પણ ઇન્ફ્રારેડ કિરણો અગત્યનો ને મહત્ત્વનો ભાગ ભજવતાં હોવાં જોઇએ એમ કહેવું વધારેપડતું નથી

ઈ. ૧૮૦૦માં સર વિલિયમ હર્શેલે ત્રિપાર્શ્વ કાચમાંથી પસાર થતાં સૂર્યકિરણના વર્ણપટના જુદાજુદા રંગો ઉપર થર્મોમીટર મૂકી દરેક વર્ણપટની ઉષ્ણતા નોંધી જોઇ. આ પ્રયોગમાં માલૂમ પડ્યું કે જાંબલી પટ કરતાં રાતો પટ વધારે ઉષ્ણતાધારક હતો. પણ જ્યારે રાતા વર્ણપટથી યે આગળ થર્મોમીટર મૂકવામાં આવ્યું ત્યારે તો તેનો પારો એકદમ ઊંચે ધસી ગયો! આ ઉપરથી કલ્પના કરવામાં આવી કે એ રાતા વર્ણપટની પાર ગરમી ઉપજાવનારો કોઇ બળવાન કિરણસમૂહ હોવો જોઈએ અને એ કિરણોની તરંગ-લંબાઈ લાંબી હોવાથી તે આપણાથી નરી આંખે દેખી શકાતાં નહિ હોય; પણ તેમની અસર તો ગરમી ઉપજાવનારી હોય જ છે સૂર્યપ્રકાશમાં જે વધારે ગરમી લાગે છે તે આ ઈન્ફ્રારેડ કિરણસમૂહના પ્રતાપે જ.

આ ઇન્ફ્રારેડ કિરણોનું વિકિરણ (રૅડીએશન) દરેક પ્રકાશમય કે ગરમી ઉત્પાદક વસ્તુમાંથી થતું હોય છે. બળતાં લાકડાંમાંથી, વીજળીના દીવા કે સ્પિરિટ લૅમ્પમાંથી કે રૅડીએટરમાંથી જે ગરમી આવતી હોય છે તે પણ આ કિરણોને લીધે જ. પણ ઉપર દર્શાવેલી ગરમીધારક વસ્તુઓનાં કિરણોની તરંગલંબાઈ ઓછીવત્તી હોવાથી તેમાંથી નિપજતી ગરમી પણ એકધારી ન હોતાં ઓછીવત્તી હોય છે.

જે ઇન્ફ્રારેડ કિરણો રાતા વર્ણપટની તદ્દન નજીકમાં હોય છે તે તો પદાર્થની અંદર પણ પ્રવેશતાં હોય છે. આ કિરણો વીજળીના ગોળામાં કાર્બન કે ટંગસ્ટનના બારીક તારો (ફિલામેન્ટ્સ) નાખવાથી ઉપજાવી શકાય છે. આવા ઈન્ફ્રારેડ દીવાઓના બલ્બમાંથી તેજ તો જોકે ઝાંખું પ્રગટતું હોય છે, પણ તેમાંથી નીકળતી ગરમી એટલી તો ઉગ્ર હોય છે કે તાજો લગાડેલો રંગ તે વડે થોડી જ મિનિટોમાં સુકાઈ જાય છે. સૂકવેલા ખોરાક (ડીહાઇડ્રેટેડ ફૂડ) બનાવવામાં ફળ, શાક વગેરેમાંથી જે પાણી શોષી લેવાનું હોય છે તે ક્રિયા જો ઝડપી બને તો ખાદ્યના વિટામિનો ને સોડમ અકબંધ જળવાઈ રહે. આથી ઇન્ફ્રારેડ દીવાઓ સજેલી ભઠ્ઠીઓમાં હવે તે ક્રિયા કરવામાં આવે છે ને તેમાં ગાજર, સક્કરિયા, બટાટા, કૉબીજ, કોબી વગેરે ૫ થી ૩૦ મિનિટ જેટલા સમયમાં જ સૂકવી નાખી શકાય છે. અગાઉ વરાળની ભઠ્ઠીઓમાં આ જ ક્રિયા માટે કલાકોનો સમય જોઇતો હતો. આ ઉપરાંત પણ ઈન્ફ્રારેડ દીવાના વિવિધ ઉપયોગ થાય છેઃ ઠંડી ઋતુમાં મોટરનાં એન્જિનો ગરમ રાખવાથી માંડીને સીતમ ઠંડી વખતે ખેતરો ને વાડીઓમાં ઍન્ટીફ્રીઝલૅમ્પ દ્વારા વૃક્ષવેલાઓનાં પાંદડાં ને ડાળીઓ ઉપર કૃત્રિમ સૂર્યની જેમ પ્રકાશ વેરી ઉષ્મા પ્રસારવામાં, ધાન્ય સૂકવવામાં, કઠોળ ને અનાજના જંતુઓનો નાશ કરવામાં ને સોલ્જરોનાં કપડાં તથા ગરમ ધાબળાઓમાં પડેલી જૂ જીવાતો આદિ મારવાના કાર્યોમાં.

પણ ઈન્ફ્રારેડ કિરણોનો અદ્‌ભુત ઉપયોગ તો ફોટોગ્રાફીમાં થયો છે. ઇન્ફ્રારેડ ફિલ્મ દ્વારા ગાઢ અંધકારમાં પણ ફોટોગ્રાફ લઇ શકાય છે. ધોળા દિવસે પ્રખર સૂર્યના પ્રકાશમાં પણ ચંદ્રની ચાંદનીની અસર અને દશ્ય નીરૂપતાં ફોટોચિત્રો લઇ શકાય છે અસીમ ઊંચાઇએથી પણ ઘેરા વાતાવરણના પડને ભેદી પૃથ્વી પરનાં દશ્યોના સ્પષ્ટ અને ઉઠાવદાર ફોટોગ્રાફો લઇ શકાય છે. બીજા મહાયુદ્ધ વખતે આ પ્રકારની ફોટોકલા દ્વારા ધરાતલ ઉપર પ્રવર્તતી સ્થિતિ જાણી લઈ યુદ્ધવિષયક અગત્યની માહિતીઓ મેળવી શકાઇ હતી.

આનાથી પણ વધારે મહત્ત્વનો ઉપયોગ ફૂડીબંધ યુદ્ધવિષયક કારખાનાંઓના રક્ષણ પરત્વે યોજાયો હતો. ઈન્ફ્રારેડનાં અદૃશ્ય કિરણો ગુપ્ત સ્થળે ગોઠવેલા અરીસાઓ ઉપર ફેંકી એવી આયોજના કરવામાં આવી હતી કે તેનાં કિરણોના બે અદૃશ્ય રશ્મિસમૂહ વિશાળ કારખાનાની આસપાસ વર્તુલાકારે ફરી વળે. એમાંનું એકાદ પણ કિરણ જો હુમલાખોરના આગમનથી વિખેરાય કે તરતજ ભયની ઘંટડી ઝણઝણી ઊઠે અને રક્ષકો સજ્જ થઇ જાય.

વૈદકશાસ્ત્રમાં પણ ઈન્ફ્રારેડ કિરણોનો ઉપયોગ દરદોનાં નિદાન કરવાથી માંડી ચામડીનાં દરદો, ગુમડાં-ઘારાં, સંધીવાના દુખાવા ને સોજા, પક્ષાઘાતની નબળાઈ વગેરેના નિવારણ અર્થે કરવામાં આવે છે.

—ડા. શિવપ્રસાદ ત્રિવેદી

અલ્ટ્રાવાયોલેટ કિરણો

ઉપરના લેખમાં આપણે સૂર્યપ્રકાશના વર્ણપટ (સ્પેક્ટ્રમ)ના લાલ રંગ પછીનાં અદૃશ્ય 'ઈન્ફ્રારેડ કિરણો' વિષે જાણી ગયા. એવાં જ બીજાં અદૃશ્ય કિરણોનો સમૂહ સૂર્યપ્રકાશના જાંબુડિયા રંગની તરત જ પછી આવેલાં હોય છે. તેને 'અલ્ટ્રા-વાયોલેટ કિરણો' નામ આપવામાં આવ્યું છે આ કિરણોની તરંગ-લંબાઈ (વેઈવ લેંગ્થ) એકસરખી નથી હોતી, પણ લાંબીટૂંકી હોય છે અને પદાર્થમાં પ્રવેશવાની તેમની શક્તિ ઘણી થોડી હોય છે. પણ સૂર્યપ્રકાશનાં આ કિરણોને

લીધે આપણી ચામડી દઝાય છે. ને જો આપણા દેહ ઉપર આ કિરણ-સમૂહ એકત્ર કરી નાખવામાં આવે તો તીવ્ર દહન પણ થાય છે.

આ અલ્ટ્રાવાયોલેટ કિરણોની અસર આપણા દેહ ઉપર સ્વાસ્થ્ય-રક્ષક અને વર્ધક છે. આપણા શરીરની ચામડી ઉપર આ કિરણોની અસર થવાથી શરીર પોતે જ શરીરના અમુક પદાર્થોમાંથી વિટામિન ડી ઉપજાવી લે છે. અને શારીરિક સ્વાસ્થ્ય માટે વિટામિન 'ડી'ની જરૂરિયાત ઓછી નથી. તે આંતરડાંમાંથી કૅલ્શ્યમને પકડી શરીરના ઉપયોગમાં લે છે, કૅલ્શ્યમ અને ફૉસ્ફરસનું પાચન કરાવે છે અને હાડકાં તથા દાંતમાં કૅલ્શ્યમને જાથુકું સંગ્રહી રાખે છે.

જે શરીરમાં વિટામિન 'ડી'ની ન્યૂનતા કે અભાવ હોય છે તેનાં હાડકાં શિથિલ અને વિકૃત હોય છે. આવાં નબળાં હાડકાંવાળાં બાળકોમાં રિકેટસ્ (અસ્થિશોષ) નામનું જે દરદ થઇ આવે છે તેના નિવારણ માટે અલ્ટ્રા-વાયોલેટ કિરણોનો શેક આપવાનો ઉપચાર પ્રચલિત છે. આવા શેકથી કૅલ્શ્યમનું ગઠન થાય છે અને ભસ્મીકરણ (મેટાબૉલિઝમ)ની વિકૃત થએલી ક્રિયા સુધરે છે. આ ઉપરાંત ક્ષય, ગડગુમડ, ચાંદાં-ધારાં, ચામડીનાં દર્દો, પાંડુરોગ, ગર્ભિણીના અસ્થિરોગ વગેરે દરદો ઉપર અલ્ટ્રા-વાયોલેટ કિરણોનો શેક ગુણકારક નીવડે છે. —ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

આમળાં

આયુર્વેદમાં આમળાંનું સ્થાન બહુ જ ઊંચું છે. આયુર્વેદાચાર્યોએ આમળાંની ગણત્રી એક દવા તરીકે જ માત્ર નહિ પણ આપણને અત્યંત ઉપયોગી અને છતાં સુલભ એવા ફળ તરીકે કરી છે. આપણા જમાનાના પાશ્ચાત્ય પ્રયોગથી પણ એની ઉપયોગિતા પુરવાર થઈ છે.

આમળાંનું શાસ્ત્રીય નામ લૅટિનમાં ફિલૅન્થસ ઍમ્બ્લિકા અને સંસ્કૃતમાં આમલકી છે. જાન્યુઆરીથી એપ્રિલ એની ઋતુ ગણાય છે. ગુજરાતમાં પાલણપુર અને પંચમહાલમાં તથા કાઠિયાવાડમાં ગિરનારમાં તે થાય છે. એ આમળા રસદાર અને કદમાં મોટાં હોય છે.

આમળાંના વૃક્ષનાં બધાં જ અંગઉપાંગ ઉપયોગી છે, પણ અહીં આપણે વનસ્પતિશાસ્ત્રની દૃષ્ટિએ નહિ પરંતુ માત્ર ઔષધ અને આહારશાસ્ત્રોની દૃષ્ટિએ એકલાં આમળાંનો જ વિચાર કરીશું.

આમળાંનો પ્રમુખ રસ તો અમ્લ (ખાટો) રસ છે, પણ તેની સાથે મધુર અને તૂરો રસ પણ છે. આમળાં શીતવીર્ય છે એટલે શરીરમાં જઇને તે શીતળતા સ્થાપે છે. આમળાં ત્રણે દોષ (વાત, પિત્ત અને કફ) ઉપર અસર કરે છે, અને શરીરમાંનો એમાંથી સપ્ત ધાતુઓ રક્ત, માંસ, મજ્જા, અસ્થિ, શુક્ર, મેદ અને રસ રક્ત ઉપર મુખ્ય અસર કરે છે. રક્તધાતુની શુદ્ધિ થઇ એટલે એનાથી પોષાએલી બધી ધાતુની શુદ્ધિ થાય છે, અને આથી આમળાં રસાયન કહેલાં છે.

આમળાં પિત્તસ્રાવક અને અનુલોપક (એટલેકે મળવિસર્જનની ક્રિયાને વેગ આપે તેવાં--સારક--લૅક્સેટિવ) હોવા ઉપરાંત મૂત્રલ પણ છે, એટલે શરીરના મળ તથા મૂત્ર છોડવામાં તે ઘણી અસર કરે છે.

આમળાં ચૂર્ણ, મુરબ્બો, અથાણું, ચ્યવનપ્રાશાવલેહ (ચાટણ), ધાત્રીરસાયન, ત્રિફળા (હરડાં, બેડાં અને આમળાં) ચૂર્ણ, કવાથ વગેરેના રૂપમાં બહુ વપરાય છે. ત્રિફળાનું પાણી આંખ ઉપર છાંટવા માટે બહુ જાણીતું છે. મોંમાં ચાંદાં પડ્યાં હોય ત્યારે આમળાંના પાણીના કોગળા કરવાથી આરામ થાય છે. ત્રિફળાનો કવાથ જૂના મરડામાં બહુ ઉપયોગી છે. એના લાંબા વખતના સેવનથી શરીરનાં ઘટકોની વિશુદ્ધ થઈ શરીર નીરોગી થાય છે. મલાવરોધ, રક્તપિત્ત, નેત્રરોગ વગેરેમાં આમળાંનો ઉપયોગ અનુભવી વૈદો તેમજ પરદેશી ડૉકટરો પણ કરે છે. અરૂચિમાં જીરૂં, સાંધવ, હીંગ તથા મધ સાથે આમળાંનો ઉપયોગ બહુ ફાયદો કરે છે. આ ઉપરાંત આમળાંનો એક વિશિષ્ટ ઉપયોગ આયુર્વેદાચાર્યોએ બતાવ્યો છે તે અજમાવવા જેવો છે ને અત્યારના વૈદકનો પણ તેને ટેકો છે શરીરમાંથી મ્યૂકસ-શ્લેષ્મ (કફ, આમ, જળસ) કયાંયથી પણ બહુ જતું હોય તો એ માંસ-ધાતુનો વિકાર છે અને આમળાં રક્તશુદ્ધિ દ્વારા માંસધાતુની શુદ્ધિ કરી શરીરના બધા ઘટકો સાફ કરીને શ્લેષ્મ થતું અટકાવે છે. તેથી સળેખમ, જળસ પડવું, શ્વેતપ્રદર વગેરેમાં તે બહુ જ ઉપયોગી છે.

આમળાંમાં વિટામીન 'સી'નું પ્રમાણ બધાં ફળો કરતાં વધારે છે. તાજાં આમળાંના રસમાં નારંગીના રસ કરતાં વીસગણો વિટામીન 'સી' છે. આ વિટામીન ગરમ કરવાથી અથવા સૂકવવાથી બીજાં ફળોમાંથી નાશ પામે છે, પણ આમળાં અપવાદરૂપ છે. એથી આમળાંને સૂકવીને એનો સંગ્રહ કરી શકાય. એમાં સૌથી સારો રસ્તો એ છે કે એને છુંદીને તરત જ જેમ બને તેમ જલ્દી તડકામાં સૂકવી નાખવાં ને એ પછી એનું ચૂર્ણ બનાવી નાખવું આવા ચૂર્ણમાં દરેક ગ્રામમાં ૧૦થી ૧૬ મિલિગ્રામ વિટામીન 'સી' હોય છે. એ સૂકવણીને ઠંડી અને ભેજ વગરની જગ્યામાં રાખવી.

વિટામીન 'સી' ગરમીથી તેમજ સોડા, પાપડખાર વગેરે ક્ષારે થી નાશ પામે છે. દરેક માણસને દરરોજ ૪૦ મિલિગ્રામ વિટામીન 'સી' જોઈએ. માંદગીમાં વિટામીન 'સી' નો શરીરમાં ઘણો વ્યય થાય છે, તેથી માંદગીમાં એનું પ્રમાણ વધારવું જોઇએ.

છેલ્લા આધુનિક પ્રયોગોથી સાબિત થયું છે કે વિટામીન 'સી' ૧૦૦થી ૪૦૦ મિલિગ્રામ દરરોજ આપવાથી ઘણા દર્દીઓની શરદી, ગળાંનો શોફ વગેરે થોડા જ દિવસમાં મટી જાય છે.

આમળાંમાં ગૅલિક ઍસિડ, ટૅનિક એસિડ, ખાંડ, વગેરે તત્ત્વો છે. આમળાં શીત, અનુલોમક મૂત્રલ અને ગ્રાહી છે.—સુરેશ મૂ. બક્ષી (ગ્રાન્ટમેડિકલ કૉલેજના ગુજરાતી સાહિત્યમંડળના વાર્ષિક અંકમાંથી)

ચામાચીડિયાંની સાચી આંખો

સામાન્યરીતે ચામાચીડિયું આંધળું ગનાય છે. અને તેમ છતાં તેના વડવાઓની આ પૃથ્વી પર ઉત્પત્તિ થઈ ત્યારથી—આજ છ કરોડ વરસ થયાં એ રાત્રિના અંધકારમાં નિર્બંધ ઉડ્ડયન કરતું આવ્યું છે. અંધકારમાં માર્ગ કરવાની તેની આ અદ્ભુત શક્તિ તેની આંખમાં નહિ પણ તેના કાનમાં રહેલી છે!

'કુમાર'ના નવેમ્બર અંકમાં જે 'રડાર' યંત્રનો પરિચય આવી ગયો તેના જ જેવી શક્તિ કુદરતે ચામાચીડિયાંને આપી છે. રડારયંત્રમાંથી જેમ રેડિયોનાં મોકલાતાં સૂક્ષ્મ મોજાં નિમેષમાત્રમાં પાછાં વળી, માર્ગમાં આવતાં દૃશ્ય કે અદૃશ્ય અવરોધની બાતમી આપે છે તે જ રચના કુદરતે ચામાચીડિયામાં મૂકી છે. ઊડતી વખતે ચામાચીડિયું અતિ તીવ્ર ચીસો પાડતું જાય છે; પણ તે તીવ્રતાની સૂક્ષ્મતા એટલી બધી હોય છે કે કોઇ પ્રાણી કે માણસના કાન તે સાંભળી પણ ન શકે. પરંતુ આ ચીસોનાં કંપનો પોતાના માર્ગ વચ્ચે આવતી કોઇ વસ્તુ સાથે અથડાય તો તરત તેનો ચેતવણી રૂપ પ્રતિધ્વનિ પાછો વળે છે અને તે ઝીલવાની સૂક્ષ્માતિસૂક્ષ્મ શક્તિ ચામાચીડિયાંના કાનમાં રહેલી છે. રસ્તામાં આવતી વસ્તુ કોઇ ટેકરી કે વૃક્ષ જેવડી મોટી હોય કે ધાતુના તાર જેવી અત્યંત બારીક હોય, છતાં પણ તેમાંથી પાછો વળતો પ્રતિધ્વનિ ચામાચીડિયાના કાન ઝીલી લે છે અને તે તરત એ માર્ગ છોડી સલામત માર્ગે વળી જાય છે. આ ક્રિયા એટલી વેગીલી, એટલી સતત અને એટલી સ્વાભાવિકરીતે ચાલ્યા કરતી હોય છે કે જાણે ધોળે દહાડે પોતાની આંખ વડે જ દેખીને કોઇ પ્રાણી માર્ગ કરતું હોય તેટલી જ નિશ્ચિત સ્વાભાવિકતાથી

ચામાચીડિયું શીહારાત્રિના ઘોર અંધકારમાં મુક્તપણે ફરે છે.

'રડાર'ની શોધ પહેલાં કુદરતમાં લાખો વર્ષોથી હયાતી ભોગવતી આ પદ્ધતિ હાર્વર્ડ યુનિવર્સિટીએ શોધી કાઢી છે. તેમણે પ્રયોગપૂર્વક સિદ્ધ કર્યું છે કે ચામાચીડિયાં ઊડવામાં આડે આવનારાં આવરણોને દૂર કરવા ફક્ત આંખો ઉપર આધાર રાખતાં નથી આંખે પાટા બાંધેલા હોય તોપણ ચામાચીડિયાં એટલી જ સહેલાઈથી કોઈ સાથે અથડાયા વગર ઉડી શકે છે; પરંતુ જો એમના કાન બંધ કરી દેવામાં આવે યા સીવી લેવામાં આવે તો તેઓ ભારે ભયંકર રીતે અથડાઇ પડે છે.

ચામાચીડિયું જ્યારે ઊડવાને તૈયાર થાય છે ત્યારે એક સેકંડની દસ ચીસોથી શરૂઆત કરે છે. પછી જ્યારે એ હવામાં ઊડતું હોય છે ત્યારે એક સેકંડમાં ત્રીસ ચીસો પાડતું જાય છે, અને જો સાવધાન રહેવાનો પ્રતિઘોષ સંભળાય છે તો આ ચીસોની સંખ્યા ૫૦ સુધી વધી જાય છે. આ પ્રતિઘોષની ચેતવણી તે સાફ અને વધુ મોટેથી સાંભળી શકે છે. એ ઉપરથી અથડાનારી વસ્તુ ક્યાં છે, કેટલે દૂર છે અને ક્યાંથી પોતાને વળી જવાનું છે તેનું એને કુદરતી જ્ઞાન થાય છે. એ પ્રતિઘોષ બંધ પડે ત્યાં સુધી એ પોતાની દિશા બદલાવતું જ રહે છે. જ્યારે એનું ઉડ્ડયન નિષ્કંટક બને છે ત્યારે ચીસોનો વેગ પાછો ત્રીસ ઉપર આવી અટકે છે. ('ગુજરાત મિત્ર)

કાચનું સાંધણ

રેડિયો વાલ્વ વગેરેમાં કાચ સાથે ધાતુઓનું સાંધણ કરવાનું આવે છે એ કામ ઘણું મુશ્કેલ છે; કારણકે ઘણીખરી ધાતુઓના પ્રસરણાંક સાથે કાચનો પ્રસરણાંક મળતો આવતો નથી. પરન્તુ ટંગસ્ટન અને મૉલિબ્ડેનમ નામની ધાતુઓનો પ્રસરણાંક લગભગ સખત કાચના જેટલો છે. કાચ અને એ ધાતુઓના છેડા ગરમ કરીને જોડવાથી ઠંડા થયા બાદ તે સાંધો તૂટતો કે છૂટી જતો નથી. આ જ રીતે લોહ, નિકલ અને કોબાલ્ટ એ ત્રણ ધાતુઓના મિશ્રણથી થતી 'કોવાર' નામની મિશ્ર ધાતુના પ્રસરણાંકો પણ કાચના પ્રસરણાંક સાથે મળતા આવતા માલૂમ પડ્યા છે. આથી રેડિયો વાલ્વ અને એવી બીજી બનાવટોમાં કોવારનો ખૂબ ઉપયોગ થાય છે.

બંગાળના કવિમેળા

બંગાળાના 'વીરભૂમ'(વીરોની ભૂમિ)પરગણા સાથે ત્રણ મહાન કવિઓનાં નામ સંકળાએલાં છેઃ જયદેવ, ચંડીદાસ ને રવીન્દ્રનાથ.

સંસ્કૃત ભાષાના કવિ જયદેવનો જન્મ 'કેંદુલી' ખાતે થએલો મનાય છે ત્યાં સૈકાઓ થયાં તેના નામથી દર જાન્યુઆરીમાં એક મેળો ભરવામાં આવે છે, જેની ગણતરી બંગાળના સૌથી મોટા ને પ્રાચીન મેળામાં થાય છે. આ વર્ષે યુદ્ધને અંગે માણસોની સંખ્યા કંઈક ઓછી થઇ હતી, તેમ છતાં બાઉલો તથા વૈષ્ણવોની મોટી સંખ્યામાં હાજરી હતી. તેમણે જ રોપેલા એક પ્રાચીન વટવૃક્ષ નીચે તેઓ દિવસે ભોજન તથા આરામ લે છે અને રાત્રે ગાય છે.

કવિવર રવીન્દ્રનાથે પણ શાંતિનિકેતન ખાતે એવા મેળાની યોજના કરી હતી. દર વર્ષે ડિસેમ્બરમાં ત્યાં મેળો ભરાય છે. દેશની પરિસ્થિતિને અંગે વર્ષો સુધી બંધ રહ્યા પછી ચાલુ વર્ષે તે મેળામાં ભરાતા અતિથિઓની સંખ્યા 'રેકર્ડ' સમાન હતી. કેંદુલીના મેળા કરતાં આ મેળો નાના પ્રમાણનો હોવા છતાં ત્યાં આવેલી પ્રસિદ્ધ વ્યક્તિઓને અંગે તે ખૂબ પ્રખ્યાત થયો છે. આ પ્રાંતમાં બીજા અસંખ્ય મેળાઓ ભરાતા હોવા છતાં ચંડીદાસના નામથી કોઈ મેળો ભરાતો નથી તે શોચનીય છે. (પુસ્તકાલય)

આ માસ (જાન્યુઆરી) ઈતિહાસમાં

તા. ૧ અમેરિકામાંથી હમેશને માટે ગુલામી નાબૂદ કરતું અબ્રાહમ લિંકનનું વિખ્યાત જાહેરનામું બહાર પડ્યું, ૧૮૬૩.

તા. ૩ પોર્ટુગીઝ ગવર્નર અલ્બુકર્કે કાલીકટ પર હલ્લો કરી ઝામોરીનનો મહેલ સળગાવ્યો. હિંદમાં પહેલો પરદેશી પગદંડોઃ ઈ.૧૫૧૦.

તા. ૬ હિંદી ભાષાનું ગૌરવ હૈયે ધરી તેનું સાહિત્ય સ્થાપનાર આદિ પુરુષ ભારતેન્દુ બાબુ હરિશ્ચન્દ્રનું અવસાન, ૧૮૮૫.

તા. ૮ પ્રાયોગિક વિજ્ઞાનના પિતા ગૅલીલીઓનું અવસાન, ૧૬૪૨.

તા. ૧૩ તૈમૂર લંગે દિલ્હી જીત્યું અને લૂટ્યું, ૧૩૯૯.

તા. ૧૫ જાનમાલની અસીમ ખુવારી કરનારો બિહારનો કરાળ ધરતીકંપ થયો, ૧૯૩૫.

તા. ૧૮ લૉર્ડ અર્વિનના હાથે નવું દિલ્હી ખુલ્લું મુકાયું, ૧૯૨૭.

તા. ૨૨ મહારાણી વિક્ટોરિયાનું ૮૨ વર્ષની વયે અવસાન, ૧૯૦૧.

તા. ૨૬ હિંદની કેળવણીમાં રાષ્ટ્રીય અસ્મિતાના જનક ને કલકત્તા યુનિવર્સિટીના પ્રથમ વાઈસ ચાન્સેલર જસ્ટીસ સર ગુરુદાસ બૅનરજીનો જન્મ, ૧૮૪૪.

તા. ૩૦ ઇંગ્લંડના રાજા પહેલા ચાર્લ્સનો વધ થયો, ૧૬૪૯.



આ માસની વ્યક્તિવિશેષ

ભિક્ષુ અખંડાનંદજી

છેક ગરીબ વર્ગ સુધી સાદી ભાષામાં ઉપયોગી સાહિત્ય પહોંચાડવાના શુભ સંકલ્પથી 'સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય' નામની આપણી વિશિષ્ટ સંસ્થા સ્થાપીને ગુજરાતમાં જ્ઞાનની પરબો માંડનાર આ કલ્યાણકામી સંન્યાસીનું પૂર્વાશ્રમનું નામ લલ્લુભાઈ. ખેડા જિલ્લાના બોરસદ ગામના લુહાણા વેપારી જગજીવન ઠક્કર અને હરિબા નામે દંપતીને ત્યાં સંવત ૧૯૩૦માં એમનો જન્મ થએલો. આઠ વરસની વયે એમનું લગ્ન થએલું ને બાવીસ વરસ એમણે એ સંસાર ચલાવ્યો. પરન્તુ મૂળથી જ વિરક્તિની વૃત્તિવાળા લલ્લુભાઈએ ત્રીસ વરસની વયે, સંવત ૧૯૬૦ના મહા વદિ ૧૩ના રોજ, અમદાવાદમાં સાબરમતીને કિનારે સંન્યસ્ત દીક્ષા લીધી.

વિદ્યાર્થી અવસ્થામાં તેઓ માત્ર ચાર ધોરણ ગુજરાતી સુધી જ ભણેલા, પણ દીક્ષા પછી એમણે વેદાંતશાસ્ત્રનો અભ્યાસ કર્યો. દીક્ષા પછીનો એ કાળ કપરા મનોમંથનનો હતો ને છેવટે એમણે હિમાલયનું શરણ લીધું. ત્યાં એમને સ્વામી રામતીર્થનો સમાગમ થયો અને એમના અંતેવાસી બનીને ઘણો કાળ એમની સાથે જ રહ્યા.

પણ એમના જીવનધ્યેયની દીક્ષા તો મળી હિમાલયથી પાછા આવ્યા ત્યારે મુંબાઈમાં. એક ભજનસંગ્રહ ખરીદતાં આપવી પડેલી મોંઘી કિંમતે એમની આંખ ઉઘાડી, ને ત્યાં ને ત્યાં ગરીબોને પહોંચી શકે એવું સસ્તુ સંસ્કારી સાહિત્ય પૂરું પાડવાનો દૃઢ સંકલ્પ કર્યો. મુંબઈમાં એક ઓટલા પર બેસી લેખનકાર્ય શરૂ કર્યું. લેખનકાર્યથી માંડીને પુસ્તકો છપાવી, બંધાવી તેનાં પાર્સલો સ્ટેશને પહોંચતાં કરવા સુધીનું બધું કામ એ જાતે જ કરતા. અંતે સં. ૧૯૬૪ના વૈશાખ સુદિ ત્રીજને દિવસે મુંબાઇમાં આજની સંસ્થાનું એમણે ઉદ્ઘાટન કર્યું. ત્યારથી માંડીને ઈ ૧૯૪૨ના જાન્યુઆરીની બીજી તારીખે તેઓ કૈલાસવાસી થયા ત્યાં સુધી એમણે જાતે કલમ અને ઝોળી ઉપાડી ગુજરાતને ઘેરઘેર જ્ઞાનનું લહાણું કર્યું છે

અનુષ્ટુપ

તપીને હલકું થાતાં ચડે આકાશમાં જળ
તપીને હલકો થાતાં ચડે જીવનમાં નર

—રમણલાલ સોની

> આ. પોતાની પાસે અરધો ભરેલો પ્યાલો આવેલો જોઈ, આશાવાદી કહેશે કે મારો પ્યાલો અરધો 'ભરેલો' છે; નિરાશાવાદી કહેશે કે મારો ગ્લાસ અરધો 'ખાલી' છે.

કડકડતી ઠંડીમાં ફરવા નીકળેલા બાબુ ભારતેન્દુ હરિશ્ચન્દ્રે કોઇ ગરીબને થરથરતો ટૂંટિયું વાળીને સૂતેલો જોતાં તેમનું દિલ એટલું દ્રવી ઊઠ્યું કે પોતાના અંગ પરની કીમતી બનારસી શાલ તેને ઓઢાડી દીધી. સાથેના નોકરે કહ્યું 'શાલ આપ ઓઢી રાખો; હું ઘેરથી એને માટે ગરમ કામળી લઈ આવું.' તેમણે જવાબ આપ્યો, 'કામળી તો આવે ત્યારે, પણ તેનું દુઃખ તો હું હમણાં જોઉં છું.'

કહેવતો કેમ પડી: 'બનિયા એસા ભોલા, કે લવંગ મેં પૈસા તોલા.' દેખીતી રીતે સામાને લાભકારી જણાતા આચરણ પાછળ ખરી રીતે તો કોઇ ગણત્રી કે સ્વાર્થ જ છુપાએલો હોય છે એ દર્શાવતી આ કહેવત માટે એવી વાત છે કે લવીંગ લેવા આવેલા એક મિયાંના છોકરાને વાણિયાએ સાથે પૈસો પણ તોળી આપ્યો તે જોઇ છોકરાએ માને હરખાતાં એ લાભની વાત કરી; પણ ચતુર બીબી સમજી ગઈ કે લવીંગ કિંમતમાં મોંઘાં હોવાથી એક પૈસાના વજનમાં તે જેટલાં તરે તેની કિંમત એક પૈસા કરતાં વધારે થાય; તેથી વાણિયાએ તો દેખીતો છોકરાને રાજી કરવા છતાં પરિણામમાં તો છેતર્યાં જ. એને મળતી બીજી કહેવતો: 'એ એવો ભોળો, કે મૂકી જાય ગાગર ને લઇ જાય ગોળો;' 'બોર આપીને કલ્લી કાઢી જાય; લેંશ છોડીને ખીલાનું દાન કરે;' 'સોય આપીને કોશ લઈ જાય;' 'લંગોટી દઇને પાઘડી લઇ લે.' વગેરે.

અનેકાર્થી શબ્દ: **ઘૂઘરી**=ધાતુના પતરાની પોલી ખણખણતી ગોળી; ઘૂઘરીઓવાળું સ્ત્રીઓના હાથનું એક ઘરેણું; એક રમકડું, નાનો ઘૂઘરો; બાફેલી જાર બાજરી વગેરે.

બાટલીનો બૂચ સખત ચોંટી ગયો હોય તો બે ભાગ સ્પિરિટ, એક ભાગ ગ્લિસરીન અને એક ભાગ મીઠું મેળવી બૂચના ધારેધારે ચોપડી દેવું થોડા કલાક બાદ ઢીલું પડી જશે.

'કાનજી તારી પાસેથી મેં સાઈકલ લીધી, ત્યારે તેં મને વાત પણ ન કરી કે એની બંને ટ્યૂબો ફાટેલી છે?'

'માફ કરો સાહેબ; જેણે મને તે વેચેલી તેણે પણ એ વાત મને કરેલી નહિ; એટલે મને લાગ્યું કે વખતે એ વાત ખાનગી હશે!'




ગયા વર્ષમાં વર્ણવેલા પ્રતાપી ગુપ્ત વંશનો ધીમેધીમે લય થતો ચાલ્યો, અને જે હૂણ આક્રમકોને પરાક્રમી ચન્દ્રગુપ્તે સજ્જડ હાર આપી ખાળી રાખ્યા હતા તેમની ઘેરી છાયા દેશ પર ફરી વળી. તેમની લૂંટના પંજાથી દૂર રહેલા મધ્ય બંગાળના ગૌડ દેશનો રાજા શશાંક જ આ કાળમાં નવા સિક્કા કાઢી શક્યો જણાય છે. હર્ષવર્ધનના મોટા ભાઇનો ઘાતક ને બૌદ્ધ-ધર્મીઓ પર જુલમ વરસાવનાર આ રાજાનો, નંદી-આરૂઢ શિવની છાપવાળો સિક્કો ઉપર આપ્યો છે, જેમાં એક તરફ નંદી પર આરૂઢ શિવ છે, ડાબી તરફ પૂર્ણ ચન્દ્ર છે, જમણી તરફ 'શ્રી શ'ને નીચે 'જય' એવું લખેલું છે. બીજી બાજુ કમલારૂઢ લક્ષ્મીની બંને બાજુ તેના પર જલાભિષેક કરતા હાથીઓની છાપ છે ને જમણી તરફ 'શ્રી શશાંક' લખેલું છે.

બોલીવીઆનું પોટોસી શહેર દુનિયામાં સૌથી ઊંચું ગણાય છે; દરિયાની સપાટીથી ૧૪,૩૫૦ ફીટ ઊંચે.

પાશેરેક વજનનું શકરિયું લઈ તેને ભરથાળમાં ધાલી બરોબર શેકાવા દેવું અને સૂતી વેળા જરા ગરમ ગરમ હોય તે વખતે જ છોડા સાથે ખાઇ જવું. ઉપર પાણી ન પીવું. તેનાથી ઝાડો સાફ આવીને દમ તથા ઉધરસ મટે છે. —(જી. હી. પટેલ)

લગભગ $\frac{૧}{૨}$ ઇંચ જાડાઇના ઍલ્યુમિનિયમના પતરાનો એક એવો ટકાઉ ને મજબુત ચીતરવાનો કૅનવાસ શોધાયો છે જેને ફાટવાની, તરાડવાની, ચીરાવાની, કે કરચલી પડવાની કોઇ સંભાવના જ નથી. એનાં ઉપર કરેલાં ઑઇલ પેઇન્ટિંગ કાયમી ટકી શકશે.

લાખના ડાઘ મેથીલેટેડ સ્પિરિટથી સાફ થશે.




બોક્સ કૅમેરાના લેન્સ ઊંડાણમાં આવતા હોઈ તે સાફ કરતાં તકલિફ પડે છે. સાફ રૂનો ફાયો લેન્સ પર મૂકી દીવાસળીના ટોપકા કે એવી ચીજ વડે રૂને ચોમેર ફેરવી સાફ કરી શકાશે. પણ રૂની પૂમ પાછળથી ક્યાંય ચોંટી ન રહે તેની સાવચેતી રાખવી.

ગણિત ગમ્મત


$$૧^૩ = ૧^૨ = ૧^૨$$
$$૧^૩+૨ = (૧+૨)^૨ = ૩^૨$$
$$૧^૩+૨^૩+૩^૩ = (૧+૨+૩)^૨ = ૬^૨$$
$$૧^૩+૨^૩+૩^૩+૪^૩ = (૧+૨+૩+૪)^૨ = ૧૦^૨$$
$$૧^૩૨^૩+૩^૩+૪^૩+૫^૩ = (૧+૨+૩+૪+૫)^૨ = ૧૫^૨$$
$$૧^૩+૨^૩+૩^૩+૪^૩+૫^૩+૬^૩ = (૧+૨+૩+૪+૫+૬)^૨ = ૨૧^૨$$
$$૧^૩+૨^૩+૩^૩+૪^૩+૫^૩+૬^૩+૭^૩ = (૧+૨+૩+૪+૫+૬+૭)^૨ = ૨૮^૨$$
$$૧^૩+૨^૩+૩^૩+૪^૩+૫^૩+૬^૩+૭^૩+૮^૩ = (૧+૨+૩+૪+૫+૬+૭+૮)^૨ = ૩૬^૨$$
$$૧^૩+૨^૩+૩^૩+૪^૩+૫^૩+૬^૩+૭^૩+૮^૩+૯^૩ = (૧+૨+૩+૪+૫+૬+૭+૮+૯)^૨ = ૪૫^૨$$

અને એ પ્રમાણે આગળ ગમે ત્યાં સુધી . . . . —(મ. ના. ખત્રી)






ડાબી બાજુથી: (૧) કવિવર નાનાલાલ ઈ. ૧૮૯૫માં: મુંબાઇ એલ્ફિન્સ્ટન કૉલેજમાં અભ્યાસ કરતા હતા ત્યારે; (૨) ઈ. ૧૮૯૯માં: બી. એ. થયા અને પ્રથમ કાવ્ય 'વસંતોત્સવ' 'જ્ઞાનસુધા'માં પ્રકટ થયું ત્યારે; (૩) ઈ. ૧૯૦૨માં: ૨૫ વર્ષની વયે સાદરા કૉલેજમાં હેડમાસ્તર નીમાયા ત્યારે.


(૪) ઈ. ૧૯૦૪માં: રાજકોટની રાજકુમાર કાલેજમાં પ્રોફેસર નીમાયા ત્યારે; (૫) ઈ. ૧૯૧૬માં: રાજકોટ રાજ્યના ન્યાયાધીશ થયા અને કવિતાના મધ્યાહ્ન તપતો હતો ત્યારે; (૬) ઇ. ૧૯૧૬ની આખરમાં ફરી રાજકુમાર કૉલેજમાં વાઇસ પ્રિન્સિપાલ તરીકે ગયા ત્યારે.





(૭) ઈ. ૧૯૨૧માં: એજન્સીના એજ્યુકેશન ઑફિસર થયા ત્યારે; વિલાયત જવાની તૈયારી વેળા; (૮) ઈ. ૧૯૨૯માં: ગુજરાતભરમાં એમનો સુવર્ણજન્મોત્સવ ઉજવાયો ત્યારે; (૯) ઈ. ૧૯૩૯માં: પાછલી અવસ્થાની ચાલુ માંદગીઓમાંથી ફરી સ્વસ્થ થયા ત્યારે.

કવિવર નાનાલાલ : જીવન-સોપાનનું ચિત્રદર્શન